| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૫/૦૫/૨૦૧૯ |
| રજી. લીધા તારીખ | ૧૫/૦૫/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૨૭/૦૨/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ.<br>૦૩ ૦૯ ૧૨ |

## દેવભુમિ ધ્વારકા જીલ્લાના ધ્વારકાના મે. સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મું. ધ્વારકા.

**સેશન્સ કેસ નં. ૧૦૧/૨૦૨૦.**
**(જુનો સેશન્સ કેસ નં.૨૨/૨૦૧૯)**
**આંક–**

શ્રી સરકાર ............ફરિયાદી.

**(મીઠાપુર પો.સ્ટે. ફ. ગુ. ર. નં.૦૪/૨૦૧૯)**

<u>વિરુધ્ધ</u>

(૧) **ભરત ઉર્ફે કાલો કારૂભા જડીયા,**
ઉ.વ.૨૧, ધંધો:મજુરી,
રે.આંખની હોસ્પીટલ પાછળ, ગાયત્રી નગર, આરંભડા સીમ

(૨) **રવુભા અરજણભા માણેક,**
ઉ.વ.૨૧, ધંધો:લોડીંગનો,
રે.ગણેશપરા હનુમાન ચોક પાસે, આરંભડા સીમ

(૩) **ભરતભા પોલાભા સુમણીયા,**
ઉ.વ.૨૪, ધંધો:મજુરી,
રે.આંખની હોસ્પીટલ પાછળ, ગાયત્રી નગર, આરંભડા સીમ

(૪) **સુનીલ કારૂભા જડીયા,**
ઉ.વ.૨૦, ધંધો:મજુરી,
રે.ગાયત્રી નગર, આરંભડા સીમ

(૫) **લખન ગગજીભા જામ,**
ઉ.વ.૨૪, ધંધો:મજુરી,
રે.રામદેવપીરના મંદીરની પાસે, ગણેશપરા,

**સેશન્સ કેસ નં.૧૦૧/૨૦૨૦**
**(જુના સેશન્સ કેસ નં.૨૨/૨૦૧૯)**

તા.ધ્વારકા, જિ.દેવભૂમિ ધ્વારકા ..........આરોપીઓ.

**ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી. પી. એકટ કલમ– ૧૩૫(૧) મુજબ.**

| | |
|---|---|
| શ્રી સરકાર તરફે | વિ. એ. પી. પી. શ્રી ડી. આર. ત્રિવેદી |
| આરોપી નં.૧ થી ૪ તરફે | વિ. ધારાશાસ્ત્રીશ્રી એ.આઈ.બ્લોચ |
| આરોપી નં.૫ તરફે | વિ. ધારાશાસ્ત્રીશ્રી જે.એમ.માણેક |

## –: ઠ રા વ :–

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ મીઠાપુર પોલીસ સ્ટે. ફર્સ્ટ ગુ. ર. નં. ૦૪/૨૦૧૯, તે ઈન્ડીયન પીનલ કોડની કલમ : ૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી. પી. એકટ કલમ– ૧૩૫(૧) મુજબનાં સજાને પાત્ર ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

(૨) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ગગાભા નુંઘાભા માણેક, જાતે:હિ.વા., ઉ.વ.૨૩, ધંધો: ટ્રક ડ્રાઈવીંગ, રે.દેવપરા ગામ તા.ધ્વારકા, જિ.દેવભૂમિ ધ્વારકા વાળાએ તા.૧૭/૦૨/૨૦૧૯ ના રોજ એ મતલબની ફરીયાદ હકીકત જાહેર કરેલ છે કે, રૂબરૂમાં આવી જાહેર કરી મારી ફરીયાદ હકીકત લખાવું છું કે, હું ઉપર બતાવેલ જગ્યાએ મારા પરિવાર સાથે રહુ છુ અને ટ્રક ડ્રાઈવીંગ કરુ છે મારા સાથે ટ્રકમાં કલીનર તરીકે રાજેશભા મુરૂભા ઉર્ફે બબાભા સુમણીયા છે.

આજથી આશરે એક અઠવાડીયા પહેલા મીઠાપુર ટાટા કંપનીના કાકરી ગેઈટ સામે મારા ગામના શની માણસીભા માણેક કેબીને ચા પીતા હોય ત્યા ભરત પોલા તથા ભરત ઉર્ફે કાલો જડીયા પણ ચા પીતા હોય અને આ દરમ્યાન આ બંને જણાએ

શની માણસીભા માણેક સાથે માથાકુટ કરેલ હતી આ પછી આ બંને ત્રણેક વાર આવી બેફામ ગાળો બોલી જતા રહેતા આ પછી ગઈ રાત્રીના આશરે એકાદ વાગ્યે હુ તથા મારા કલીનર રાજેશભા મુરૂભા સુમણીયા બંને કાકરી ગેઈટ સામે અમારો ટ્રક રાખી ચા-પાણી પીતા હતા ત્યારે આ ભરત પોલા તથા ભરત ઉર્ફે કાલો ત્યાં આવેલ અને કયાં છે સની તેમ કહી ગાળો બોલતા હતા અને આ બંને દેવપરા ગામના બધાને જેમફાવે તેમ ગાળો બોલતા હોય જેથી મે આ બંને જણાને કહેલ કે તમારે વાંધો શરી સાથે છે એમા અમારા આખા ગામને શુ કામ ગાળો કાઢો છો તેમ કહેતા ભરત ઉર્ફે કાલાએ મને ધકકો મારેલ અને મારો કાઠલો પકડેલ જેથી રાજેશભા મુરૂભા સુમણીયા વચ્ચે પડેલ અને અમારી વચ્ચે ઝપાઝપી થયેલ તેવામાં ભરત પોલાના હાથમાં ચા ની રકાબી હોય તેનો ઘા મને કપાળના ભાગે મારેલ જેથી મને લોહી નીકળવા લાગેલ દરમ્યાન માણસો ભેગા જઈ જતા આ બંને ત્યાંથી જતા રહેલ. આ પછી હુ તથા રાજેશભા ટાટા હોસ્પીટલ ગયેલ અને પ્રાથમિક સારવાર કરાવેલ અને મે મારા મોટા બાપુના દિકરા સુરેન્દ્ર લુણાભા માણેકને ફોન કરેલ અને અમારી પાસે ગાડી ન હોય જેથી અમને તેડી જવા કહેલ અને બનેલ બનાવની વાત કરેલ. આ પછી સુરેન્દ્ર મોટર સાયકલ લઈને આવતા અને ત્રણેય હોસ્પીટલથી નીકળેલ. આ વખતે હુ મોટર સાયકલ ચલાવતો હતો રાજેશભા વચ્ચેના ભાગે બેસેલ અને સુરેન્દ્ર પાછળ બેઠો હતો અને અમે પેલા રાજેશભાને તેના ઘરે મુકવા જતા હતા દરમ્યાન રાત્રીના પોણા બેક વાગ્યે આરંભડા આંખની હોસ્પીટલથી થોડે આગળ આશાપુરામાં ની ડેરી પાસે પહોંચતા ત્યાં અચાનક ભરત પોલા જેના હાથમાં લાકડાનો ધોકો હતો તથા ભરત ઉર્ફે કાલો જડીયા જેના હાથમાં તલવાર હતી તથા રવુભા માણેક જેના હાથમાં છરી હતી તથા લખન જામ તથા સુનીલભા કારૂભા જડીયા આ પાંચેક ઉભા હતા અને ભરત ઉર્ફે કાલો મોટર સાયકલ આડે ઉભો રહી ગયેલ અને મારો કાસલો પકડી ગાળો કાઢવા લાગેલ તેવામાં રવુભા માણેકએ તેની પાસેની છરીનો એક ઘા સુરેન્દ્રને વાંસાના ભાગે મારેલ અને સુરેન્દ્ર નીચે પડી ગયેલ અને ભરત ઉર્ફે કાલો તથા રવુભા માણેક એ

રાજેશભા ને કાસલો પકડી નીચે ઉતારી છરી તથા તલવાર થી રાજેશભા ને શરીરે આડેધડ ઘા કરવા લાગેલ અને લખન જામ તથા સુનીલભા કારૂભા જડીયાએ મને પકડી રાખી ઢીકાપાટુથી માર મારવા લાગેલ અને ભરત પોલા લાકડાના ધોકાથી મને તથા સુરેન્દ્રને માર મારેલ અને અમે રાડારાડ અને બુમાબુમ કરતા આ બધા ત્યાંથી ભાગી ગયેલ પરંતુ ભરતભા પોલાભા પાછળ રહી ગયેલ અને તે લાકડાના ધોકાથી મને મારતો હોય જેથી મે તે ધોકો તેની પાસેથી આંચકી એક ઘા તેના માથામાં તથા એક ઘા ડાબા હાથમાં કરતા તેને પણ લોહી નીકળવા લાગેલ હતા અને તે પણ ત્યાંથી ભાગી ગયેલ. આ પછી રાજેશભાને છરી તથા તલવારના વધારે ઘા લાગેલ હોય અને તે કાંઈ બોલતા ન હોય જેથી હું તથા સુરેન્દ્ર આ રાજેશભા ને મોટર સાયકલમાં વચ્ચે બેસાડી મીઠાપુર ટાટા હોસ્પીટલ લઈ ગયેલ. ત્યાં ફરજ પરના ડોકટર સાહેબે રાજેશભાને તપાસી મરણ ગયેલનું જણાવેલ આ પછી અમે મારા તથા સુરેન્દ્ર તથા રાજેશભાના ઘરે ફોન કરી જાણ કરેલ અને મારા શેઠ કનુભા સામતભાને પણ ફોન કરી જાણ કરેલ અને મને તથા સુરેન્દ્રને વધુ સારવાર માટે જામનગર જવાનું કહેતા મારા મામાનો દિકરો રામભા બાલુભા સુમણીયા મને એક એમ્બ્યુલન્સમાં તથા મામા નો દિકરો રાજાભા દેવીસંગભા સુમણીયા સુરેન્દ્રને ફોરવ્હીલ કારમાં આ બંને અમને બંનેને જામનગર જી.જી.હોસ્પીટલમાં લાવી સારવારમાં દાખલ કરેલ. હાલ અમારી બંનેની સારવાર ચાલુ છે આ બનાવમાં મને શરીરે મુંઢ ઈજાઓ થયેલ છે તથા સુરેન્દ્રને વાસાના ભાગે ત્રણેક ટાકાં આવેલ છે. હાલ હુ સંપુર્ણ ભાનમાં છુ.

આ બનાવનું કારણ એ છે કે આ ભરતભા પોલાભા તથા ભરત ઉર્ફે કાલો જડીયાની અમારા ગામના શની માણસીમા માણેક સાથે બોલાચાલી થયેલ હોય જે બાબતે આ ભરત પોલા તથા ભરત ઉર્ફે કાલો આખા દેવપરામ ગામને ભુંડી ગાળો કાઢતા હોય જેથી તેને સમજાવતા મારી તથા રાજેશભા સાથે બોલાચાલી કરી ઝઘડો કરી ઉપરોકત પાંચેય જણાઓએ તલવાર, છરી, ધોકા વડે તથા ઢીકા પાટુથી માર

મારી ગાળો કાઢી રાજેશભાને તલવાર તથા છરી વડે શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી તથા સુરેન્દ્રને વાંસાના ભાગે જીવલેણ ઈજા કરી તથા મને મુંઢ ઈજાઓ પહોંચાડી એકબીજાને મદદગારી કરેલ હોય. તેઓ સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે.

એટલી મારી ફરીયાદ હકીકત છે. જે વાંચી નીચે મારી સહી કરી આપુ છુ.

ફરીયાદીએ ઉપરોકત વિગત વાળી ધોરણસરની ફરીયાદ સી.બી.જાડેજા, ઈ/ચા. પોલીસ ઈન્સ્પેકટર, મીઠાપુર પો. સ્ટે., જી. દેવભુમિ ધ્વારકા (કેમ્પ જી.જી.હોસ્પીટલ જામનગર) ના રુબરુ નોંધાવવામાં આવતાં નોંધી લઈ મીઠાપુર પો. સ્ટે. ફર્સ્ટ ગુ. ર. નં. ૦૪/૨૦૧૯ થી ઈ. પી. કો. ક. ૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી. પી. એકટ કલમ- ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ.

(૩) સદર કામની ફરીયાદ દાખલ થતાં પી. એસ. ઓ. એ ગુન્હો દાખલ કરી તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા આ ગુન્હા સંદર્ભેની તપાસ કરવામાં આવેલી અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સબબ તહોમત/ચાર્જશીટ જયુડી. મેજી. ફ. ક., ઓખામંડળ કોર્ટમાં રજુ કરતાં તેને ફો. કે. નં. ૫૪૨/૨૦૧૯ થી નોંધવામાં આવેલ છે.

(૪) સદર કામે ઓખાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીને ઈન્ડીયન પીનલ કોડની કલમ - ૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી. પી. એકટ કલમ- ૧૩૫(૧) ના આક્ષેપયુકત ગુનાની કાર્યવાહી કરવાની સત્તા ન હોઈ તેમજ આક્ષેપિત ગુનો સેશન્સ ટ્રાયબલ અને સત્ર અદાલતનાં આગવા ક્ષેત્રાધિકારનો હોઈ, તેઓશ્રીએ તારીખ : ૦૧-૦૫-૨૦૧૯ ના કમીટલ હુકમથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૦૯ મુજબ હાલનો કેસ એડી. સેશન્સ કોર્ટ, ખંભાળીયામાં કમીટ

કરતાં, તેને સેશન્સ કેસ નંબર : ૨૨/૨૦૧૯ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને ત્યાર બાદ સદર સેશન્સ કેસ અલગ અલગ સેશન્સ કોર્ટ, ખંભાળીયા મુકામે ટ્રાન્સફર કરવામાં આવેલ અને ત્યાર બાદ દ્વારકા ખાતે સેશન્સ અદાલત કાર્યરત થતાં અને સદર ગુન્હો દ્વારકાની સેશન્સ અદાલતની હકુમતનો હોય, સેશન્સ અદાલત, ખંભાળીયા દ્વારા અત્રેની દ્વારકા એડી. સેશન્સ કોર્ટમાં, ટ્રાન્સફર કરવામાં આવતાં તેને સેશન્સ કસ નં.૧૦૧/૨૦૨૦ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

(૫) આરોપી હાજર થતાં આરોપી સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮(૧)(બ) અન્વયે ઉપરોકત ગુનાનું તહોમતનામું ખંભાળીયાની અધિક સેશન્સ અદાલત દ્વારા આંક–૧૫ થી ફરમાવવામાં આવેલ છે અને સદર તહોમતનામું આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮(૨) અન્વયે વાંચી, સંભળાવતા તેઓએ આંક–૧૬ થી ૨૦ સુધીના તેમના નીવેદનોમાં ગુનાનો ઈન્કાર કરી તેમની સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

(૬) ફરીયાદપક્ષ તરફથી આરોપી સામેનાં આક્ષેપો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયા છે:–

**મૌખિક પુરાવા:–**

| સાહેદ નંબર | સાહેદનું નામ | સ્ટેટસ | આંક |
|---|---|---|---|
| ૧. | કનુભા સામતભા માણેક | પંચ સાહેદ | ૨૨ |
| ૨. | નાથાભા ગુમાનભા માણેક | પંચ સાહેદ | ૨૪ |
| ૩. | જગદીશભાઈ કરશનભાઈ સાગઠીયા | પંચ સાહેદ | ૩૩ |
| ૪. | એભાભાઈ દુદાભાઈ ચાનપા | પંચ સાહેદ | ૪૦ |
| ૫. | હરીભા ખીરાભા સુમણીયા | પંચ સાહેદ | ૪૧ |

| | | | |
|---|---|---|---|
| ૬. | અશોકભાઈ સવજીભાઈ બારાઈ | પંચ સાહેદ | ૪૫ |
| ૭. | દેવાભાઈ જીવાભાઈ હાથીયા | પંચ સાહેદ | ૪૭ |
| ૮. | દાઉદભાઈ ઈબ્રાહીમભાઈ ભુસર | પંચ સાહેદ | ૫૧ |
| ૯. | જુબેરભાઈ જુનસભાઈ સુરાણી | પંચ સાહેદ | ૫૩ |
| ૧૦. | અબ્દુલભાઈ ઉમરભાઈ ઓંધીયા | પંચ સાહેદ | ૫૫ |
| ૧૧. | મહમદસીદીક ઈબ્રાહીમ સમા | ડોકટર | ૬૧ |
| ૧૨. | ગગાભા નુંઘાભા માણેક | ફરીયાદી | ૭૮ |
| ૧૩. | સુરેન્દ્ર લુણાભા માણેક | સાહેદ | ૮૫ |
| ૧૪. | ગજુભા ભારાભા માણેક | સાહેદ | ૯૮ |
| ૧૫. | સનીભા માણસીભા ભાણેક | સાહેદ | ૧૦૧ |
| ૧૬. | પાયલ બાબુભાઈ કટારા | સાહેદ | ૧૦૪ |
| ૧૭. | અશ્વિન ખીમજીભાઈ ગોહેલ | સાહેદ | ૧૦૭ |
| ૧૮. | ડો.દિપેન મુળજીભાઈ ડાભી | ડોકટર | ૧૧૪ |
| ૧૯. | હેમતભાઈ મુળજીભાઈ જોશી | પી.એસ.ઓ. | ૧૨૦ |
| ૨૦. | ચંદ્રકલાબા ભરતસિંહ જાડેજા | ત.ક.અ. | ૧૨૯ |

**દસ્તાવેજી પુરાવા:–**

| **અ.નં.** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ઈન્કવેસ્ટ પંચનામું | ૨૩ |
| ૨ | સ્થાનીક જગ્યાનું પંચનામું | ૨૫ |
| ૩ | પંચ સ્લીપ | ૨૬ થી ૩૦ |

| | | |
|---|---|---|
| ૪ | આરોપીઓનુ અટક પંચનામું | ૩૪ |
| ૫ | પંચ સ્લીપ | ૩૫ થી ૩૯ |
| ૬ | પંચ સ્લીપ | ૪૨ |
| ૭ | ડીસ્કવરી પંચનામું | ૪૩ |
| ૮ | આરોપીના બ્લડ સેમ્પલ કલેકટક કર્યાનું પંચનામું | ૪૬ |
| ૯ | ફરીયાદી તથા સાહેદના બ્લડ સેમ્પલ કલેકટક કર્યાનું પંચનામું | ૪૮ |
| ૧૦ | પંચ સ્લીપ | ૪૯, ૫૦ |
| ૧૧ | મરણ જનારના કપડા તથા બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું | ૫૪ |
| ૧૨ | જગાભા નુ ઈજા અંગેનું સર્ટીફીકેટ | ૬૨ |
| ૧૩ | જગાભા ના સારવાર ના કાગળો | ૬૩ |
| ૧૪ | સુરેન્દ્રભાઈ નુ ઈન્જરી સર્ટીફીકેટ | ૬૪ |
| ૧૫ | સુરેન્દ્રભાઈ ના સારવારના કાગળો | ૬૫ |
| ૧૬ | ઈજા પામનારના સારવાર સર્ટીફીકેટ મેળવવા કરેલ પોલીસની યાદી | ૬૬, ૬૭ |
| ૧૭ | ફરીયાદ | ૭૯ |
| ૧૮ | જુબાની આપવા માટેનો પત્ર | ૧૦૫ |
| ૧૯ | હથિયાર બંધીનુ જાહેરનામું | ૧૦૬ |
| ૨૦ | સ્થાનીક જગ્યાનો નકશો બનાવી આપવાની યાદી | ૧૦૮ |
| ૨૧ | સ્થાનીક જગ્યાનો નકશો બનાવી આપવાની યાદી | ૧૦૯ |
| ૨૨ | સ્થાનીક જગ્યાનો નકશો | ૧૧૦ |
| ૨૩ | સ્થાનીક જગ્યાનો નકશાની યાદી | ૧૧૧ |

| | | |
|---|---|---|
| ૨૪ | પી.એમ. નોટ તથા શોર્ટ રિપોર્ટ | ૧૧૫ |
| ૨૫ | શબ પરીક્ષણ કરવા સારૂ મીઠાપુર પો.સ્ટે. ને કરેલ યાદી | ૧૧૬ |
| ૨૬ | પી.એમ. કરવા માટે આપેલ ઓથોરોટી લેટર | ૧૧૭ |
| ૨૭ | ગુનો દાખલ કરવાનો રિપોર્ટ | ૧૨૧ |
| ૨૮ | ફેકસ મેસેજ | ૧૨૨ |
| ૨૯ | ભારે ગુનાનો રિપોર્ટ | ૧૨૩ |
| ૩૦ | સ્થળ પરીક્ષણ કરવા કરેલ રિપોર્ટ | ૧૨૪ |
| ૩૧ | સ્ટેશન ડાયરીની ખરી નકલ | ૧૨૫ |
| ૩૨ | ઈન્કવેસ્ટ ભરવા પધારવા સારૂ કરેલ યાદી | ૧૩૦ |
| ૩૩ | લાશનુ પેનલ ડોકટર ધ્વારા પી.એમ. કરવા કરેલ યાદી | ૧૩૧ |
| ૩૪ | મરણ જનારની પી.એમ. નોટ મેળવવા કરેલ યાદી | ૧૩૨ |
| ૩૫ | આરોપીઓના બ્લડ સેમ્પલ લેવા કરેલ યાદી | ૧૩૩ |
| ૩૬ | ફરીયાદીના બ્લડ સેમ્પલ લેવા કરેલ યાદી | ૧૩૪ |
| ૩૭. | આરોપીઓના સારવારના કાગળો આપવા કરેલ યાદી | ૧૩૫ |
| ૩૮. | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવી આપવા સર્કલ ઓફીસરને કરેલ યાદી | ૧૩૬ |
| ૩૯. | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવી આપવા સર્કલ ઓફીસરને કરેલ સ્મૃતિ પત્ર–૧ તથા ૨ | ૧૩૭, ૧૩૮ |
| ૪૦. | મુદ્દામાલ પૃથ્થકરણ કરવા એફ.એસ.એલ. રાજકોટ ને કરેલ રવાનગી નોંધ | ૧૩૯ |

| | | |
|---|---|---|
| ૪૧. | મુદ્દામાલ એફ.એસ.એલ. રાજકોટ ને મળ્યા અંગેની પહોંચ | ૧૪૦ |
| ૪૨. | મુદ્દામાલ નુ પરીક્ષણ અહેવાલ તથા પત્ર | ૧૪૧, ૧૪૨ |
| ૪૩. | ચાર્જશીટ કરવા મદદનીશ પો.અધિ.શ્રીને લખેલ પત્ર | ૧૪૩ |
| ૪૪. | ચાર્જશીટ કરવા મદદનીશ પો.અધિ.શ્રી એ આપેલ મંજુરી | ૧૪૪ |

(૭) ફરીયાદપક્ષના પુરાવાના અંતે વિ. પી. પી. શ્રી તરફથી આંક : ૧૫૦ થી પુરશીશ રજુ કરીને ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા અંગે કલોઝીંગ પુરસીસથી જાહેર કરવામાં આવ્યા બાદ આરોપીનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ : ૩૧૩ મુજબના વિશેષ નિવેદન નોંધવામાં આવતાં તેઓનો મૂખ્યત્વે બચાવ, ગુનાના ઈન્કારનો છે. વધુમાં તેઓએ પોતાના વિશેષ નિવેદનમાં એવું જણાવેલું છે કે, તેઓ નિર્દોષ હોઈએ તેઓની ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે તેઓને ખોટી રીતે હાલના ગુનાના કામે સંડોવી દીધેલ હોય તેઓને નિર્દોષ છોડી આપવા અરજ કરેલ છે તેવું જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સી.આર.પી.સી. કલમ–૩૧૧ મુજબ સાહેદ રાજાભાઈ વાલાભાઈ શાખરા ને તપાસવા માટે અરજી આપેલ અને તે અરજીના આધારે રાજાભાઈ વાલાભાઈ શાખરા ને આંક–૧૪૯ થી તપાસવામાં આવેલ.

(૮) ફરીયાદ પક્ષ તરફે વિ. પી. પી. શ્રી ડી. આર. ત્રિવેદીની અને બચાવપક્ષ તરફે વિદ્વવાન વકીલશ્રી પી. જે. ઠાકરની દલીલો સાંભળવામાં આવેલી છે.

**શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી ડી. આર. ત્રિવેદી**એ રજુઆત કરતાં જણાવે છે કે, આ કામના આરોપી વિરુધ્ધ આંક–૧૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. ફરીયાદની હકીકત મુજબ આ કામના આરોપી નં.૧ તથા ૩ ને ફરીયાદીના ગામનાં સાહેદ નં.૧૭ શનીભા માણસીભા માણેક સાથે બોલાચાલી થયેલ હોય, જેને કારણે આ બન્ને આરોપીઓ અવાર નવાર જયારે ફરીયાદીને જોવે ત્યારે ફરીયાદીના આખા

ગામને જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢતા હોય જેથી ફરીયાદી તથા મરણ જનાર રાજેશભા મુરૂભા સુમણીયા નાઓ સાથે પોતાનો ટ્રક ટાટા કેમીકલ્સમાં કાકરી ગેઈટ પાસે પાર્ક કરી ચા પીવા ગયેલ ત્યારે આ બંને આરોપી નં.૧ તથા ૩ ના ત્યાં હાજર હોય અને ફરીયાદી તથા મરણ જનારને જોતા દેવપરા ગામવાળાઓને ફરીથી ભુંડી ગાળો દેવા લાગતા ફરીયાદીએ આરોપીઓને સમજાવતા કે પોતાને શનીભા સાથે વાંધો હોય, તો આખા ગામને ગાળો આપોમાં આમ ફરીયાદીએ આરોપીઓને કહેતા આરોપી નં.૧ તથા ૩ નાને સારૂ નહી લાગતા આરોપી નં.૩ નાએ ચાની રકાબી (ડીશ) ફરીયાદીને મારેલ અને ત્યાં માણસો ભેગા થતાં આ આરોપી નં.૧ તથા ૩ નાઓ બંને જતા રહેલ અને બાદ ફરીયાદી તેમજ મરણ જનાર ટાટા હોસ્પીટલમાં સારવારમાં ગયેલ અને ત્યાંથી સારવાર કરાવી સુરેન્દ્ર લુણાભા સાથે તેની મોટર સાયકલ પર મરણ જનાર રાજેશભાને ઘરે મુકવા જતા હોય, ત્યાં રસ્તામાં આ કામના તમામ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી આરોપી નં.૧ પાસે તલવાર તથા નં.૨ પાસે છરી તથા નં.૩ પાસે લાકડાના ધોકા સાથે રસ્તામાં ફરીયાદી તથા સાહેદોને રોકી આરોપી નં.૧ એ તલવાર વતી તથા આરોપી નં.૨ નાએ છરી વતી રાજેશભા મુરુભાના શરીરે જીવલેણ ઘા (ઈજા)ઓ કરી મોત નીપજાવી તથા આરોપી નં.૨ નાએ સુરેન્દ્ર લુણાભા ને વાસાના ભાગે છરી વતી જીવલેણ ઈજા કરી મોત નીપજાવવાની કોશીશ કરી તથા આરોપી નં.૩ તથા ૪, ૫ નાઓએ ફરીયાદી તથા સાહેદ લુણભાને આડેધડ ઢીકાપાટુનો માર મારી ગુનામા એકબીજાને મદદગારી કરી સ્વેચ્છાપૂર્વક મહાવ્યથાની ઈજાઓ કરી મોત નીપજાવી ખુન કરી સાપરાધ મનુષ્યવધ ખુન કહી શકાય તેવું ગુનાહિત કૃત્ય કરી ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે. ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક–૨૨ થી પંચ સાહેદ ઘનુભા સામતભા માણેકને તપાસેલ છે. સદર પંચ સાહેદનો પુરાવો જોતા આંક–૨૩ થી રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામાની હકીકત પુરવાર થાય છે. ત્યારબાદ આંક–૨૪ થી પંચ સાહેદ નાથાભા ગુમાનભા માણેકને તપાસેલ છે. સદર પંચ સાહેદની હાજરીમાં સ્થાનીક જગ્યાનું પંચનામું કરેલ છે જે

પંચનામું આંક–૨૫ થી રજુ થયેલ છે. સદર પંચનામાની હકીકત સદર સાહેદની જુબાની આધારે પુરવાર થાય છે. વધુમાં સદર પંચ સાહેદની હાજરીમાં સ્થાનીક જગ્યાએથી તલવાર તથા લાકડાનો ધોકો અને તેનો કટકો કબજે લીધેલ છે. જે હકીકત સદર પંચ સાહેદની જુબાની આધારે પુરવાર થાય છે.સદર પંચ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસમાં પંચનામાની હકીકત અંગે શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. ત્યારબાદ આંક–૩૩ તથા આંક–૪૦ થી આરોપીઓના કપડા કબજે કર્યા અંગેના પંચ જગદીશભાઈ કરશનભાઈ તથા એભાભાઈ દુદાભાઈ ને તપાસેલ છે. સદર બન્ને પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થનરૂપ પુરાવો આપતા નથી પરંતુ આંક–૩૪ થી રજુ થયેલ પંચનામુ ત.ક.અ. ની જુબાનીમાં પુરવાર થયેલ છે. ત્યારબાદ આંક–૪૧ થી પંચ હરીભા હીરાભા સુમણીયાને તપાસેલ છે. સદર પંચ સાહેદની હાજરીમાં આરોપી રવુભા અરજણભા માણેકનાઓએ તેમના મકાનની અંદરથી પલંગમાં ઓશીકા નીચેથી છરી કાઢી રજુ કરેલ હોવાનુ અને તે છરી પંચનામાની વિગતે કબજે લીધેલ હોવાની હકીકત પુરવાર થાય છે. આમ, આંક–૪૩ થી રજુ થયેલ ડીસ્કવરી પંચનામું સદર પંચ સાહેદની જુબાની આધારે પુરવાર થાય છે. ત્યારબાદ આંક–૪૫ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ અશોકભાઈ તથા આંક–૪૭ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ દેવાભાઈ આંક–૫૧ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ દાઉદભાઈ તથા આંક–૫૩ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ઝુબેરભાઈ તેમજ આંક–૫૫ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ અબ્દુલભાઈ ફરીયાદપક્ષને સમર્થનરૂપ પુરાવા આપતા નથી પરંતુ સદર પંચ સાહેદોની જુબાનીમાં રજુ થયેલ પંચનામુ ત.ક.અ. ની જુબાનીમાં પુરવાર કરે છે. ત્યારબાદ આંક–૬૧ થી ડો.મહમદસીદીક ઈબ્રાહીમ શમાને તપાસેલ છે કે જેઓ બનાવ સમયે જી.જી.હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓએ સાહેદ જગાભા નુંઘાભા માણેક તથા સાહેદ સુરેન્દ્રભા લુણાભા માણેકની એમ.એલ.સી. કાર્યવાહી કરી વધુ સારવાર અર્થે ટ્રોમા વોર્ડમાં રીફર કરેલ અને તેઓની

જુબાનીમાં સદર સાહેદોને આપેલ સારવાર અંગેનું સર્ટીફીકેટ રજુ થયેલ છે. વધુમાં ડોકટરશ્રીના અભિપ્રાય મુજબ સાહેદ સુરેન્દ્રભાઈને જે ઈજા પહોંચેલ તે સામાન્ય પ્રકારની કહી શકાય નહિ. તેમજ સાહેદ જગાભા નુંધાભા ને પહોંચેલ ઈજા સામાન્ય હોવાનુ જણાવે છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસમાં ઈજા પામનારાની ઈજા અંગેનુ આપેલ સારવાર સર્ટીફીકેટ બાબત શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. ત્યારબાદ આંક–૭૮ થી ફરીયાદી ગગાભા નુંધાભા માણેકને તપાસેલ છે. ફરીયાદીનો પુરાવો જોતા પ્રથમ તેઓ તથા રાજેશભા મીઠાપુર ટાટા કંપનીના કાકરી ગેઈટ પાસે ચા પીતા હતા ત્યારે આ કામના આરોપી ભરત પોલા અને કારો આવેલા અને દેવપરા ગામને ગાળો બોલતા હોય આખા ગામને શુ કામ ગાળો કાઢો છો તેમ કહેતા કાલા એ ફરીયાદીને ધકકો મારેલ તે વખતે રાજેશભાઈ વચ્ચે પડતા ઝપાઝપી થયેલ તે વખતે ભરત પોલાના હાથમા રકાબી હતી તે ફરીયાદીના માથાના કપાળના ભાગે મારેલ અને તેઓ સારવાર માટે ટાટા હોસ્પીટલમાં ગયેલ અને ફરીયાદીને થયેલ ઈજા અંગે પાટો બંધાવેલ ત્યારબાદ ફરીયાદીએ તેના મોટાબાપુના દિકરા સુરેન્દ્રભા ને બોલાવી ગાડી લઈ ને તેડી જવા જણાવેલ  અને ત્રણેય મોટર સાયકલ ઉપર  બેસી હોસ્પીટલેથી નીકળેલ તે વખતે ફરીયાદી મોટર સાયકલ ચલાવતા હતા, રાજેશભા વચ્ચે બેઠા હતા અને સાહેદ સુરેન્દ્રભા પાછળ બેઠા હતા અને રાજેશને ઘરે મુકવા જતા હતા તે વખતે રાત્રીના દોઢેક વાગ્યાના સમયે આરંભડા આંખની હોસ્પીટલ આગળ માતાજીના મંદીર પાસે પહોંચતા પાંચેક જણા ઉભા હતા જેમા ભરત પોલાના હાથમા લાકડાનો ધોકો, કાલાના હાથમાં તલવાર,  રવુભાના હાથમાં છરી તથા લખન તથા સુનીલ એ રીતે પાંચ જણા ઉભા હતા અને કાલાએ હોન્ડા રોકી ફરીયાદીનો કાઠલો પકડી ગાળો કાઢ વા લાગેલ તેવા મા રવુભાએ તેમની છરીનો ઘા સુરેન્દ્રના વાસાના ભાગે કરેલ જેથી સુરેન્દ્ર નીચે પડી ગયેલ જેથી રાજેશભા ને કાલા અને રવુભા એ હોન્ડાથી નીચે ખેચી દીધેલ અને રાજેશભા ને છરી તથા તલવારથી ઘા મારવા લાગેલ કાલો અને રવુભા

છરી તથા તલવારથી ઘા મારતા હતા, સુનીલ અને લખને ફરીયાદીને પાડી દઈ ધોકાથી મારતા હતા, ભરત પોલાએ ફરીયાદી તથા સુરેન્દ્રને ધોકા થી માર મારેલ અને રાડારાડી કરી દેકારો કરતા લોકો ત્યાં ભેગા થઈ ગયેલ અને તે સમયે ભરત પોલા જે લાકડાના ધોકાથી ફરીયાદીને મારતો હતો તે ધોકો લઈ લેતા તે ધોકાથી ભરત પોલાને મારેલ અને ભરત પોલા ત્યાંથી ભાગી ગયેલ, રાજેશભા ત્યાં પડેલ હોય જેથી ફરીયાદી તથા સુરેન્દ્ર તેને મોટર સાયકલમાં વચ્ચે બેસાડી મીઠાપુર ટાટા હોસ્પીટલે લઈ ગયેલ જયાં ડો.શ્રીએ રાજેશભા ને તપાસી મરણ ગયેલાનુ જણાવેલ. ત્યારબાદ તેના ઘરે સુરેન્દ્ર અને રાજેશભા ના ઘરે ફોન કરી જાણ કરેલ અને તેના શેઠ કનુભા ને ફોન કરી જાણ કરેલ અને તેને તથા સુરેન્દ્રને વધુ સારવાર માટે જામનગર જવાનુ કહેતા તેમને જામનગર લઈ ગયેલ જયાં સારવાર કરાવેલ અને બનાવ બાબતની ફરીયાદ ફરીયાદીએ આપેલ જે ફરીયાદ આંક–૭૯ થી ફરીયાદીની જુબાનીમાં રજુ થયેલ છે. આમ ફરીયાદની હકીકત ફરીયાદીની જુબાની આધારે પુરવાર થાય છે. બચાવપક્ષ તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદની હકીકત બાબત શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત મળી આવતી નથી. ત્યારબાદ આંક–૮૫ થી સાહેદ સુરેન્દ્ર લુણાભા માણેકને તપાસેલ છે અને તેઓએ પણ તેઓની સોગંદપરની જુબાનીમાં બનાવ કઈ રીતે બનેલ તે તમામ હકીકતો વિસ્તારપૂર્વક જણાવેલ છે વધુમાં કયા આરોપીના હાથમાં શુ હથિયાર હતુ અને કોને કોને કઈ રીતે મારેલ હતુ તે તમામ હકીકત સોગંદઉપર જણાવે છે ટુકમાં આંક–૭૯ થી રજુ થયેલ ફરીયાદને સમર્થનરૂપ પુરાવો તેમની સોગંદઉપરની જુબાનીમાં જણાવે છે. સદરહુ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદની જુબાની અંગે શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. ફરીયાદી અને સદર સાહેદ બન્ને નજરે જોનાર સાહેદ છે અને સદર બન્ને સાહેદની જુબાની આધારે બનાવની સંપુર્ણ હકીકત રેકર્ડ પર આવેલ છે. બનાવ રાત્રીના સમયે બનેલ છે. બનાવ સમયે હાજર આ કામના આરોપીને સાહેદ ઓળખી

બતાવે છે. તેમજ બનાવ સમયે વાપરેલ હથિયારો પણ ઓળખી બતાવે છે. આમ, ફરીયાદપક્ષને સમર્થનરૂપ પુરાવો સદર બન્ને સાહેદોના આધારે મળેલ છે. ત્યારબાદ આંક–૯૮ થી તપાસવામાં આવેલ સાહેદ ગગુભા તથા આંક–૧૦૧ થી તપાસવામાં આવેલ સાહેદ શનીભા ફરીયાદપક્ષના કેસને સમર્થનરૂપ પુરાવો આપતા નથી પરંતુ સાહેદ શનીભા નો પુરાવો જોતા તેઓને મીઠાપુર કાકરી ગેઈટ પાસે ભરત પોલા સાથે બોલાચાલી થયેલ અને તે બોલાચાલી બાદ તેઓને સમાધાન થયેલાનુ જણાવે છે આમ સાહેદ શનીભાને ભરત પોલા સાથે તકરાર થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે. ત્યારબાદ આંક–૧૦૪ થી સાહેદ પાયલ બાબુભાઈ કટારા ને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓની જુબાનીમાં બનાવ સમયે હથિયારબંધીનુ જાહેરનામું અમલમાં હોય તે જાહેરનામું આંક–૧૦૬ થી રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૧૦૭ થી સ્થાનીક જગ્યાનો નકશો તૈયાર કરનાર સાહેદ અશ્વિન ખીમજીભાઈ ગોહીલને તપાસેલ છે. તેઓની જુબાનીમાં આંક–૧૧૧ થી સ્થાનીક જગ્યાનો નકશો રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૧૧૪ થી ડો.દિપેન મુળજીભાઈ ડાભીને તપાસેલ છે કે જેઓએ ગુજરનાર રાજેશભા મુળુભા સુમણીયાનુ શબ પરીક્ષણ કરી તેનો રિપોર્ટ આપેલ છે. સદર સાહેદનો પુરાવો જોતા મરણ જનારનુ મૃત્યુ ઘણા બધા ભોંકાયેલ ઘા ના કારણે થયેલ હોવાનુ જણાવે છે વધુમાં સાહેદને છરી તથા તલવાર બતાવતા તેનાથી કોલમ નં.૧૭ માં જણાવેલ ઈજાઓ સંભવી શકે છે તેમ જણાવેલ છે. સદર સાહેદની જુબાનીમાં આંક–૧૧૫ થી પી.એમ. રિપોર્ટ રજુ થયેલ છે. આમ ડોકટરશ્રીના અભિપ્રાય મુજબ મરણ જનારનુ મૃત્યુ અકુદરતી રીતે મૃત્યુ થયેલ હોવાનુ અને શરીરના ભાગે ભોંકાયેલા ઘા ના કારણે થયેલ હોવાનું પુરવાર થાય છે. ત્યારબાદ આંક–૧૨૦ થી પી.એસ.આઈ. શ્રી હેમંતભાઈ મુળજીભાઈને તપાસેલ છે જેઓએ ગુનો રજી.કરી આગળની તપાસ પી.આઈ.શ્રી ને સોંપેલ છે. ત્યારબાદ આંક–૧૨૯ થી ત.ક.અ. શ્રી ચંદ્રકલાબા ભરતસિંહ જાડેજા ને તપાસેલ છે. ત.ક.અ.શ્રીનો પુરાવો જોતા તેઓએ તપાસ દરમ્યાન જે જે કાર્યવાહી કરેલ છે. તે તમામ હકીકતો તેઓની સોગંદપરની

જુબાનીમાં આવેલ છે. વધુમાં સદર સાહેદની જુબાનીમાં તપાસ દરમ્યાન તેઓએ કબજે લીધેલ મુદ્દામાલ એફ.એસ.એલ. ને પૃથ્થકરણ અર્થે મોકલેલ તેનો બાયોલોજી તથા સીરોલોજી નો રિપોર્ટ આંક–૧૪૨ થી રજુ થયેલ છે. જે રિપોર્ટ વંચાણે લેવામાં આવે તો પણ બનાવમાં ઉપયોગમાં લીધેલ હથિયાર તથા બનાવ સમયે પહેરેલ કપડામા પણ લોહી ની હાજરી જણાય આવે છે. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા ફરીયાદપક્ષ તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ હોય અને આ કામના આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદી તથા સાહેદો પર મારક હથિયાર વડે હુમલો કરી જીવલેણ ઈજાઓ પહોંચાડી રાજેશભા નુ મૃત્યુ નીપજાવી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. જેથી આરોપીઓને સખતમાં સખત સજા કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૮.૬)**આરોપી નં.૧ થી ૪ તરફે વિ.વ.શ્રી એ.આઈ.બ્લોચ** એ આંક–૧૫૮ થી લેખીત દલીલો આપેલ છે. વધુમાં વિ.વ.શ્રી એ.આઈ.બ્લોચ તરફે રજુઆત કરતા જણાવે છે કે, આરોપીઓ વિરૂધ્ધ આંક– ૧૫ થી ત્હોમતનામુ ફરમાવવામાં આવેલ છે. ત્હોમતનામાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ થી ઈન્કવેસ્ટ પંચનામાના પંચ ને તપાસેલ છે. સદર સાહેદનો પુરાવો જોતા તેઓ પોતે ૬–વર્ષથી ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે અને ફરીયાદી ગગાભા તથા મરણ જનાર રાજેશભા સદર પંચ સાહેદને ત્યાં કામ કરતા હતા. આમ, સદર પંચ સાહેદ રસ ધરાવનાર સાહેદ હોય ઈન્કવેસ્ટ પંચનામું પુરવાર થયેલાનુ માની શકાય નહિ. ત્યારબાદ આંક–૨૪ થી પંચ સાહેદ નાથાભા ગુમાનભા ને તપાસેલ છે અને સદર પંચ સાહેદની જુબાનીમાં આંક–૨૫ થી સ્થાનીક જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. સદર પંચ સાહેદનો પુરાવો જોતા તલવાર અને લાકડાના ધોકા ઉપર કોઈ લોહીના ડાઘા જોયેલ ન હતા. સદર પંચ સાહેદના જણાવ્યા મુજબ જે જગ્યાએ પંચનામું કરવા ગયેલ ત્યા તલવાર અને ધોકો જાહેર ખુલ્લામાં પડેલ હતા

અને ત્યાં લોકોની અવર જવર ચાલુ હતી. આમ, સદર પંચ સાહેદનો પુરાવો જોતા તલવાર પર કોઈ લોહીના ડાઘા ન હોવાનું જણાવે છે અને બનાવવાળુ સ્થળ છેલ્લે ફરીયાદપક્ષ ધ્વારા છોડવામાં આવેલ હોય લાકડી અને ધોકો ત્યારબાદ પ્રોસીકયુશનના કેસ મુજબ પથ્થરોની આડચ કરી સેફ મુકવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થાય છે તેમજ તલવારનો બનાવમાં કયાય ઉપયોગ થયેલ હોવાનુ જણાય આવતુ નથી. ત્યારબાદ આંક–૩૩ તથા આંક–૪૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ જગદીશભાઈ કરશનભાઈ તથા પંચ સાહેદ હેભાભાઈ દુદાભાઈ ના પુરાવાથી આરોપીઓની ધરપકડ અને કપડા કબજે કર્યા અંગેનું આંક–૩૪ થી રજુ થયેલ પંચનામાની હકીકત પુરવાર થતી નથી. ત્યારબાદ આંક–૪૨ થી પંચ સાહેદ હરીભા ખીરાભા સુમણીયાને છરીની ડીસ્કવરી સંબંધે પંચનામાના પંચ તરીકે તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદનો પુરાવો જોતા સર તપાસમાં આરોપી રવુભા માણેકે છરી કાઢી આપેલાનું અને તેના પર લોહીના સુકાયેલા ડાઘ હોવાનું જણાવે છે. પરંતુ ઉલટ તપાસ વંચાણે લેતાં રવુભાના ઘરે પંચનામું કરેલાની હકીકત પોલીસે જણાવેલ છે. છરી જયાંથી કાઢી તે ઓશીકાના કવર પર લોહીના ડાઘ હતા કે કેમ તે બતાવેલ નહિ. છરી કાઢી ત્યારે તેઓ ઓશરીમા ઉભા હતા એટલે કે જે રૂમમાંથી છરી મળી તે રૂમમાં તેઓએ પ્રવેશ કરેલ નથી. આમ એવીડન્સ એકટની કલમ–૨૭ મુજબ ડીસ્કવરી પંચનામું પુરવાર થયેલ નથી. વધુમાં તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતા ડીસ્કવરી ને પ્રાથમીક પંચનામામા છરીનો ઉલ્લેખ કરેલ નથી. આ પુછપરછ દરમ્યાન હથિયાર કયા છુપાવેલ તે જણાવેલ.આમ જે હકીકત આરોપી જ જાણતા હોય અને બતાવવા માંગતા હોય તે હકીકત પ્રથમથી જ પંચ વીટનેશ તથા તપાસ કરનાર અધિકારીશ્રીના નોલેજમાં આવી ગયેલ હોય આંક–૩૪ ની હકીકતે ઉભા કરવામાં આવેલ પંચનામાની હકીકત જોતા તથા આંક–૪૯ ના ડીફેન્ડ વીટનેશ ધ્વારા આરોપીને ઘરેથી લઈ આવેલાની હકીકત અને તે જ ઘરમાં બે સભ્યોની હાજરી તેમજ જે જગ્યાએથી ડીસ્કવરી થયેલ તે રૂમ ખુલ્લો હોવાની હકીકત ધ્યાને લેતાં ફરીયાદપક્ષ

નિ:શંકપણે એવીડન્સ એકટની કલમ–૨૭ પ્રમાણે ડીસ્કવરી પંચનામું પુરવાર કરી શકતા નથી. ત્યારબાદ ફરીયાદી તથા સાહેદ તથા આરોપીનાં બ્લડ સેમ્પલ કબજે કર્યા સંબંધે તથા મરણ જનારનાં કપડા કબજે કર્યા સંબંધે તપાસવામાં આવેલ પંચો ફરીયાદપક્ષને સમર્થનરૂપ પુરાવો આપતા નથી. ત્યારબાદ આંક–૬૧ થી સારવાર કરનાર ડોકટર મહમદ સીદીક ઈબ્રાહીમ સમા ને તપાસેલ છે. સદર સાહેદનો પુરાવો જોતા હીસ્ટ્રી ફરીયાદીએ જાતે આપેલ છે. જે હીસ્ટ્રી મુજબ પાંચ થી છ વ્યકિતઓએ હુમલો કર્યાનુ અને તેમાં એક વ્યકિત ભુરાભાઈ પોલાભાઈ અને બીજી અજાણી વ્યકિતઓ હતી આ હકીકત જોતા ફરીયાદીએ આરોપીઓને પ્રથમથી જ ઓળખતા હોવા છતા આ હીસ્ટ્રીમાં આરોપીના નામ લખાવેલ નથી અને ત્યારબાદ ઈન્વેસ્ટીગેશન ઓફીસર રૂબરૂ આપેલ ફરીયાદમાં આરોપીના નામજોગ ફરીયાદ આપેલ છે. જે હકીકત જોતા આ કામના આરોપીઓને ફરીયાદી ધ્વારા ઉભા કરેલ બનાવના કારણે સંડોવવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. હીસ્ટ્રીમાં છરી, ધોકા, તલવાર અને પાણાની ઈજા લખાવેલ છે જયારે ફરીયાદીએ સરતપાસમાં માથામાં રકાબીથી ઈજા થતા ત્યારપછી લાકડાના ધોકાથી ઈજા થયેલાનું જણાવે છે. ત્યારબાદ આંક–૭૮ થી ફરીયાદી ગગાભા નુંઘાભા માણેકને તપાસેલ છે. ફરીયાદીના ના જણાવ્યા મુજબ શનીભા સાથે પ્રથમ રકઝક થયાનુ અને ત્યારબાદ રકાબી વાળા બનાવમાં ફરીયાદીને બોલવા કે માથાકુટ કરવાનું કોઈ કારણ ન હોવા છતા આરોપીઓ સાથે માથાકુટ કર્યાનું જણાવતા હોય અગ્રેસીવ પાર્ટી તરીકે સ્પષ્ટ રીતે ફરીયાદી રેકર્ડ પર ફલીત થાય છે. કાકરી ગેઈટ વાળા બનાવ જે રીતે રકાબી મારેલાનુ જણાવે છે તે સંબંધે પોતાની પાસે મોબાઈલ હોવા છતા ઈજા પામનાર સાહેદ સુરેન્દ્ર ને કે પોલીસને જાણ કરતા નથી અને સારવાર ડોકટરશ્રી પણ જાણ કરતા નથી તેમજ આ સંબંધમાં પ્રોસીકયુશન તરફથી કોઈ સારવારના પેપર્સ રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. વધુમાં બનાવ બાદ તપાસ કરનાર અમલદારશ્રી સી.બી.ઝાલા હોસ્પીટલે હાજર હોવા છતા અને સાહેદને પ્રાથમિક સારવાર આપી દીધા બાદ ફરીયાદ લઈ શકાય તેવી

સ્થિતી હોવા છતા તુરંતજ ફરીયાદ રેકર્ડ કરવામાં આવતી નથી અને જામનગર રેકર્ડ કરવામાં આવે છે. આમ, સમગ્ર બનાવ અંગે શંકા ઉપજાવે તેવુ સ્પષ્ટ થાય છે. આ કામના ફરીયાદી વિરૂધ્ધ ક્રોસ ફરીયાદ દાખલ થયેલ છે. ફરીયાદીની સરતપાસ જોવામાં આવે તો ભરત પોલા તેને લાકડાના ધોકાથી મારતો હતો તે ધોકો લઈ લીધો અને તે ધોકાથી ભરત પોલાને મારેલ. આમ, જે બનાવ બનેલ છે તે જોતા પ્રોસીકયુશનના કેસ મુજબ બન્ને પક્ષકારો વચ્ચે ફ્રી ફાઈટ બનાવ બનેલ છે અને કહેવાતા બનાવ સંબંધે ફરીયાદીને આરોપીઓ સાથે ઝઘડો કરવાનુ કોઈ કારણ ન હોય તેમજ આંક–૧૦૧ થી તપાસવામાં આવેલ સાહેદ શનીભા નો પુરાવો જોતા અગ્રેસીવ પાર્ટી તરીકે ઉછીનો ઝઘડો ફરીયાદીએ પોતે લીધાનુ અને જેના કારણે કહેવાતો બનાવ બનેલ હોવાનું ફરીયાદીના પુરાવા પરથી ફલીત થતુ હોય, વધુમાં શનીભા ની ઉલટ તપાસ દરમ્યાન તેઓને ભરત પોલા જોડે જયારે બોલાચાલી થયેલી ત્યારે ગગાભા અને સુરેન્દ્રભા હાજર ન હતા તેમજ ભરત પોલા જોડે સમાધાન પણ થઈ ગયેલુ. તે હકીકત જોવામાં આવે તો શનીભા ના બનાવને કારણે હાલનો બનાવ બનેલ હોવાની હકીકત પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ નથી અને તેથી જ કાકરી ગેટે માથાકુટ થઈ અને રકાબી માર્યાની હકીકત અને સારવાર લીધા ની હકીકત સંબંધેના દસ્તાવેજો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવેલ નથી. ત્યારે ફરીયાદી તથા સાહેદોને આરોપીઓ ધ્વારા રસ્તામાં રોકી માર મારી ઈજા કર્યાની તથા મરણ જનારને માર મારી મૃત્યુ નિપજાવેલ હોવાની હકીકત પ્રોસીકયુશન ધ્વારા ઉભી કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, પ્રોસીકયુશનના કેસ મુજબ જે બનાવ બન્યાનું ફરીયાદી જણાવે છે. તે કોઈપણ સંજોગોમાં માની શકાય તેમ નથી બનાવના સ્થળે ફરીયાદી મરણ જનાર રાજેશ તથા અને સામે પક્ષે પાંચ આરોપીઓ હોય અને ફરીયાદીના કહેવા મુજબ તેઓ પાસે હથિયાર હોય છતા પાંચેય આરોપીઓ બનાવ સ્થળેથી ભાગી જાય તે હકીકત માનવા લાયક નથી. પરંતુ ફરીયાદીએ આરોપી ભરત પોલા ને લાકડાના ધોકા વડે ઈજા કરી ફ્રેકચર કરેલ હોય જેઓનાથી બચવા માટે જામનગર મુકામે આફટર થ્રોટ

ખોટી ફરીયાદ ઉભી કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષ તરફે આંક–૮૫ થી ઈજા પામનાર સાહેદ સુરેન્દ્ર લુણાભા ને તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવો જોતા તેઓને આરોપીઓ સાથે કોઈપણ પ્રકારે વાંધો તકરાર ન હોવાનું તેમજ અગાઉના કહેવાતા બનાવ સંબંધે આ સાહેદની કોઈ હાજરી ન હોય કે સાહેદના નોલેજમાં કોઈ હકીકત ફરીયાદીએ મુકેલ ન હોય અને રકાબી વાળા બનાવ બાદ ફરીયાદીના કહેવા મુજબ બનાવવાળા રસ્તે થઈ અને મીઠાપુર હોસ્પીટલે ફરીયાદી અને મરણ જનારને મોટર સાયકલ લઈ આવવા જાય છે જે પ્રોસીકયુશનની સ્ટોરી દેખીતી રીતે ઉભી કરેલ હોવાનુ સ્પષ્ટ થાય છે. સદર સાહેદ અને ફરીયાદી સગા થાય છે. સદર સાહેદના જણાવ્યા મુજબ તલવારો અને છરી થી ઈજા થયેલ પરંતુ તલવાર પર કોઈ લોહીના ડાઘ મળી આવેલ નથી અને છરી મળી આવ્યા ની ઘટના પ્રોસીકયુશન ધ્વારા રેકર્ડ પર લાવેલ છે. તે કોઈ સંજોગોમાં માની શકાય તેમ નથી. આમ ઈજા પામનાર સાહેદનો પુરાવો વિશ્વાસપાત્ર ન હોય પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહિ. બનાવ સમયે સ્થળ પર લાઈટ ન હોવાનું સદર સાહેદ કબુલ રાખે છે. વધુમાં બનાવવાળી જગ્યાએથી કયા કયા હથિયારો કબજે કર્યા છરી, તલવાર, લાકડાના ધોકા કઈ રીતે મળી આવેલ તે તેમને ખબર નથી અને આરોપીઓ હથિયાર લઈ ને ભાગી ગયેલ કે કેમ ? તે પણ ખબર ન હોવાનું જણાવે છે. આ હકીકત જોતા ફરીયાદી તથા સદર સાહેદનો પુરાવામાં વિરોધાભાષ મળી આવે છે. વધુમાં જયારે બનાવ વખતે લાઈટ ન હોવાનું અને રાત્રીનો બનાવ હોવાનું રેકર્ડ પર આવેલ છે ત્યારે બનાવવાળા રસ્તે થી જ ફરીયાદી તથા સાહેદો નીકળવાના છે તે આરોપીને કઈ રીતે ખબર પડે તેમજ અંધારામાં મોટર સાયકલમાં નીકળનાર ત્રણ વ્યકિતઓ આ જ હોય શકે અને તેઓને આરોપીઓ ધ્વારા રોકવામાં આવે જે હકીકત કોઈપણ સંજોગોમાં માની શકાય તેમ નથી. ગજુભા ની હોટલે કહેવાતા બનાવ બાદ ફરીયાદી અને મરણ જનાર રાજેશ મીઠાપુર હોસ્પીટલે જઈ સારવાર મેળવે છે અને ત્યારબાદ સાહેદ સુરેન્દ્રને બોલાવે છે અને ત્યારબાદ ઘરે જવા નીકળે છે ત્યારે તેઓના કહેવા મુજબ રસ્તામાં

આરોપીઓ આડા પડે છે. આ સમય દરમ્યાન બે આરોપીમાંથી પાંચ આરોપીઓ કઈ રીતે થયેલ અને આ જે કાંઈ સમય પસાર થયેલ આરોપીઓની એકટીવીટી શું ? તે સંબંધે કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે પ્રોસીકયુશન તરફે તે બાબતે કોઈ ખુલાસો કરેલ નથી. સદર સાહેદની ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ તેઓ અંધારામાં અંદાજે ૨૦ થી ૨૫ ફુટ જેટલુ જોઈ શકતા પરંતુ બનાવના સ્થળે અંધારુ હોવાનું રેકર્ડ પર આવેલ હોય તેમ છતા સાહેદ ૨૦ થી ૨૫ ફુટ જેટલુ જોઈ શકવાની જે હકીકત જણાવે છે તે માની શકાય નહિ. વધુમાં સદર સાહેદ બીજી તરફ એમ કહે છે કે, ૮ થી ૧૦ ફુટના અંતરે મરણ જનાર ઉપર જે ઘા થતા હતા તે ઘા આગળ થતા હતા કે પાછળ થતા હતા તેની ખબર નથી તે જોતા સદર સાહેદનો પુરાવો શંકા ઉપજાવે તેમ હોય વિશ્વસનીય હોવાનું માની શકાય નહિ. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૯૮ થી તપાસવામાં આવેલ ગજુભા ભારાભા નો પુરાવો જોતા તેઓ રકાબીનો જે બનાવ બનેલ તે સંબંધે કોઈ હકીકત જણાવતા નથી અને તેઓએ તે બનાવ નજરે જોયેલ હોવાનું ઈન્કાર કરેલ છે. ત્યારબાદ આંક–૧૦૧ થી તપાસવામાં આવેલ સાહેદ શનીભા નો પુરાવો જોતા જયારે તેને ભરત પોલા જોડે બોલાચાલી થયેલ ત્યારે ગગાભા અને સુરેન્દ્રભા હાજર ન હતા અને તે બોલાચાલીમાં ભરત પોલા જોડે સમાધાન થઈ ગયેલાનું જણાવે છે. ત્યારે ફરીયાદીના જણાવ્યા મુજબ ભરત પોલાને ગજુભાની કેબીને પ્રથમ જે બનાવ બનેલ ત્યારે હાજર હોવાનું માની શકાય નહિ. પ્રોસીકયુશનની કેસની સ્ટોરી ગજુભા ની હોટલે બનેલા બે બનાવ સંબંધે ઉભી કરવામાં આવેલ છે. પરંતુ તે બાબત કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડપર આવેલ નથી. ફરીયાદપક્ષ તરફે આંક–૧૦૪ થી તપાસવામાં આવેલ સાહેદ કારીબેનની જુબાનીમાં હથિયારબંધીનું જાહેરનામું રજુ થયેલ છે. પરંતુ સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ થયાની હકીકત સદર સાહેદની જુબાની આધારે પુરવાર થતી નથી. ત્યારબાદ આંક–૧૦૭ થી તપાસવામાં આવેલ સાહેદ અશ્વિનભાઈ ખીમજીભાઈ ગોહીલની જુબાનીમાં આંક–૧૧૧ થી બનાવવાળી સ્થાનીક જગ્યાનો નકશો રજુ થયેલ છે. પરંતુ તે નકશો શરૂ કર્યાનો સમય, પુર્ણ કર્યાનો સમય તેમજ નકશો

બનાવ્યાની તારીખ તથા નકશામાં દર્શાવેલ જગ્યાનો કોઈ નંબર દર્શાવેલ નથી. જેથી સદર નકશાના આધારે સ્થાનીક જગ્યા પુરવાર થતી નથી. ફરીયાદપક્ષ તરફે આંક−૧૧૪ થી ડો.દિપેનભાઈ મુળજીભાઈ ડાભીને તપાસેલ છે. જેઓ પી.એમ. કરનાર ડોકટર છે ડોકટરશ્રીનો પુરાવો જોતા મરણ જનારને પાંચ ઈજાઓ હતી અને જે તમામ ઈજાઓ ૪×૨ સેમી. ભોકાયેલ ઘા ની હતી. આમ, એકસરખી ઈજાઓ જોવા મળેલાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફે છરી તથા તલવાર બતાવીને આ પ્રકારના હથિયારથી ઈજાઓ થઈ શકે તે મતલબનો ડોકટરશ્રીનો અભ્રીપ્રાય લીધેલ છે પરંતુ સ્પેશીફીક છરી વડે ઈજા થયેલ છે કે તલવાર વડે ઈજા થયેલ છે તે બાબતનો સ્પષ્ટ અભિપ્રાય સાહેદ ધ્વારા આપવામાં આવેલ નથી. આ પાંચેય ઈજાઓ ૪×૨ સેમી. ની હોવાથી કોઈપણ એક તીક્ષ્ણ હથિયારથી દેખીતી રીતે સંભવી શકે તે પ્રમાણે ઈજાઓ છે. ત્યારે આ ઈજાઓ છરીથી ઈજા થયેલ છે કે તલવારથી ઈજા થયેલ છે તે હકીકત પ્રોસીકયુશન પુરવાર કરી શકતો નથી. વધુમાં ડો.શ્રીના ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ જે હથિયારથી ઈજા થાય તે હથિયાર પર સામાન્ય પણે લોહીના ડાઘ આવી શકે આ કામે કબજે લીધેલ તલવાર ઉપર કોઈ લોહીના ડાઘ મળી આવેલ નથી. તેમજ તલવાર પર લોહીના ડાઘ દુર કરવા કે પુરાવાનો કોઈપણ પ્રકારે આરોપીઓ ધ્વારા નાશ કર્યો હોય તેવો પ્રોસીકયુશનનો કેસ નથી. ફરીયાદપક્ષ તરફે આંક−૧૨૦ થી હેમંતભાઈ જોષીને તપાસેલ છે જેઓએ ગુનો દાખલ કરી ભારે ગુનાના રિપોર્ટની કાર્યવાહી કરેલ છે તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.ત્યારબાદ આંક−૧૨૯ થી ત.ક.અ. શ્રી ચંદ્રકલાભા ભરતસિંહ જાડેજાને તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવો જોતા હાલના બનાવની તથા ક્રોસ કેસના બનાવની ફરીયાદ લેનાર તથા બન્ને કેસોના તપાસ કરનાર અધિકારી છે. તપાસ કરનાર અમલદારશ્રીનો પુરાવો જોતા બન્ને પક્ષકારો વચ્ચે સામ સામી મારામારી થયેલાનુ રેકર્ડ પર આવેલ છે. આંક−૩૪ ના પંચનામા મુજબ ત.ક.અ.શ્રી એ પાંચ પૈકી ચાર આરોપીઓને અટક બતાવી દીધેલ છે અને આ આરોપીઓ કયાંથી મળી આવ્યા તે સંબંધે તપાસ કરનાર

અધિકારી સાયલન્ટ રહેલ છે. તેમજ બચાવપક્ષે આંક–૧૪૯ થી તપાસેલ રાજેશભાઈ સાંખરા નો પુરાવો જોતા આરોપીઓ સૌ પોત પોતાના ઘરેથી અલગ–અલગ રીતે મળી આવ્યાનું અને એ જ રીતે રવુભા પાસેથી જે છરી મળી આવેલ તે ઘરેથી પોલીસ રવુભાને લઈ આવ્યાનુ જણાવતા હોય એટલે કે જે જગ્યાએથી છરી મળી આવેલ છે તે જગ્યાએ અગાઉ પોલીસે વીઝીટ કર્યાનું રેકર્ડ પર આવતુ હોય તે સંજોગો ધ્યાને લેતા હાલના ગુનાના કામે આરોપીઓને ખોટી રીતે અટક કર્યાનુ અને સંડોવી દીધાનુ પુરવાર થાય છે. વધુમાં બનાવ બાદ ત.ક.અ.શ્રી મીઠાપુર પો.સ્ટે. પહોંચેલ અને ત્યાં બે કલાક રોકાયેલ તે સમય દરમ્યાન ફરીયાદી ગગાભા અને સુરેન્દ્રભા હાજર હોવા છતા અને તેઓએ પ્રાથમિક સારવાર મેળવેલ હોવા છતા અને તેઓને કોઈ ગંભીર ઈજા ન હોવા છતા ત્યાં ફરીયાદ લેવામાં આવેલ નથી અને પાછળથી જામનગર જઈ ફરીયાદ નોંધવામાં આવેલ છે. વધુમાં ત.ક.અ.શ્રી જામનગર મુકામે ફરીયાદી, ઈજા પામનાર સુરેન્દ્રભા તથા ઈજા પામનાર ભરત પોલા ને મળેલ હોવા છતા ફરીયાદી ગગાભા ની ફરીયાદ લીધેલ છે પરંતુ ભરત પોલાની ફરીયાદ લીધેલ નહિ. આમ, ભરત પોલા ફરીયાદ આપી શકે તેવી સ્થિતીમાં હોવા છતા પો.સ્ટે. માં રજુ થયા બાદ ફરીયાદ લીધાનુ જણાવે છે. આમ, ત.ક.અ.શ્રીનો પુરાવો જોતા આ કામના આરોપીઓને હાલના ગુનાના કામે ખોટી રીતે અટક કરવામાં આવેલ હોય અને તલવાર , છરી અને લાકડાના જેવા હથિયારોની સ્ટોરીની તપાસની હકીકત જોતા ઉભી કર્યાનુ સ્પષ્ટપણે ફલીત થાય છે. આરોપીઓએ હાલનો બનાવ સંબંધે અગાઉ કયાય મળેલ હોય કે મીટીંગ કરેલ હોય કે સાથે મળી હુમલો કરવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ હોય તેવુ પ્રોસીકયુશનના પુરાવામાં કયાય રેકર્ડ પર આવેલ નથી. વધુમાં કહેવાતા બનાવ બાદ આરોપીઓ પોત પોતાના ઘરે હોય અને ત્યાંથી મળી આવ્યાનુ સાહેદ જણાવતા હોય, આ હકીકત જોતા પણ આરોપીઓની સંડોવણી દેખીતી રીતે શંકાસ્પદ બનતી હોવાનું ફલીત થાય છે. વધુમાં આંક–૪૨ થી રજુ થયેલ સીરોલોજીકલ રિપોર્ટ જોતા આરોપી સુનીલ કારુભા નુ બ્લડ ગૃપ –ઓ આરોપી લખન ગગજીભા નુ બ્લડ ગૃપ–એ છે.

આરોપી રવુભા અરજણભા નુ બ્લડ ગ્રૃપ–બી છે જયારે ભરત કાળા તથા ભરત પોલાનુ બ્લડ ગ્રૃપ–અનિર્ણીત બતાવેલ છે.તલવાર પર રૂધીરનુ જુથ રેકર્ડ પર આવેલ નથી. છરી પર રૂધીરનુ ગ્રૃપ–ઓ છે. મરણ જનાર રાજેશભા નુ બ્લડ ગ્રૃપ રેકર્ડ પર આવેલ નથી. મરણ જનાર રાજેશભા ના કપડા પર રૂધીરનુ જુથ–ઓ આવેલ છે. ફરીયાદીના કપડા ઉપર રૂધીર જુથ–ઓ આવેલ છે જયારે ફરીયાદીનુ બ્લડ ગ્રૃપ–બી છે જયારે ઈજા પામનાર સુરેન્દ્ર ના કપડા પર બ્લડ ગ્રૃપ–બી આવેલ છે. આમ ફરીયાદીના કપડા પર જે જુથ આવેલ છે તે ફરીયાદીનુ પોતાનુ લોહી નથી તે માનવાને સ્પષ્ટ કારણ રહે છે. ફરીયાદીના કહેવા મુજબ તેને બનાવમાં ઈજા થયેલ છે તો તેના શરીરમાંથી નીકળેલ લોહી ફરીયાદીના કપડા પર આવે અને તે ફરીયાદને કપડામાં બ્લડ ગ્રૃપ–બી હોવુ જોઈએ પરંતુ ઓ આવેલ છે તે જોતા એફ.એસ.એલ. નો રિપોર્ટ પણ ફરીયાદપક્ષને સમર્થન કરતા નથી. આમ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા ફરીયાદપક્ષ તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આ કામના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે તેઓની રજુઆતના અનુંસંધાને નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(1) 2022 (1) G.L.R. Page No.79

Ahemadbhai Mohammadbhai Ansari Vs. Mohmmad Imtiyaz @ Chiko Noormohammad Shaikh and ors.

(2) 2021 3 Crimes (Highcourt) Page No.550

Jagdish and ors. Vs. State of Rajasthan

(3) 2019 (4) G.L.R. Page No.3003

Rameshbhai Babubhai Thakor Vs. State of Gujarat

(૦૯) આ કામે બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો, રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓના નિર્ણય કરવાના રહે છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું ફરીયાદપક્ષ એ નિશંકપણે પુરવાર કરે છે કે, મરણ જનાર રાજેશભા મુરુભા સુમણીયા નું મૃત્યું એ અકુદરતી મૃત્યું છે ?

(૨) શું ફરીયાદપક્ષ એ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ તથા ૩ ને ફરીયાદીના ગામનાં સાહેદ નં.૧૭ સાથે બોલાચાલી થયેલ હોય, જેને કારણે આ બન્ને આરોપીઓ અવાર નવાર જયારે ફરીયાદીને જોવે ત્યારે ફરીયાદીના આખા ગામને જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢતા હોય જેથી ફરીયાદી તથા મરણ જનાર રાજેશભા મુરૂભા સુમણીયા ઉ.વ.૧૯ વાળા સાથે પોતાનો ટ્રક ટાટા કેમીકલ્સમાં કાકરી ગેઈટ પાસે પાર્ક કરી ચા પીવા ગયેલ ત્યારે આ બંને આરોપી નં.૧ તથા ૩ ના ત્યાં હાજર હોય અને ફરીયાદી તથા મરણ જનારને જોતા દેવપરા ગામવાળાઓને ફરીથી ભુંડી ગાળો દેવા લાગતા ફરીયાદીએ આરોપીઓને સમજાવતા કે પોતાને સાહેદ નં.૧૭ સાથે વાંધો હોય, તો આખા ગામને ગાળો આપોમાં આમ ફરીયાદીએ આરોપીઓને કહેતા આરોપી નં.૧ તથા ૩ નાએ સારૂ નહી લાગતા આરોપી નં.૩ નાએ ચાની રકાબી (ડીશ) ફરીયાદીને મારેલ અને ત્યાં માણસો ભેગા થતાં આ આરોપી નં.૧ તથા ૩ નાઓ બંને જતા રહેલ અને બાદ ફરીયાદી તેમજ મરણ જનાર ટાટા હોસ્પીટલમાં સારવારમાં ગયેલ અને ત્યાંથી સારવાર કરાવી સાહેદ નં.૧૬ સુરેન્દ્રભા લુણાભા માણેક સાથે તેની મોટર સાયકલ પર મરણ જનાર રાજેશભાને ઘરે મુકવા જતા હોય, ત્યાં રસ્તામાં આ કામના તમામ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી આરોપી નં.૧ પાસે તલવાર, આરોપી નં.૨ પાસે છરી તથા આરોપી નં.૩ પાસે લાકડાના

ધોકા સાથે રસ્તામાં ફરીયાદી તથા સાહેદોને રોકી આરોપી નં.૧ એ તલવાર વડે તથા આરોપી નં.૨ નાએ છરી વડે રાજેશભા મુરુભાના શરીરે જીવલેણ ઘા (ઈજા)ઓ કરી મોત નીપજાવી તથા આરોપી નં.૨ નાએ સાહેદ નં.૧૬ સુરેન્દ્રભા લુણાભા માણેક ને વાસાના ભાગે છરી વતી જીવલેણ ઈજા કરી મોત નીપજાવવાની કોશીશ કરી તથા આરોપી નં.૩ તથા ૪, ૫ નાઓએ ફરીયાદી તથા સાહેદને આડેધડ ઢીકાપાટુનો માર મારી ગુનામા એકબીજાને મદદગારી કરી સ્વેચ્છાપૂર્વક મહાવ્યથાની ઈજાઓ કરી મોત નીપજાવી ખુન કરી સાપરાધ મનુષ્યવધ ખુન કહી શકાય તેવું ગુનાહિત કૃત્ય કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હા કરેલ છે ?

(૩) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખે, સ્થળે, સમયે અને વિગતે બનાવના અરસામાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, દેવભુમિ ધ્વારકાનાઓનું હથીયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હોવા છતાં આરોપીએ જાહેરમાં તલવાર, છરી, લાકડાના ધોકા જેવું જીવલેણ હથીયાર ધારણ કરી બી. પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૪) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદાઓ અંગે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

**(૧) હકારમાં,**

**(૨) અંશત: હકારમાં, (આરોપી નં.૧ ને આઈ.પી.સી. કલમ–૩૦૨, આરોપી નં.૨ ને આઈ.પી.સી. કલમ–૩૦૨ તથા ૩૨૪, આરોપી નં.૩ ને આઈ.પી.સી.**

**કલમ–૩૨૩ પુરતું હકારમાં)**

**(૩) નકારમાં,**

**(૪) આખરી હુકમ મુજબ.**

**–::<u> કા ર ણો </u>::–**

**(૧૧)** આ કામમાં આરોપી વિરુધ્ધના આક્ષેપિત તહોમતની હકીકતો, ફરીયાદપક્ષ તરફથી રેકર્ડ ઉપર રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતોની સાથે બંને પક્ષકારોની રજુઆતોને ધ્યાનમાં લઈ રેકર્ડ ઉપર રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું ભારતીય પુરાવાના કાયદા ૧૮૭૨ ની કલમ–૩ પ્રમાણે મુલ્યાંકન કરવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે.

**(૧૨)** **<u>:: પુરાવાના મુંલ્યાંકન સમયે ન્યાયિક અભિગમ ::</u>** કોઈ પણ ફોજદારી પ્રક્રિયાની શરુઆતમાં અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવે છે. **<u>પ્રથમ અનુમાન</u>** આરોપીને કરેલ ગુન્હામાં તેઓ નિર્દોષ છે, અને આરોપી વિરૂધ્ધ કરવામાં આવતા આક્ષેપો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે. જે કોઈ પણ સમયે ઓછી થતી નથી. જયારે **<u>બીજુ અનુમાન</u>** છે કે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપે છે તે કોર્ટ સમક્ષ સાચુ બોલતા હોય છે અને તેને માનીને જ ન્યાયિક પુરાવાનું વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ અદાલતે અસંખ્ય ચુકાદાઓથી માર્ગદર્શન આપેલ છે કે ટ્રાયલ કોર્ટે સાહેદોની જુબાનીનું અને પુરાવાનું વિશ્લેષણ આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજીક પરિસ્થિતિને અનુલક્ષીને કરવુ જોઈએ અને ટકોર કરેલ છે કે એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે જેમાં **<u>પ્રથમ પ્રકારની જવાબદારી</u>**માં અદાલતે જોવાનું હોય છે કે કોઈ નિર્દોષ માણસને સજા ન થાય અને સાથે સાથે કોઈ ગુન્હેગાર તેણે કરેલા ગુનાહિત કૃત્ય બદલની

સજામાંથી પણ છટકી ન જાય. તેમજ **બીજી જવાબદારીમાં** ટ્રાયલ કોર્ટે એ ધ્યાન રાખવાનું હોય છે કે જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી તેમજ તેઓ કાયદાની આંટી ઘુંટથી પરીચીત હોતા નથી અને તેઓ આ સંજોગોમાં પોતાના મૌખિક પુરાવામાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે તેથી આ હકિકતે ટ્રાયલ કોર્ટે પુરાવાના વિશ્લેષણ દરમ્યાન જો આવો વિરોધાભાસ, અસંગગતા અને અતિરેક મહત્વનો ન હોય તો દરગુજર કરવો જોઈએ અને જો મહત્વનો હોય તો તેનો મળવા પાત્ર લાભ આરોપીને મળવો જોઈએ. આમ અત્રેની અદાલત ધ્વારા ઉપરોકત ચર્ચા કર્યા મુજબની સ્થિતિ અને સંજોગોને ધ્યાને રાખી પુરાવાનું મુંલ્યાંકન કરવામાં આવેલ છે.

**મુદ્દા નં.૧ :-**

**(૧૩)** આ કામમાં મુદ્દા નં.૧ ની હકીકત પ્રમાણે મરણ જનાર રાજેશભા મુરૂભા સુમણીયા નું મૃત્યું એ અકુદરતી મૃત્યું છે કે કેમ ? તે અંગેનો નિર્ણય કરવાનો રહે છે અને આ હકીકતને ધ્યાનમાં લેતાં, ફરીયાદપક્ષ તરફથી રેકર્ડ ઉપર રજુ થયેલા મેડીકલ એવીડન્સનું મુલ્યાંકન કરવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે.

**(૧૩.૧)** સદર કામે ફરીયાદપક્ષે સા. નં.૧૮ ડો.દિપેન મુળજીભાઈ ડાભી કે જેઓ મરણ જનારની લાશનું પી. એમ. કરનાર ડોકટર છે, તેમણે આંક-૧૧૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા. ૧૭/૦૨/૧૯ ના રોજ તેઓ ફોરેન્સીક મેડીસીન વિભાગ જી. જી. હોસ્પીટલ જામનગર ખાતે ફરજ પર હાજર હતા ત્યારે સ્વશ્રી રાજેશભાઈ મુરુભાઈ સુમણીયા કે જેઓ આરંભડા ગામ દવારકા તાલુકો તથા જીલ્લોના રહેવાસી હતા તેમનુ શબ પરીક્ષણ અર્થે પોલીસ યાદી તથા ઈન્કવેસ્ટ રીપોર્ટ, મરણોતર ફોર્મ તથા એસ.પી. દવારકાના પત્ર સાથે આવેલ હતુ જેના શબ પરીક્ષણ નંબર રજીસ્ટર ૧૩૪/૧૯ થી નોંધાયેલ હતા,સદરહુ લાશ જી.

એ. ગોજીયા, પો. હે. કો. મીઠાપુર પોલીસ સ્ટેશનાઓ દવારા લાવી તથા ઓળખી બતાવવામા આવેલ હતી. તા. ૧૭/૦૨/૧૯ ના બપોરના ૦૨:૩૦ કલાકે શબ પરીક્ષણ અર્થે લાવવામા આવેલ હતુ. શબ પરીક્ષણની શરુઆત તે જ દીવસે બપોરે ૦૨:૫૦ કલાકે કરવામા આવેલ હતી તથા ૦૪:૨૦ કલાકે શબ પરીક્ષણ પુર્ણ કરવામા આવેલ હતુ, શબનુ બાહ્ય પરીક્ષણ કરતા ઓળખાયેલી પુરુષ જાતિનુ ૨૦ વર્ષનુ શબ હતુ જેણે કાળુ ટ્રેક પેન્ટ, કાળા પટાવાળુ ટીશર્ટ પહેરેલ હતુ આખુ ટીશર્ટ લોહીથી ખરડાયેલુ હતુ ટીશર્ટમા નીચે પ્રમાણેના તીક્ષ્ણ હથિયારથી થયેલ કાપા જોવા મળેલ, (૧) ૫ × ૩ સે.મી. સાઈઝનુ ત્રાસી દીશામા કાપો ટીશર્ટના આગળના, ઉપરના તથા જમણી બાજુએ હતો જે ગળા પરની સ્ટીચ લાઈનથી ૬ સે.મી. નીચે અને મધ્ય રેખાથી ૧ સે.મી. જમણી બાજુએ હતો જે પી. એમ. નોટમા કોલમ નં. ૧૭ મા દર્શાવેલ ઈજા ન. ૧ ની સાથે સામ્યતા ધરાવતો હતો. (૨) ૫ × ૩ સે.મી. સાઈઝનો આડી દીશામા તીક્ષ્ણ હથિયારથી થયેલ કાપો ટીશર્ટની પાછળની અને જમણી બાજુ તરફ હતો જે કોલર સ્ટીચ લાઈનથી ૩ સે.મી. નીચે હતો. (૩) ૬ સે.મી. લાંબો ઉભી દીશામા તીક્ષ્ણ હથિયાર વડે થયેલ કાપો છાતીની પાછળ અને જમણી બાજુ (ટીશર્ટ) જે જમણા ખભાની સ્ટીચ લાઈનથી ૧૪ સે.મી. નીચે હતો જે કોલમ નં. ૧૭ મા દર્શાવેલ ઈજા નં. ૪ ની સાથે સામ્યતા ધરાવતો હતો. (૪) ૫ × ૩ સે.મી. સાઈઝનો આડી દીશામા તીક્ષ્ણ હથિયાર વડે થયેલ કાપો ટીશર્ટની પાછળ તથા ડાબી તરફ હતો જે કોલરથી ૧૦ સે.મી. નીચે હતો જે કોલમ નં. ૧૭ મા દર્શાવેલ ઈજા નં. ૫ ની સાથે સામ્યતા ધરાવતો હતો. શબની ઓળખના ચિન્હો જોતા ઓમ આકારનુ છુંદણુ જમણી હથેળીની પાછળના ભાગે હતુ તથા ચ જમણા અંગુઠાની શરુઆતમા દોરેલ હતો. શબ મજબુત બાંધાનુ તથા ઠંડુ હતુ. શબ પર મૃત્યુ પછીની અકળાઈ આખા શરીરે મજબુત સ્થિતિમા હતી. મૃત્યુ પછીની લીવીડીટી શબની પાછળના ભાગે અને ફીકસ સ્થિતિમા હતી. મુખના હાવભાવ સામાન્ય હતા. બંને આંખો બંધ હતી. બંને આખની કીકીઓ

કુલાયેલ અને ફીકસ સ્થિતિમા હતી. મુખ બંધ હતુ. જીભ મુખની અંદર હતી. લાલ કલરનુ જામી ગયેલુ લોહી છાતીના આગળના તથા પાછળના ભાગમા પેટના આગળના તથા પાછળના ભાગમા તથા બંને અગ્ર ભુજાઓ પર હતુ. ચારેય ભુજાઓ સીધી અને શરીરને સમાંતર હતી, શબના શરીર પરની બાહય ઈજાઓ નીચે મુજબની જોવા મળેલ, (૧) લાલ કલરનુ ૪ × ૨ સે.મી. સાઈઝનુ ત્રાસી દીશામા ભોકાયેલો ઘા જમણી છાતીમા ઉપર, અંદર તથા આગળની બાજુએ હતો જેનો ઉપરનો તથા અંદરનો છેડો સ્ટર્નલ નામના હાડકાની નોચ પર હતો જે દાઢીથી ૧૩ સે.મી. નીચે હતો તે ચામડી, મૃદુપેશીઓ તથા જમણી બીજા નંબરની ઈન્ટર કોસ્ટલ સ્પેસને કાપતો હતો તથા જમણા ફેફસાના ઉપરના ભાગે ૨ સે.મી. લાંબો ઘા હતો આ ભોકાયેલા ઘા નો ઉપરનો છેડો તીક્ષ્ણ તથા નીચેનો છેડો પ્રમાણમા બુઠો હતો. (૨) લાલ કલરનો ૪ × ૨ સે.મી. સાઈઝનો ઉભી દીશામા ભોકાયેલો ઘા જમણી અગ્ર ભુજાની બહારની બાજુએ હતો જે જમણા ખભાની ટીપથી ૧૮ સે.મી. નીચે હતો આ ભોકાયેલો ઘા આખી જમણી અગ્ર ભુજાને બહારથી અંદરની સાઈડ સુધી કાપતો હતો તથા ચામડી, મૃદુપેશીઓ, સ્નાયુઓ તથા લોહીની નળીઓને પણ કાપતો હતો તેનો ઉપરનો છેડો તીક્ષ્ણ તથા નીચેનો છેડો પ્રમાણમા બુઠો હતો. (૩) લાલ કલરનો ૪ × ૨ સે.મી. સાઈઝનો ભોકાયેલો ઘા ત્રાસી દીશામા જમણા ખભાની પાછળના ભાગે જેનો ઉપરનો તથા અંદરનો છેડો મધ્ય રેખાથી ૧૩ સે.મી. જમણી બાજુએ અને જમણા ખભાની ટીપથી ૩ સે.મી. નીચે હતો તે ચામડી, મૃદુપેશીઓ, સ્નાયુઓને કાપી જમણા સ્કેપ્યુલા નામના હાડકામા તીક્ષ્ણ કાપો મારતુ હતુ. (૪) લાલ ૪ × ૨ સે.મી. સાઈઝનો ઉભી દીશામા ભોકાયેલો ઘા છાતીની પાછળના ભાગે જમણી બાજુએ હતો તેઓ ઉપરનો છેડો જમણા ખભાની ટીપથી ૧૨ સે.મી. નીચે હતો તથા મધ્ય રેખાથી ૧૩ સે.મી. જમણી બાજુએ હતો તે ચામડી, મૃદુપેશીઓ તથા જમણી અને પાછળની બાજુએ પાંચમી ઈન્ટરકોસ્ટલ સ્પેસને કાપી જમણા ફેફસાના મધ્ય વિભાગમા ૨ સે.મી. સાઈઝનો ભોકાયેલો ઘા

હતો. (૫) લાલ કલરનો ૪ × ૨ સે.મી. સાઈઝનો આડી દીશામા ભોકાયેલો ઘા ડાબી સાઈડની છાતીના પાછળના અને ઉપરના ભાગે હતો તેનો અંદરનો છેડો ગળાથી ૮ સે.મી. નીચે તથા ૧૦ સે.મી. મધ્ય રેખાથી ડાબી બાજુએ હતો તેનો અંદરનો છેડો તીક્ષ્ણ તથા બહારનો છેડો પ્રમાણમા બુઠો હતો તે ચામડી, મૃદુપેશીઓ તથા પાછળના ભાગે ચોથી ઈન્ટરકોસ્ટલ સ્પેસને કાપી હદયના ડાબા ક્ષેપકમા સે.મી. લાંબો ભોકાયેલો ઘા હતો. વધુમાં સાહેદ જણાવે છે કે, તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી તથા તેમની કિનારીઓ લાલ તથા તીક્ષ્ણ હતી, મગજ લોહીથી ભરાયેલ હતુ. છાતીને ખોલતા બે થી અઢી લીટર જેટલુ લોહી હતુ તથા ફેફસા ઉપરનુ આવરણ, હદય તથા હદય પરના આવરણમા કોલમ નં. ૧૭ મા દર્શાવેલ ઈજાઓ પ્રમાણે ઈજાઓ હતી. અંત:ત્વચા લોહીથી ભરાયેલ હતી. નાના આંતરડામા પીળા કલરનો પદાર્થ હતો અને અંત:ત્વચા લોહીથી ભરાયેલ હતી. મોટા આંતરડામા મળ તથા ગેસ હતા. પેટના તમામ અવયવો ફીકકા હતા, શબ ઉપરથી નીચે મુજબના નમુનાઓ મેળવી શીલ કરીને પોલીસને સુપરત કરેલ હતા, (૧) બોટલ – કે જેમા કપડા ઉપર લોહીનો નમુનો લઈ સુકવી બ્લડ ગૃપિંગ માટે રાખવામા આવેલ હતો. (૨) બોકસ– કે જેમા કપડા રાખવામા આવેલ હતા. મૃત્યુ વિશેનો તેમનો અભિપ્રાય ઘણા બધા ભોકાયેલા ઘા ના કારણે આઘાત લાગવાના કારણે થયેલ છે, પી. એમ. નોટના કોલમ નં. ૧૭ મા જે ઈજાઓ દર્શાવેલ છે તેવી ઈજાઓ તીક્ષ્ણ હથિયારથી થઈ શકે તેવી ઈજાઓ હતી. સાહેદને મુદામાલ છરી તથા તલવાર બતાવવામા આવતાં જણાવેલ છે કે કોલમ નં. ૧૭ મા જે ઈજાઓ દર્શાવેલ છે તે આ પ્રકારના હથિયારથી સંભવી શકે તેમજ મુદામાલ પાવતી નં. ૬/૧૯ ના આર્ટીકલ નં. ૧ અને ૨ વાળા મરણ જનારની લાશ પરથી કપડા લીધેલ તે હોવાની શકયતા છે જે ટીશર્ટ પર કાપા છે તે આધારે તેમજ બોકસ પર હોસ્પીટલનુ લેબલ મારેલ છે તથા તેમની સહી કરેલ છે તે આધારે જણાવે છે, લાશનુ શબ પરીક્ષણ કર્યા બાદ પી. એમ. રીપોર્ટ તૈયાર કરેલ.સદર સાહેદે તેમની

જુબાનીમાં આંક–૧૧૫ થી સંયુકત રીતે પી. એમ. નોટ તથા તેની સાથે શોર્ટ રીપોર્ટના દસ્તાવેજોમાં તેમની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે તેમજ આંક–૧૧૬ થી શબ પરીક્ષણ કરવા સારુ મીઠાપુર પોલીસ સ્ટેશન તરફે કરેલ યાદી, આંક–૧૧૭ થી એસ.પી. સાહેબ તરફે પી. એમ. કરવા માટે આપેલ ઓથોરીટી લેટરના દસ્તાવેજો રજુ કરેલ છે, વધુમાં સાહેદ જણાવે છે કે, મરણજનારને જે ઈજાઓ થયેલી તે જોતા અકુદરતી મૃત્યુ થવા માટે પુરતી ઈજાઓ હતી.

**(૧૩.૨)** સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ, ''એ વાત ખરી છે કે પી. એમ. કરતા પહેલા મે ઈન્કવેસ્ટ પંચનામુ તથા મરણોતર ફોર્મનો અભ્યાસ કરેલો. પી. એમ. કરવા માટે પોલીસની યાદી મને કલાક ૦૨:૩૦ વાગે મળેલી. એ વાત ખરી છે કે પોલીસ યાદી મુજબ લાશનુ પી.એમ. પેનલ ડોકટર દવારા કરવા જણાવેલ. એ વાત ખરી છે કે પી.એમ. નોટમા ઈજાઓ કેટલા સમય પહેલાની છે તે દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઈજાનો કલર દર્શાવેલ છે. એ વાત ખરી છે કે કોલમ નં. ૧૭ મા શરીરના જે ભાગે ઈજાઓ દર્શાવેલ છે તે સિવાય બીજા ભાગે કોઈ ઈજાઓ નથી. કોલમ નં. ૧૭ મા જે ઈજાઓ દર્શાવેલ તે તમામ ઈજાઓ છરીથી પણ થઈ શકે અને તલવારથી પણ થઈ શકે તેવી ઈજાઓ છે. એ વાત ખરી નથી કે સ્ટેબવુન્ડની ઈજાઓ તલવાર વડે થઈ શકે નહી. એ વાત ખરી છે કે આ ઈજાઓ ભોકી શકાય તેવા તીક્ષ્ણ હથિયારથી થઈ શકે. એ વાત ખરી છે કે જે હથિયારથી ઈજાઓ થાય તે હથિયાર પર સામાન્યપણે લોહીના ડાઘ આવી શકે. એ વાત ખરી નથી કે કોલમ નં. ૧૭ મા દર્શાવેલ ઈજાઓ પૈકી કોઈ પણ એક ઈજાથી મૃત્યુ સંભવી ન શકે. એ વાત ખરી નથી કે તમામ ઈજાઓ સુપર ફીશીયલ હતી. એ વાત ખરી છે કે આ તમામ ઈજાઓથી કોઈ જગ્યાએ ફ્રેકચર થયેલુ ન હતુ. આ કોલમ નં. ૧૭ મા થયેલ ઈજાઓ બાદ વ્યકિત

કેટલો સમય જીવી શકે તે અભિપ્રાય હુ આપી શકુ નહી સારવાર કરનાર ડોકટર આપી શકે. એ વાત ખરી છે કે મને કોઈ હથિયાર બતાવીને તે બાબતનો કોઈ અભિપ્રાય મેળવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે મે કોઈ વ્યકિતનુ પી. એમ. કરેલ નથી પરંતુ ઈન્કવેસ્ટ પંચનામા અને મરણોતર ફોર્મના આધારે મે રીપોર્ટ તૈયાર કરી મોકલી આપેલ છે. એ વાત ખરી નથી કે મે જે અભિપ્રાય આપેલ છે તે ખોટો આપેલ છે અને તેના સમર્થનમા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. ''

(૧૩.૩) સદર સાહેદ મરણજનાર રાજેશભા મુરૂભા સુમણીયા ની લાશનું પી. એમ. કરનાર ડોકટર છે.સદર સાહેદની જુબાનીથી આંક–૧૧૫ ની પી. એમ. નોટની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. ડોકટરશ્રીનો અભિપ્રાય વંચાણે લેતાં મરણ જનારનુ મૃત્યુ ઘણા બધા ભોંકાયેલ ઘા ના કારણે આઘાત લાગવાના કારણે થયેલ છે. વધુમાં કોલમ નં.૧૭ માં જે ઈજાઓ દર્શાવેલ છે તે જોતા ગંભીર પ્રકારની ઈજા હોવાનુ ફલીત થાય છે. બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં ડો.શ્રીએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સ્ટેબ વુન્ડની ઈજાઓ તલવાર વડે થઈ શકે નહિ તેમજ એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, આ ઈજાઓ ભોંકી શકાય તેવા તીક્ષ્ણ હથિયારથી થઈ શકે. આ કામે આંક–૧૧૬ થી રજુ થયેલ પી. એમ. રીપોર્ટમાં પણ મરણ જનારનું મૃત્યું "Died due to shock on account of multple stab wounds present on the body" થયેલાનો અભિપ્રાય આપેલ છે. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ પ્રકારની ઈજા કોઈ ધારદાર હથીયાર પર પડે તો સંભવી શકે અને સાહેદને છરી તથા તલવાર બતાવતા કોલમ નં.૧૭ માં જે ઈજાઓ દર્શાવેલ છે તે પ્રકારની ઈજાઓ સંભવી શકે તેમ જણાવેલ છે. સાહેદની જુબાનીમાંથી આંક–૧૧૬ ની પી. એમ. નોટ તેઓએ ખોટી રીતે તૈયાર કરેલ હોય કે મેડીકોલીગલ પ્રિન્સીપલની વિરુધ્ધની હોય તેવું બહાર આવતું નથી. આમ સમગ્ર રીતે જોઈએ તો મરણ જનારનું મૃત્યું તેમના શરીર ઉપર થયેલ કોલમ નં.૧૭ માં

જણાવેલ ઈજાઓના કારણે થયેલ હોય, અકુદરતી મૃત્યું હોવાનું ફલિત થાય છે, તેથી **મુદ્દા નં.૧ નો નિર્ણય હું હકાર**માં આપું છું.

**મુદ્દા નં.૨ થી ૩ :-**

**(૧૪)** ફરીયાદપક્ષે આંક-૭૮ થી ગગાભા નુંઘાભા માણેક ને તપાસેલ છે કે જેઓ ફરીયાદી છે. સદર સાહેદનો પુરાવો જોતાં '' હું આશરે છેલ્લા ચાર વર્ષથી ટ્રક ડ્રાઈવિંગ કરુ છું. બનાવ તા. ૧૭/૨/૨૦૧૯ના રોજ બનેલ હતો તે વખતે હું ટ્રક ડ્રાઈવિંગ કરતો હતો અને મારી સાથે કલીનર તરીકે રાજેશભા મુરૂભા સુમણીયા હતા. અમો તથા મારી સાથેના રાજેશભાઈ મીઠાપુર ટાટા કંપનીના કાકરી ગેટ સામે ચાની કેબીને ચા પીતા હતા. તા. ૧૭/૨/૧૯ના અઠવાડીયા પહેલા શનિભા માણશીભા સાથે ભરત પોલા તથા કાલો સાથે માથાકુટ થયેલી. ત્યારે આ શનિ માણશીભા, ભરત અને કાલો ચા પીતા હતા અને તેમના વચ્ચે બોલાચાલી થયેલી અને ત્યાંથી બધા જતા રહેલા અને ત્યાર બાદ તેઓ અવાર-નવાર ગેટ પાસે આવતા અને આખા દેવપરા ગામને ગાળો દેતા હતા ત્યાર બાદ તા. ૧૭/૨/૧૯ના રોજ રાત્રીના હું તથા રાજેશભા મીઠાપુર ટાટા કંપનીના કાકરી ગેટ પાસે ચા પીતા હતા. ત્યાં ભરત પોલા અને કાલો ત્યાં આવેલા અને કયાં છે શનિ તેમ કહી ગાળો બોલતા હતા તેમજ આખા દેવપરા ગામને ગાળો બોલતા હતા. જેથી કાલાને કહેલ કે તમારે એમની સાથે વાંધો હોય તેમાં આખા ગામને શું કામ ગાળો કાઢો છો તેમ કહેતા કાલાએ મને ધકકો મારેલ અને મારો કાઠલો પકડેલ. તે વખતે રાજેશભા વચ્ચે પડતા ઝપાઝપી થયેલ અને તેવામાં ભરત પોલાના હાથમાં રકાબી હતી જેને મારા માથાના કપાળના ભાગે ઘા મારેલ. ત્યાર બાદ ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલ જેથી તેઓ જતા રહેલ અને મને ટાટા હોસ્પીટલ લઈ ગયેલ. મને માથાના ભાગમાંથી લોહી નીકળતું હોય જેથી હું તથા રાજેશભા ચાલીને ટાટા હોસ્પીટલે ગયેલ. ત્યા મને પાટો બાંધેલ અને મે મારા મોટાબાપુના દિકરા સુરેન્દ્ર લુણાભા

માણેકને ફોન કરેલ અને અમોએ આ રીતે થઈ ગયેલું છે અને કોઈ છે નહિં જેથી ગાડી લઈને તેડી જાઓ તેમ કહેતા તેઓ મોટરસાયકલ લઈને આવતા અમો ત્રણેવ મોટર સાયકલ પર હોસ્પીટલેથી નીકળેલ. આ વખતે મોટર સાયકલ હું ચલાવતો હતો. રાજેશભા વચ્ચેના ભાગે બેઠો હતો અને સુરેન્દ્ર પાછળ બેઠો હતો. અમો પહેલા રાજેશભાને ઘરે મુકવા જતા હતા. તે વખતે રાત્રીના દોઢ કે બે વાગ્યાનો સમય થયેલ હશે. તે સમયે અમો આરંભડા આંખની હોસ્પીટલ આગળ માતાજીના મંદિર પાસે પહોચતા ત્યાં પાંચેક જણા જેમાં ભરત પોલા, કાલો, રવુભા, સુનિલ અને લખન આ પાંચેય ઉભા હતા. ભરત પોલાના હાથમાં લાકડાનો ધોકો , કાલાના હાથમાં તલવાર, રવુભાના હાથમાં છરી તથા લખન તથા સુનીલ એ રીતે પાંચ જણા ઉભા હતા અને કાલાએ હોન્ડા રોકી મારો કાઠલો પકડી ગાળો કાઢવા લાગેલ. તેવામાં રવુભાએ તેની પાસેની છરીનો ઘા સુરેન્દ્રને વાસાના ભાગે કરેલ. જેથી સુરેન્દ્ર નીચે પડી ગયેલ. જેથી રાજેશભાને કાલા અને રવુભાએ હોન્ડાથી નીચે ખેંચી લીધેલ અને રાજેશભાને છરી તથા તલવારથી ઘા મારવા લાગેલ. કાલો અને રવુભા છરી તથા તલવારથી ઘા કરતા હતા. સુનીલ અને લખને મને પાડી દઈ ધોકાથી મારતા હતા. ભરત પોલાએ મને તથા સુરેન્દ્રને ધોકાથી માર મારેલ અને અમે રાડારાડી કરી દેકારો કરેલ. જેથી આ લોકો ત્યાંથી ભાગી ગયેલ. ભરત પોલા મને લાકડાના ધોકાથી મારતો હતો તે ધોકો મે લઈ લીધો અને તે ધોકાથી મે તેને મારેલ અને ભરત પોલા ત્યાંથી ભાગી ગયેલ. રાજેશભા ત્યાં પડેલ હોય જેથી હું તથા સુરેન્દ્ર તેને મોટરસાયકલમાં વચ્ચે બેસાડી મીઠાપુર ટાટા હોસ્પીટલે લઈ ગયેલ અને ત્યાં ડોકટર સાહેબે રાજેશભાને તપાસી મરણ ગયેલાનું જણાવેલ. ત્યાર બાદ મે મારા ઘરે તથા સુરેન્દ્ર અને રાજેશભાના ઘરે ફોન કરી જાણ કરેલ અને મારા શેઠ કનુભાને પણ ફોન કરી જાણ કરેલ અને મને તથા સુરેન્દ્રને વધુ સારવાર માટે જામનગર જવાનું કહેતા મારા મામાના દિકરા રામભા બાલુભા અને રાજાભા મને એમ્બ્યુલન્સમાં તથા સુરેન્દ્રને ફોરવ્હીલમાં જામનગર જી. જી. હોસ્પીટલમાં લઈ

ગયલ. ત્યાં અમારી સારવાર કરેલ. ત્યાં મીઠાપુર પોલીસ આવી હતી અને મે ત્યાં મે બનાવ અંગેની ફરીયાદ લખાવેલ હતી. આ બનાવ બનવાનું કારણ ભરત અને કાલો દેવપરા ગામને ગાળો દેતા હોય જેથી મે આખા ગામને ગાળો દેવાની ના કહેતા હાલનો બનાવ બનેલ છે. '' સદર સાહેદ તેમની જુબાનીમાં આંક-૭૯ થી અસલ ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે તથા આરોપીને ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદને મુદ્દામાલ વાળા હથીયાર લાકડાનો ધોકો બતાવતા જણાવે છે કે, જે ભરત પોલાના હાથમાં હતો. જેના વડે તેમને તથા સુરેન્દ્રને ઈજા કરેલ. તે તે જ છે. જે  ઓળખી બતાવે છે, મુદ્દામાલ તલવાર બતાવતા જણાવે છે કે, જે કાલાના હાથમાં હતી. જેના વડે રાજેશભાને મારેલ. તે તે જ છે. જે તેઓ ઓળખી બતાવે છે, મુદ્દામાલ છરી બતાવતા જણાવે છે કે, જે આવી જ છરી હતી. પણ ચોકકસ કહી શેકે નહિ. જે છરી રવુભાના હાથમાં હતી. જેના વડે રાજેશભાને તથા સુરેન્દ્રને મારેલ. વધુમા સાહેદ જણાવે છે કે, તેમને ફરી પાછા પોલીસે બોલાવેલ કેટલા સમય પછી બોલાવેલ તે ચોકકસ યાદ નથી પરંતું બનાવ બનેલ તે જગ્યાનું પંચનામું કરવા માટે બોલાવેલ. જયાં તેમને પુછતા હતા અને પડેલું હતુ તે ઉપાડતા હતા.

**(૧૪.૧)** સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૪ના વિ.વ.શ્રી તરફે ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ'' દેવપરા ગામની વસ્તી આશરે બે હજાર જેટલી હશે. એ વાત ખરી છે કે દેવપરા ગામના મોટા ભાગના માણસો ટાટા કંપનીમાં નોકરી કરે છે. એ વાત ખરી છે કે દેવપરા ગામના માણસો ગજુભાની હોટલે ચા પીવા આવતા હતા. એ વાત ખરી છે કે શનિભા માણશીભા દેવપરા ગામનો છે. શનિભા મારો કોઈ સગો થતો નથી. એ વાત ખરી છે કે બનાવના અરસામાં શનિભા મારી સાથે ડ્રાઈવર કલીનર તરીકે પણ ન હતો. બનાવના અઠવાડીયા પહેલાં શનિભા સાથે બોલાચાલી થઈ તે પહેલા શનિભા

સાથે કોઈ માથાકુટ થઈ હોય તો તે હું જાણતો નથી. આ આરોપીઓ પૈકી ભરત ઉર્ફે કાલો અને સુનિલ વરવાળા આશ્રમશાળામાં અમારી સાથે ભણતા હતા તે રીતે તેને ઓળખું છું. બાકીના ત્રણ આરોપીઓને એટલો બધો ઓળખતો ન હતો પણ સામે આવે તો ખબર પડે કે આ લોકો છે. સુનિલ અને ભરત સાથે વરવાળા આશ્રમશાળામાં ૬ થી ૭ મહિના સાથે રહેલ. ત્યાર બાદ આ બંને જણા મારા કોન્ટેકમાં ન હતા. ભરત ઉર્ફે કાલો બનાવ બન્યો તે પહેલા કે મીઠાપુર જઈએ ત્યારે ઘણીવાર મળે ત્યારે ખબર પડે આ મારી સાથે આશ્રમશાળામાં ભણતો હતો. એ વાત ખરી છે કે બનાવ પહેલા ભરત ઉર્ફે કાલો પણ આશ્રમશાળામાં ભણતા હતા તે રીતે અમોને ઓળખતો હતો. એ વાત ખરી છે કે બનાવના અઠવાડીયા પહેલાની જે માથાકુટ હતી તે અમારી સાથે ન હતી. આ માથાકુચટમાં શનિભા અને ભરત પોલા તથા કાલા બંને જણા ચા પીતા હતા અને એકબીજા સામે જોતા હતા જેના કારણે આ માથાકુટ થયેલી. તે દિવસે શનિ અમારી સાથે આવેલ ન હતો. એ વાત ખરી છે કે શનિ સાથે હોટલ પર કોણ હતું અને તેની સાથે જોડે કોને આવેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે અઠવાડીયા પહેલાં માથાકુટ થયેલી ત્યારે હું હોટલ પર હાજર ન હતો. મને જે રકાબી મારેલ તે બનાવ બનાવના દિવસે રાત્રે બાર– સાડા બારે બનેલ. તે દિવસે અમો ટ્રક લઈને ત્યાં ટાટા કંપનીમાં આવેલ અને ચા–પાણી પીવા ત્યાં બેઠેલા. અમે જયારે ચા પીવા ગયા ત્યારે હું રાજેશ અને હોટલમાં ચા બનાવવાવારો હતો. અમે ચા પીવા ગયા ત્યારે તે જાગતો હતો. એ વાત ખરી છે કે મારા કહેવા મુજબ હોટલ ખુલ્લી હતી. એવુ બનેલ નથી કે અમે હોટલવારાને જગાડયો હોય અને ચા બનાવડાવી પીધી હોય. આ હોટલ પોલીસવાળા આવીને બંધ કરાવે તો કરી દે અને તે સીવાય હોટલની લાઈટ બંધ રાખી હોટલ ખુલ્લી રાખી ચા–પાણી પીવડાવે. અમે ચા પીવા ગયા ત્યાર બાદ દસ–પંદર મીનીટમાં આ બંને જણા આવેલા. આ બંને જણા આવ્યા ત્યારે ગજુભા હતા કે કેમ તે ખબર નથી કેમકે ચા વાળો હતો અને ગજુભા આજુબાજુ હોય કે ઉપર

સુતા હોય. સવાલ : આ બંને જણા આવ્યા અને ઝપાઝપી થયા બાદ હોટલ છોડી તે દરમ્યાન ત્યાં કોઈ માણસો હાજર હતા ? જવાબ : ઝપાઝપી થઈ તે સમયે ટાટા કંપનીના કાકરી ગેટનો સીકયુરીટીનો માણસ તેમજ બીજા બહારની ગાડીઓના ડ્રાઈવરો હતા તે આવી ગયેલા. માથાકુટ થઈ તે પહેલાં બીજું કોઈ હાજર હતુ નહિ.આ હોટલથી કાકરી ગેટ સામેના સાઈડે આવેલ છે વચ્ચે આડો હાઈવે આવેલ. આ હોટલની આજુબાજુ બીજી હોટલો પણ આવેલ છે. હોટલની આજુબાજુ એક–બે ગાડીઓ પડેલ હતી. આ જે ગાડીઓ પડેલ હતી તે બહારની હતી. તેના ડ્રાઈવર ત્યાં આવેલ હોય અને મે ઓળખેલ હોય તેવું મને ખબર નથી. ગજુભાની હોટેલે જે બનાવ બનેલ તે બનાવ બાદ પાંચેક મિનિટ ત્યા રોકાયેલ. ગજુભાની હોટેલે જે બનાવ બનેલ તે બનાવની જાણ અમોએ મોબાઈલથી પોલીસને કરેલ નહી. ગજુભાની હોટેલેથી મે સુરેન્દ્ર લુણાભાને જાણ કરેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ગજુભાની હોટેલેથી હોટેલ પર બનેલ બનાવ બાબતે કોઈને જાણ કરેલ નહી. હુ હોટેલે લોહી લુહાણ થયેલ. હોટેલ બનેલ બનાવમા મને કપાળના ભાગે ઈજા થયેલી તે સિવાય શરીરના બીજા ભાગે કોઈ ઈજા થયેલ નહી. ગજુભાની હોટેલેથી હોસ્પીટલ અંદાજે પાંચસોક મીટર દુર હશે. હોટેલેથી પોલીસનો સંપર્ક કરવો હોય તો દોઢેક કી.મી. દુર જી.આઈ.ડી.સી. મા જવુ પડે. એ વાત ખરી છે કે ગજુભાની હોટેલે જે બનાવ બનેલ તેની બાજુમા આઉટ પોસ્ટ ચોકી છે. એ વાત ખરી છે કે હોસ્પીટલે પહોંચી જે સારવાર લીધી તે સમયે ડોકટરને કોઈ જાણ કરેલ નહી. હોસ્પીટલે સારવાર લીધી ત્યા પંદરેક મિનિટ જેટલો સમય રોકાયેલ હોઈશુ ત્યારબાદ થોડીવાર બહાર બેઠેલ. સુરેન્દ્રને બોલાવાનુ કારણ એ હતુ કે હોટેલ જે બનાવ બનેલ ત્યારબાદ તેઓએ અમોને ધમકી આપી કે તમો અહીયા રહેજો અમે આવીએ છીએ અને અમારે ઘરે જવુ હોય પરંતુ અમારી પાસે કોઈ વાહન ન હોય સુરેન્દ્રને મોટર સાઈકલ લઈને બોલાવેલ. સુરેન્દ્ર મારા મોટા બાપુનો દીકરો થાય છે. રાજેશના બાપુજીને કોઈ જાણ કરેલ નહી. સુરેન્દ્ર એકલો જ આવેલો. સવાલ :

સુરેન્દ્રને ટાટા હોસ્પીટલે આવવુ હોય તો આંખની હોસ્પીટલવાળા રસ્તે થઈને આવી શકાય ?જવાબ : ટાટા હોસ્પીટલ આવવા માટે આંખની હોસ્પીટલવાળા રસ્તા સિવાય બીજા પણ ઘણા રસ્તા છે ત્યાથી આવી શકે. સુરેન્દ્ર કયા રસ્તેથી આવેલ તે અમે પુછેલ નહી અને આજદીન સુધી મને જાણવા મળેલ નથી. એ વાત ખરી છે કે સુરેન્દ્ર આવી ગયા બાદ પણ હોટેલવાળા બનાવ સંબંધે પોલીસનો કોઈ સંપર્ક કરેલ નથી. એ વાત ખરી છે કે આંખની હોસ્પીટલવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે. એ વાત ખરી છે કે અમારે પોતાને તથા રાજેશભાને તથા સુરેન્દ્રને આવવા જવા માટે આ રસ્તો પણ છે અને બીજા પણ રસ્તા આવેલ છે. બનાવવાળા રસ્તે અમે આરોપીઓને દુરથી જોયેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવવાળા રસ્તે ગોલાઈ આવતી હોય દુરથી દેખાય નહી. સ્ટ્રીટ લાઈટ ચાલુ હતી કે કેમ તે હાલ મને યાદ નથી. જે સમયે અમને રોકેલ તે સમય આરોપીઓ પાસે વાહનનો હતા કે કેમ તે મે દેખેલ નહી. જયારે અમોને રોકેલ ત્યારે આરોપીઓ સાથે વાતચીત થયેલ. સામેથી કાલો અને ભરતે વાતચીત કરેલ અને અમારી બાજુથી મે વાતચીત કરેલ. વાતચીતમા તે લોકોએ એવુ કીધુ કે હવે બોલો હવે શુ છે ત્યારે મે જણાવેલ કે અમે ઘરે જઈએ છીએ અમારે કાઈ કરવુ નથી. આ વાતચીત થઈ તે વખતે ત્યા સામાવાળા બધા ભેગા હતા. વાતચીત થઈ અને બનાવ બન્યો તેમા કેટલો સમય ગયો તે અંગે હુ ચોકકસ કહી શકુ નહી પરંતુ દસ પંદર મિનિટ જેટલો સમય થયેલ હશે. આ બનાવમા છરીની ઈજા સુરેન્દ્ર લુણાભા અને રાજેશને થયેલ. તલવારની ઈજા રાજેશને થયેલી. આ બે હથિયારથી મને કોઈ ઈજા થયેલ નહી. બનાવ સમયે રાજેશભા બેભાન થઈ ગયેલ સુરેન્દ્ર બેભાન હતો નહી પરંતુ સાઈડમા બેઠો હતો. બનાવ બનેલ જેથી ગભરામણને કારણે શુ થાય છે તે અંગે મને કોઈ ભાન રહેલ નહી. હોસ્પીટલ અમો મોટર સાઈકલ ચલાવીને જાતે ગયેલ જેમા હુ મોટર સાઈકલ ચલાવતો હતો, વચ્ચમા રાજેશને બેસાડેલ અને પાછળ સુરેન્દ્ર બેઠેલ. ત્યા ૧૦૮ આવેલ નહી અને અમે બોલાવેલ પણ નહી. સામેવાળા ત્યાથી

ભાગી ગયેલા. એ વાત ખરી નથી કે મારા કહેવા મુજબ અમારા ત્રણ સિવાય બીજા કોઈને ઈજા થયેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ભરત પોલાને ઈજા થયેલી. બનાવના સ્થળે ૧૦૮ આવેલ હોય અને આરોપીઓને ૧૦૮ મા લઈ ગયેલ હોય તેની અમને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમો મોટર સાઈકલ પર ગયા બાદ શુ થયુ તેની મને ખબર નથી. અમે બનાવ સ્થળ છોડયુ ત્યારે સામેવાળા ત્યા હાજર હતા નહી. બનાવ સ્થળેથી પોલીસને કે કોઈને જાણ કરેલ નહી. એ વાત ખરી છે કે બનાવ સ્થળની બાજુમા પોલીસ ચોકી આવેલ છે. હોસ્પીટલમા ગયા બાદ અમોને હોસ્પીટલમા અંદર લઈ ગયેલ ત્યારબાદ ડોકટરે સુરેન્દ્રને જામનગર લઈ જવુ પડશે અને રાજેશ ગુજરી ગયેલ છે તેવુ કહેતા તે સમયે મે રાજેશના પિતાશ્રીને તથા અમારા ઘરનાને અને અમારી ગાડીનો શેઠ કનુભાને ફોન કરીને જાણ કરેલ. અમો સારવારમા હતા તે સમય આ બધા લોકો આવી ગયેલા. પોલીસ આવી ગયેલ કે કેમ તે મને હાલ ખબર નથી. હુ હોસ્પીટલે કેટલો સમય રોકાયેલ તે મને ખબર નથી. મને બાટલા ચાલુ હતા. આ હોસ્પીટલમાથી સારવાર માટે જામનગર ગયેલા. જામનગર હોસ્પીટલે રાત્રીના લઈ ગયેલા કેટલા વાગે લઈ ગયેલા તે સમય મને ખબર નથી. મને લઈ ગયા ત્યારે હુ ભાનમા હતો નહી. હુ ખંભાળીયાની આગળ ગયો ત્યારે થોડો ઘણો ભાનમા આવેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હુ ભાનમા એ રીતે નહોતો કે બનાવ બન્યા બાદ શુ શુ કરુ છુ, શુ બોલુ છુ તે મને ખબર પડતી ન હતી તે રીતે ભાનમા ન હતો. જામનગર હોસ્પીટલમા લઈ ગયેલા ત્યારે મારી સાથે મારા મામાનો દીકરો રામભા બાલુભા સુમણીયા હતા. અમો એમ્બ્યલુન્સમા જતા હતા અને તે વખતે બાટલા ચાલુ હતા. રામભા સાથે મે એમ્બ્યુલન્સમા બનાવની કોઈ વાતચીત કરેલ નહી. જામનગર જી. જી. હોસ્પીટલમા કેટલા વાગે પહોંચ્યા તેની મને ખબર નથી પરંતુ અમારી સારવાર લેવાતી હતી ત્યારબાદ પોલીસે મને બહાર બોલાવ્યો ત્યારે દીવસ ઉગતો હોય તેવુ દેખાતુ હતુ. જે પોલીસે મને બોલાવેલ તે જામનગર ની હતી કે મીઠાપુરની તે મને

ખબર નથી. પોલીસ સાથે બનાવ બાબતે વાતચીત થયેલ. પોલીસે મારી ત્યા જ સહી લીધેલ કે કેમ મને હાલ ચોકકસ યાદ નથી. મે હોસ્પીટલમા સહી કરેલ કે મીઠાપુર પોલીસ સ્ટેશનમા સહી કરેલ તે મને ચોકકસ યાદ નથી. મારી જે સહી લીધેલ તે બનાવ બાબતમા સહી લીધેલી એટલી મને ખબર છે. મે સહી કરતા પહેલા કાગળીયા વાંચેલ નહી. મે સહી કરી ત્યારે મારી સાથે કોણ કોણ હતુ તે મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે બનાવના કારણે મારી પરીસ્થિતિ સારી ન હોય મે સહી કયા સ્થળે કરી તે હુ હાલ કહી શકતો નથી. જામનગર જી. જી. હોસ્પીટલમા હુ સારવાર માટે રોકાયેલ અને ત્યાથી મને બહાર લઈ ગયેલ અને ત્યારબાદ મીઠાપુર પોલીસ સ્ટેશનમાથી ચંદ્રકલાબા આવેલા તેઓ મને લઈ ગયેલ જેમા દોઢેક કલાક જેટલો સમય થયેલ હશે. હોસ્પીટલમા હુ સુરેન્દ્રને મળેલ નહી. હવે હુ કહુ છુ કે હોસ્પીટલમા સારવાર ચાલતી હતી તે વખતે સુરેન્દ્ર અને મારી ભેગી સારવાર ચાલતી હતી તે વખતે મળેલ ત્યારબાદ પોલીસવાળા મને બહાર લઈ ગયેલા પછી મળેલ નથી. ચંદ્રકલાબા મને મીઠાપુર જીપમા બેસાડીને પોલીસ સ્ટેશન લાવેલ. તે સમયે મારી સાથે પોલીસ સિવાય બીજુ કોઈ હતુ નહી. ત્યારબાદ હુ ઘણા સમય પછી સુરેન્દ્રને ટાંકા તોડાવાના હતા તે સમયે તેને લઈને હુ જામનગર હોસ્પીટલે ગયેલો. એ વાત ખરી નથી કે આ કામના આરોપીઓએ ગજુભાની હોટેલે રાજેશભાની હાજરીમા મને કોઈ માર મારેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના આરોપીઓએ મને માથાના ભાગે કાચની રકાબી મારેલ નથી કે તે સંબંધે મે ટાટા હોસ્પીટલમા સારવાર લીધેલાનુ ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે આ કામના આરોપીઓ આરંભડા આંખની હોસ્પીટલ પાસે મને, રાજેશભાને અને સુરેન્દ્ર લુણાભાને રોકી માર મારી ઈજા કરેલાનુ હુ ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે આ કામના આરોપીઓને હાલના ગુન્હાના કામે મે અને સુરેન્દ્રભાએ ખોટી રીતે નામ આપી સંડોવેલ હોય. એ વાત ખરી નથી કે બનાવ સંબંધેની કોઈ હકીકત મે પોલીસને જણાવેલ ન હોવા છતા મે ફરીયાદ આપેલાનુ હુ ખોટુ જણાવુ છુ. એ વાત

ખરી નથી કે આ કામના આરોપી ભરતભા પોલાભાને મે માર મારી ઈજા કરેલ હોય અને જે ગુન્હાના કામે મારો બચાવ કરવા આ કામના આરોપીઓ વિરુઘ મે ખોટી હકીકત ફરીયાદી તરીકે જાહેર કરેલી છે. '' સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૫ ના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ'' હુ ધોરણ ૮ સુધી ભણેલ છુ. મારા મોબાઈલ નં. ૯૮૯૮૯ ૫૭૫૪૫ છે. મે ૨૦૧૭ મા લગભગ ફોન લીધેલો. એ વાત ખરી છે કે આ ફોન મારી પાસે ૨૪ કલાક રહેતો હતો. ગુજરનાર રાજેશભા પણ મોબાઈલ રાખતા હતા. એ વાત ખરી છે કે અમારે અને ગુજરનાર રાજેશભા સાથે મોબાઈલથી સંપર્ક હતો. એ વાત ખરી છે કે કાંકરી ગેટ પાસે જયારે બનાવ બનેલ તે સમયે પણ અમારી પાસે મોબાઈલ હતા. એ વાત ખરી છે કે ગણેશપરા વિસ્તાર તે સુરજકરાડી ગ્રામ પંચાયતમા આવે છે. એ વાત ખરી છે કે મારી સામે જે ગુન્હો દાખલ થયેલ તેમા ચાર્જશીટના કાગળો મને મળેલ. એ વાત ખરી છે કે દેવપરા થી શોર્ટકટ રસ્તામા આવવુ હોય તો સિમેન્ટ પ્લાન્ટથી શકિતનગરથી માલારા તળાવથી સુરજકરાડી આવી શકાય. એ વાત ખરી છે કે કાંકરી ગેટથી જીઆઈડીસી તથા આંખની હોસ્પીટલ તથા બનાવવાળી જગ્યાએથી જવામા આવે તો તે લાંબો રસ્તો પડે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમે ટાટા હોસ્પીટલથી શોર્ટકટવાળા રસ્તે જઈએ તો નવનીત હોટેલ આવે અને અમોને એવી ખાત્રી હતી કે આ લોકો ત્યા હશે તેથી અમો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની પાછળથી જી.આઈ.ડી.સી. પરથી જવાનો રસ્તો પસંદ કરેલ. બનાવવાળા રસ્તેથી આરંભડા જવાય અને આ બાજુ નાગેશ્વર ગોપી તળાવ પણ જવાય. એ વાત ખરી છે કે બનાવવાળા રસ્તાની પશ્ચિમ બાજુ ઘણા બધા રહેણાંકના મકાનો અને દુકાનો આવેલી છે. એ વાત ખરી છે કે આ બનાવવાળો રસ્તો ખાડા ખડબાવાળો છે. શનિભા દેવપરા વિસ્તારના છે પણ અમારા કોઈ સગા થતા નથી. એ વાત ખરી છે કે બનાવવાળા સ્થળેથી અડધો કી.મી. દુર મીઠાપુર પોલીસ સ્ટેશન આવેલ છે. અમે બનાવ પહેલા પોલીસને કોઈ ફોન કરેલ નથી કે

પોલીસને રુબરુમા સંપર્ક પણ કરેલ નથી. એ વાત ખરી છે કે અમો બનાવ પહેલા જે રસ્તે નીકળ્યા તે રસ્તા આગળ પોલીસ સ્ટેશન આવે. એ વાત ખરી છે કે બનાવવાળા વિસ્તારથી હુ પરીચિત છુ. એ વાત ખરી છે કે ભરત પોલાનુ મકાન બનાવવાળા સ્થળની રસ્તાની બીજી દિશામા નજીક આવેલ છે. એ વાતની મને ખબર નથી કે કાંકરીવાળા ગેટ આગળ જે બનાવ બનેલો તે વખતે બારોટભાઈ પોલીસવાળા આવેલા અને તેમણે સમાધાન કરાવેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એક ભાઈ આવેલા તેઓ બારોટભાઈ પોલીસવાળા હતા કે કેમ. એ વાત ખરી છે કે આરોપીઓ અગાઉ દેવપરા ગામ વિશે જે ગાળો કહેતા તે બાબતે અમે પોલીસમા કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે કાંકરી ગેટ પાસે જે બનાવ બનેલ તે બનાવમા આરોપી નં. ૫ લખનભા હતા નહી. એ વાત ખરી છે કે અમે અને આરોપીઓ બધાય એક જ જ્ઞાતિના છીએ. એ વાત ખરી છે કે આ બનાવ પહેલા મારે લખનભા સાથે કોઈ ઝઘડો કે તકરાર હતી નહી જેથી હુ તેને ઓળખતો પણ ન હતો. એ વાત ખરી છે કે પોલીસે મને આરોપી લખનભાની મામલાતદાર રુબરુ કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળા સ્થળેથી ઉતર દિશા તરફ આરંભડા ગામે હાઈવે પર જતા પોલીસ આઉટ પોસ્ટ આવેલ છે. એ વાત ખરી છે કે મે આરોપી લખનભાનુ નામ ફરીયાદમા લખાવેલ નથી. પોલીસે મારુ વિશેષ નિવેદન લીધેલ છે કે કેમ મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે બનાવ વખતે શિયાળાની રાત હતી. એ વાત ખરી છે કે ઠંડીથી બચવા બધાયે જાકીટ પહેરેલા હતા. એ વાત ખરી છે કે રાજેશભા, સુરેન્દ્ર તથા શનિને આરોપી નં. ૫ સાથે કોઈ બનાવ પહેલા કોઈ અણબનાવ હતો નહી. મે જામનગર કેસ પેપર્સ કે મેડીકલ સર્ટી મારુ જોયેલ નહી. જામનગર ડોકટરને જે વિગત લખાવેલ તે મારી સાથેના આવેલા રામભા અને રાજાભાએ લખાવેલી. રાજાભા તથા રામભા બંને મારા મામાના દીકરા થાય. એ વાત ખરી નથી કે ગુજરનાર રાજેશભા તથા મને અને સુરેન્દ્રને એક સાથે જામનગર લઈ ગયેલા. એ વાત ખરી છે કે તાજો બનાવ બનેલો હોય મારી માનસિક

સ્થિતિ સ્વસ્થ ન હતી. અમારી સાથે આશરે અલગ અલગ વાહનમા ચાર પાંચ જણા આવેલા. એ વાત ખરી છે કે મે ડોકટરને હીસ્ટ્રીમા કોઈ નામ લખાવેલ નહી. ગુજરનાર રાજેશભા મારી ગાડીનો કલીનર હતો જે બે થી ત્રણ મહીનાથી આવેલો. હુ દવાખાનેથી પોલીસ સ્ટેશને ગયેલો અને સાંજે સ્મશાને ગયેલો. અંતિમ સંસ્કાર નાગેશ્વર ગામે રાખેલા. અંતિમ સંસ્કાર તે દીવસે રાખેલ કે બીજા દિવસે રાખેલ તે મને હાલ યાદ નથી. સાંજે અંધારા જેવુ થઈ ગયેલુ ચોકકસ ટાઈમ કહી શકુ નહી. જામનગર થી રાજેશને કેટલા વાગે લાવેલ તેની મને ખબર નથી. અંતિમ સંસ્કારમા હુ એક જ ગયેલો હતો કનુભા હતા કે કેમ તેની મને ખબર નથી. કનુભા અમારા શેઠ હતા કોઈના સગા થતા ન હતા. અંતિમ સંસ્કારમા અડધો પોણો કલાક રોકાયેલ. ત્યારબાદ હુ મારા ઘરે ગયેલ. એ વાત ખરી છે કે અંતિમ સંસ્કાર બાદ વાઘેર જ્ઞાતિમા ૧૧ દિવસ સુધી બેસવાની ક્રિયા હોય છે. હુ આ ૧૧ દિવસમા એક વખત ગયેલો. હુ ત્રીજે ચોથે દિવસે ગયેલો. હુ બપોરનો સમય થયેલ હશે ત્યારે ગયેલ હોઈશ ચોકકસ સમય યાદ નથી. હુ કલાક જેટલો રોકાયેલ. એ વાત ખરી છે કે કાંકરીના ગેટવાળા વિસ્તારથી અડધો કી.મી. દુર સુરજકરાડી મુકામે સરકારી દવાખાનુ આવેલ છે. એ વાત ખરી છે કે ટાટા હોસ્પીટલ છે તે પ્રાઈવેટ હોસ્પીટલ છે. એ વાત ખરી છે કે દવારકામા પણ સરકારી હોસ્પીટલ આવેલ છે. એ વાત ખરી છે કે બનાવવાળા વિસ્તારથી આગળ સિમેન્ટ પ્લાન્ટ આવેલ હોય રાત્રે કર્મચારીઓ છુટતા હોય તેની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે અમે ત્રણ સવારીમા હતા અને હેલ્મેટ પહેરેલ ન હતા. એ વાત ખરી નથી કે આરોપી નં. ૫ નાએ ઢ ીકાપાટુનો માર મારેલાની હકીકત ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે મને કોઈ ઢ ીકાપાટુનો માર મારેલ નહી પરંતુ હોન્ડા પરથી પડી જવાથી મુઢ માર વાગેલ. એ વાત ખરી નથી કે મારી વિરુધની ફરીયાદમા પોલીસે આરોપી નં. ૫ ને સાહેદ તરીકે દર્શાવેલ હોય તેના પર દબાણ લાવવા તેનુ ખોટુ નામ લખાવેલ છે. એ વાત ખરી નથી કે મારી સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ તમામ આક્ષેપિત વિગતો ખોટી

જણાવુ છુ. એ વાત ખરી નથી કે કહેવાતા બનાવ સમયે આરોપી નં. પ ની હાજરી ન હોવા છતા હાજર હોવાનુ ખોટુ જણાવુ છુ. ''

(૧૪.૨) આમ, સદર સાહેદનો પુરાવો જોતાં પ્રથમ તા.૧૭/૦૨/૨૦૧૯ ના અઠવાડીયા પહેલા શનીભા માણસીભા સાથે ભરત પોલા અને કાલા સાથે માથાકુટ થયેલી ત્યારબાદ અવાર નવાર ભરત પોલા અને કાલો આખા દેવપરા ગામને ગાળો દેતા હતા અને ત્યારબાદ તા.૧૭/૦૨/૨૦૧૯ ના રાત્રીના ફરીયાદી તથા રાજેશભા ટાટા કંપનીનાં કાકરી ગેટ પાસે ચા પીતા હતા ત્યારે ભરત પોલા અને કાલો આવેલા અને આખા દેવપરા ગામને ગાળો બોલતા હતા જેથી કાલા ને આખા ગામને શુ કામ ગાળો કાઢો છો તેમ કહેતા કાલા એ ધકકો મારેલ અને કાઠલો પકડેલ તે વખતે રાજેશભા વચ્ચે પડતા ઝપાઝપી થયેલ અને તેવામા ભરત પોલાએ તેના હાથમાની રકાબી ફરીયાદીના કપાળના ભાગે ઘા મારેલ ત્યારબાદ ટાટા હોસ્પીટલે ગયેલ અને ત્યાં પાટો બાંધેલ અને તેના મોટા બાપુના દિકરા સુરેન્દ્ર લુણાભા માણેકને ફોન કરી ગાડી લઈ ને તેડી જવા જણાવતા મોટર સાયકલ લઈ ને આવતા તેઓ ત્રણેય હોસ્પીટલેથી નીકળેલ આ વખતે મોટર સાયકલ ફરીયાદી ચલાવતા હતા, રાજેશભા વચ્ચે બેઠા હતા અને સુરેન્દ્ર પાછળ બેઠા હતા અને પહેલા રાજેન્દ્રને ઘરે મુકવા જતા હતા તે વખતે રાત્રીના દોઢ – બે વાગ્યાના સમયે આરંભડા આંખની હોસ્પીટલ આગળ માતાજીના મંદીર પાસે પહોંચતા ભરત પોલા, કાલો, રવુભા, સુનીલ અને લખન ઉભા હતા અને ભરત પોલાના હાથમાં લાકડાનો ધોકો, કાલાના હાથમાં તલવાર, રવુભાના હાથમાં છરી તથા લખન તથા સુનીલ એ રીતે પાંચ જણા ઉભા હતા અને કાલાએ હોન્ડા રોકી ફરીયાદીનો કાઠલો પકડી ગાળો કાઢવા લાગેલ તેવામાં રવુભા એ તેની પાસેની છરીનો ઘા સુરેન્દ્રને વાસાના ભાગે કરેલ જેથી સુરેન્દ્ર નીચે પડી ગયેલ અને રાજેશભા ને કાલા તથા રવુભા એ હોન્ડાથી નીચે ખેંચી લીધેલ અને છરી તથા તલવારથી ઘા મારવા લાગેલ. કાલો અને રવુભા

છરી તથા તલવારથી ઘા કરતા હતા, સુનીલ અને લખને ફરીયાદીને પાડી દઈ ધોકાથી મારતા હતા, ભરત પોલાએ ફરીયાદી તથા સુરેન્દ્રને ધોકાથી માર મારેલ અને રાડારાડી કરતા આ લોકો ત્યાંથી ભાગી ગયેલ. રાજેશભા ત્યાં પડેલ હોય જેથી ફરીયાદી તથા સુરેન્દ્ર તેને મોટર સાયકલમાં વચ્ચે બેસાડી મીઠાપુર ટાટા હોસ્પીટલે લઈ ગયેલ ત્યાં ડોકટર સાહેબે રાજેશભા ને તપાસી મરણ ગયેલાનુ જણાવેલ. જે બાબતની ફરીયાદ આંક–૭૯ થી સદર સાહેદની જુબાનીમાં રજુ થયેલ છે વધુમાં સદર સાહેદ આરોપીને ઓળખી બતાવે છે તેમજ મુદ્દામાલ લાકડાનો ધોકો, તલવાર તથા છરી ઓળખી બતાવે છે અને કોના હાથમાં કયુ હથીયાર હતુ તે પણ સોગંદ ઉપર જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી તરફે કરેલ ઉલટ તપાસમાં બનાવના અઠવાડીયા પહેલાની જે માથાકુટ હતી તે તેઓ સાથે ન હતી તે હકીકત નો સ્વીકાર કરેલ છે, તેમજ હજુભા ની હોટલે જે બનાવ બનેલ તેની બાજુમાં આઉટ પોસ્ટ ચોકી છે, હોસ્પીટલે પહોંચી જે સારવાર લીધી તે સમયે ડોકટરને કોઈ જાણ કરેલ નહિ તે હકીકતનો સ્વીકાર કરેલ છે. આંખની હોસ્પીટલ વાળો વિસ્તાર રહેણાંક વાળો વિસ્તાર છે, ફરીયાદી પોતાના તથા રાજેશભા ને તથા સુરેન્દ્રભા ને આવવા જવા માટે આ રસ્તો પણ છે અને બીજા રસ્તા પણ આવેલ છે. તે હકીકતનો સ્વીકાર કરેલ છે. આ બનાવમાં છરીની ઈજા સુરેન્દ્ર લુણાભા અને રાજેશને થયેલ,તલવારની ઈજા રાજેશને થયેલી આ બે હથિયારથી ફરીયાદીને કોઈ ઈજા થયેલ નથી તેમ જણાવે છે. બનાવ સ્થળની બાજુમાં પોલીસ ચોકી આવેલાનુ સ્વીકારેલ છે. આ કામના આરોપીઓએ આરંભડા આંખની હોસ્પીટલ પાસે ફરીયાદી, રાજેશભા અને સુરેન્દ્ર લુણાભા ને રોકી માર મારી ઈજા કરેલાનુ ખોટુ જણાવતા હોવાનો ઈન્કાર કરેલ છે. કાકરી ગેઈટ પાસે જે બનાવ બનેલ છે તે બનાવમાં આરોપી નં.પ લખનભા હતા નહિ, આ બનાવ પહેલા ફરીયાદીને લખનભા સાથે ઝઘડો કે તકરાર હતી નહી જેથી ઓળખતો પણ ન હતો, પોલીસે ફરીયાદીને આરોપી લખનભા ની મામલતદાર રૂબરૂ કોઈ ઓળખપરેડ કરાવેલ

નથી, ફરીયાદમાં આરોપી લખનભા નુ નામ લખાવેલ નથી, રાજેશભા સુરેન્દ્રભા તથા શની ને આરોપી નં.૫ સાથે બનાવ પહેલા કોઈ અણબનાવ હતો નહિ તે તમામ હકીકતનો સ્વીકાર કરેલ છે તેમજ આરોપી નં.૫ નાએ ઢીકા પાટુનો માર મારેલ હોવાની હકીકત ખોટી જણાવેલ છે. તે હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૫) ફરીયાદપક્ષે આંક–૮૫ થી સાહેદ સુરેન્દ્ર લુણાભા માણેક ને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' બનાવ આજથી આશરે બેએક વર્ષ પહેલા બનેલો એટલે કે તા. ૧૭/૦૨/૧૯ ના રોજ બનેલ તે વખતે હુ મારા ઘરે સુતો હતો ત્યારે રાત્રીના આશરે દોઢેક વાગ્યે મારા કાકાના દીકરા ગગાભા નુંધાભા માણેકનો મને ફોન આવેલ અને મને વાત કરેલ કે તેઓ અને તેમનો કલીનર રાજેશ બંને કાંકરી ગેટ પાસે ચા ની હોટલે જે કાંકરી ગેટની સામે આવેલ છે ત્યા ચા પીતા હતા ત્યારે ભરત પોલા તથા કાલો ત્યા હતા તેના સાથે બોલાચાલી થતા ભરત પોલાના હાથમા ચા ની રકાબી હોય તેનો ઘા મને કપાળના ભાગે મારેલ જેથી મને લોહી નીકળવા લાગતા અમો ટાટા હોસ્પીટલે સારવારમા ગયેલ છીએ અને અમારી પાસે બાઈક નથી તેથી તમે અમોને ઘરે જવા માટે આવીને અમોને તેડી જાવ આમ કહેતા હુ બાઈક લઈને ટાટા હોસ્પીટલે તેઓને તેડવા માટે ગયેલ હતો અને ત્યારે આ બાઈક ગગાભાએ ચલાવા માટે લઈ લીધેલ અને રાજેશભા વચ્ચમા બેઠેલ હતા અને હુ પાછળ બેઠેલ હતો અને ત્યાથી પહેલા અમો રાજેશભાને ઘરે મુકવા જતા હતા તેથી અમો ટાટા હોસ્પીટલેથી નીકળીને આરંભડા આંખની હોસ્પીટલ પાસે આશાપુરા ડેરીની બાજુએ પહોંચેલ ત્યારે ભરત પોલા, કાલો, રવુ, સુનીલ, લખન જેઓ પાંચેય જણા બાઈકની સામે અચાનક આવી ગયેલ અને કાલાએ ગગાભાનો કાઠલો પકડેલ અને કાલાના હાથમા તલવાર હતી, રવુના હાથમા છરી હતી, ભરત પોલાના હાથમા લાકડાનો ધોકકો હતો અને સુનીલ અને લખન બંને હાજર હતા અને કાલાએ ગગાભાનો કાઠલો પકડી ગાળો બોલતો હતો અને રવુએ મારા

પાછળના ભાગે છરીનો ઘા કરેલ જેથી હુ નીચે પડી ગયેલ અને કાલા તથા રવુએ રાજેશનો કાઠલો પકડી નીચે ઉતારી દીધેલ અને છરી અને તલવાર વડે રાજેશને આડેધડ શરીરે ઘા મારેલ અને સુનીલ અને લખન એ ગગાભાને આડેધડ માર મારતા હતા અને ભરત પોલાએ લાકડાના ધોકકા વડે મને તથા ગગાભાને આડેધડ માર મારતા હતા જેથી અમોએ રાડારાડ અને બુમાબુમ કરેલ જેથી આ પાંચમાથી ચાર જણા ભાગી ગયેલ અને ભરત પોલા લાકડાના ધોકકા વડે મને તથા ગગાભાને ઘા કરતા હતા અને ત્યારે ગગાભાએ ભરત પોલાના હાથમાથી લાકડાનો ધોકકો ઝુંટવી લીધેલ અને ગગાભાએ ભરત પોલાને લાકડાના ધોકકા વડે બે ત્રણ ઘા કરેલ જેથી ભરત પોલા પણ ત્યાથી ભાગી ગયેલ અને અમો રાજેશભા પાસે ગયેલ તો તે કાઈ બોલતો ન હતો તેમને છરી અને તલવારના ઘા લાગેલા હતા જેથી મે તથા ગગાભાએ રાજેશભાને ઉપાડી મોટર સાઈકલમા વચ્ચે બેસાડી ટાટા હોસ્પીટલ મીઠાપુર મુકામે લઈ ગયેલ અને ત્યા પહોંચતા અમો ત્રણેય પડી ગયેલ અને ત્યા હાજર માણસોએ અમોને ઉપાડી અંદર ટાટા હોસ્પીટલમા લઈ ગયેલ અને ત્યારે ફરજ પરના ડોકટરશ્રીએ રાજેશભાને તપાસી તેઓ અવસાન પામેલ છે તેમ જણાવેલ અને ત્યારબાદ ગગાભાએ તેમના ઘરના તથા તેમના શેઠ કનુભાને ફોન કરીને બનાવની જાણ કરેલ અને મને તથા ગગાભાને વધુ સારવાર માટે જામનગર જવાનુ કહેતા મને કનુ શેઠની ફોર વ્હીલમા તથા ગગાભાને એમ્બ્યુલન્સમા જામનગર જી. જી. હોસ્પીટલમા સારવારમા લઈ ગયેલ અને ત્યા પહોંચ્યા બાદ ડોકટરે અમો બંને સારવાર કરેલ અને ત્યા અમોએ ડોકટર રુબરુ બનાવની હકીકત જણાવેલ અને મને સારવારમા પાછળના ભાગે વાંસામા પાંચ ટાંકા આવેલા અને ગગાભાને શરીરમા મુઢ ઈજા થયેલી અને ત્યારબાદ બપોર પછી અમોને રજા આપી દીધેલી. આ બનાવની ફરીયાદ ગગાભાએ પોલીસમા આપેલી. પોલીસે મારી બનાવ બાદ અઠવાડીયા પંદર દીવસ પછી પુછપરછ કરેલી જેમા પોલીસ રુબરુ અમોએ બનાવની હકીકત લખાવેલી. હુ આ કામના આરોપીઓને ઓળખુ છુ. જેઓ

આજરોજ નામ. કોર્ટમા હાજર છે તે જ છે જેથી હુ આરોપીઓને ઓળખી બતાવુ છુ. મને મુદામાલ હથિયાર છરી, તલવાર, લાકડાનો ધોકકો બતાવવામા આવે તો હુ ઓળખી શકુ. મને મુદામાલ હથિયાર બતાવવામા આવે તો હુ ઓળખી શકુ. મને મુદામાલ પાવતી નં. ૧/૧૯ ના આર્ટીકલ નં. ૪ લાકડાનો ધોકકો બતાવવામા આવે છે જે ભરત પોલાના હાથમા હતો જે તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ આ લાકડાના ધોકકા વડે મને તથા ગગાભાને મારેલ. મને મુદામાલ પાવતી નં. ૧/૧૯ ના આર્ટીકલ નં. ૫ તલવાર બતાવવામા આવે છે જે બનાવ સમયે કાલાના હાથમા હતી તે જ છે જેના વડે રાજેશભાને મારેલ. મને મુદામાલ પાવતી નં. ૩/૧૯ ના આર્ટીકલ નં.૧ છરી બતાવવામા આવે છે જે બનાવ સમયે રવુભાના હાથમા હતી તે છરી વડે મને પાછળના ભાગે ઘા મારેલ તથા રાજેશભાને મારેલ જે છરી હુ ઓળખી બતાવુ છુ. બનાવ સમયે મે લાલ ટીશર્ટ તથા જીન્સનુ પેન્ટ પહેરેલ જે કપડા મે પોલીસને તપાસના કામે આપેલ. મને મુદામાલ પાવતી નં. ૫/૧૯ ના આર્ટીકલ નં. ૩ બતાવવામા આવે છે જે બનાવ સમયે મે જે કપડા પહેરેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ. ''

**(૧૫.૧)** સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૪ના વિ.વ.શ્રી તરફે ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' બનાવ પહેલા મને રાત્રે જયારે ફોન આવેલ તે પહેલાથી આખો દીવસ હુ ઘરે જ હતો. હુ આખો દીવસ ઘરે હતો અને મારી પર ફોન આવ્યો તે વચ્ચેના સમયમા ગગાભાએ મને કોઈ કોન્ટેક કરેલ નથી. મને ગગાભાએ આ ફોન આવ્યો તે પહેલા જે બોલાચાલી થયેલી તે અંગેની વાતચીત ફોન આવ્યો ત્યારે જ કરી હતી તે પહેલા કરી ન હતી. ફોન આવ્યો ત્યારે હુ સુતો હતો. ફોન આવ્યો ત્યારે ગગાભા હોસ્પીટલે હતા. ફોન આવ્યા બાદ હુ દસ પંદર મિનિટમા હોસ્પીટલે પહોંચી ગયેલો. હુ હોસ્પીટલે પહોંચ્યો ત્યારે તે લોકોએ સારવાર લઈ લીધેલી. હોસ્પીટલે ચા ની હોટેલેથી

ચાલીને આવેલ કે કેમ તેની મને ખબર નથી. આ હોસ્પીટલે મારા સિવાય બીજા કોઈને ફોન કરીને બોલાવેલ નહી. હુ હોસ્પીટલે પહોંચ્યો અને તુરંત જ તેઓને મોટર સાઈકલ પર બેસાડી નીકળી ગયેલ. હોસ્પીટલેથી ઘરે જતા હતા તે વખતે હોટેલે જે બનાવ બનેલો તેની વાતચીત થયેલી. મે તેઓને પુછેલુ કે શુ થયેલુ તો તેઓએ જણાવેલ કે આ બધા પીધેલા હતા અને બોલાચાલી તથા રકાબીનો ઘા કપાળના ભાગે કરેલ. બોલાચાલીમા ગાળો દેતા હતા. કેમ ગાળો દેતા હતા તે બાબતની વાતચીત કરેલ નહી. ચા ની હોટેલે બે જણા હતા તેવુ કહેલુ. આ વાતચીત પુરી થયા બાદ બીજી વાતચીતો કરતા હતા તે સમયે બનાવવાળી જગ્યાએ પહોંચેલા. હોસ્પીટલેથી બનાવવાળી જગ્યાએ જતા પાંચ દસ મિનિટ જેટલો સમય થયો હશે ચોકકસ કહી શકુ નહી. બનાવવાળી જગ્યાએ પહોંચ્યા અને બનાવ બન્યા બાદ બનાવવાળી જગ્યા છોડી તે વચ્ચે કેટલો સમય થયો હશે તે હુ કહી શકુ નહી. આ મારામારીનો બનાવ કેટલો સમય ચાલ્યો હશે તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે બનાવ દરમ્યાન અમો સામસામે પક્ષકારો સિવાય ત્રીજી કોઈ વ્યકિત આવેલ નહી. બનાવના સ્થળે એમ્બ્યુલન્સ આવેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમે બાઈક પર હોસ્પીટલે ગયા હતા. બાઈક પર હોસ્પીટલ ગયા ત્યારે રાજેશભા જીવતા હતા કે કેમ તે ખબર નથી પરંતુ બોલતો ન હતો. આ બાઈક ગગાભા ચલાવતા હતા. રાજેશભાને મે પકડેલા હતા. મારા તથા રાજેશભાના કપડા લોહીવાળા થઈ ગયા હતા અને ગગાભાના પણ લોહીવાળા કપડા થઈ ગયા હતા. અમે બનાવવાળી જગ્યા છોડી ત્યારે ત્યા છેલ્લે કોઈ હાજર ન હતુ. મારા કહેવા મુજબ બનાવવાળી જગ્યા છોડી ત્યારે અમે ત્રણ જણા હતા બીજુ કોઈ આગળ પાછળ દેખાયુ નહી. અમે જે જગ્યાએ પડયા હતા ત્યા હથિયારો ન હતા પરંતુ બીજે આજુબાજુ કોઈ જગ્યાએ પડયા હોય તો મને ખબર નથી. પછી મને પાછળથી પણ જાણવા મળેલ નહી કે પોલીસે બનાવવાળી જગ્યાએથી કયા કયા હથિયારો કબજે કરેલા. છરી, તલવાર, લાકડાના ધોકકા કઈ રીતે મળી આવેલ તે મને આજે પણ

ખબર નથી. આરોપીઓ આ હથિયારો લઈને ભાગી ગયેલ કે કેમ તે ખબર નથી. એ વાત ખરી છે કે બનાવ સ્થળે લાઈટ હતી નહી. બનાવના સ્થળેથી અમારા ત્રણેયમાથી કોઈએ ફોન કરેલ નહી. બનાવ બાદ બનાવવાળી જગ્યા છોડી તે પછી બનાવવાળી જગ્યાએ હુ પાછો આવેલ નહી. બનાવવાળા સ્થળેથી હોસ્પીટલ ગયેલા ત્યારબાદ હોસ્પીટલ કેટલો સમય રોકાયેલા તે મને હાલ યાદ નથી. હુ ભાનમા હતો અને ન હતો તેવી પરીસ્થિતિમા હતો. મારા કહેવા મુજબ મને જે વાગેલુ તેમા દુખાવો થતો તે સિવાય હુ ભાનમા જ હતો. બનાવ બાબત મને ડોકટર સાહેબે પુછપરછ કરેલી. એ વાત ખરી નથી કે ડોકટરને મે કોઈ બનાવની હકીકત લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવમા કોણ કોણ હતુ તે અંગેના નામ મે ડોકટરને આપેલા નહી. હુ ટાટા હોસ્પીટલમા કેટલો સમય રોકાયેલ તે મને ખ્યાલ નથી પરંતુ ત્યાથી અમોને જામનગર લઈ ગયેલ. ટાટા હોસ્પીટલમા પોલીસ કદાચ આવી હશે. પોલીસ આવીને કોની સાથે મળી અને કોની સાથે વાતચીત કરેલ તેની મને ખબર નથી. ટાટા હોસ્પીટલ છોડી ત્યારે હુ ભાનમા હતો ત્યા મને ઉંધો સુવડાવી રાખેલો. હોસ્પીટલમા ગગાભા સાથે કોઈ વાતચીત થયેલ નહી. એ વાત ખરી છે કે હુ ટાટા હોસ્પીટલમા હતો તે સમય દરમ્યાન ડોકટર સિવાય બીજી કોઈ વ્યકિત સાથે વાતચીત કરેલ નથી. જામનગર હોસ્પીટલ પહોંચ્યા ત્યા પોલીસ આવેલી. ત્યા મારે પોલીસ સાથે વાતચીત થયેલી. ત્યા મે પોલીસને બનાવ સંબંધેની હકીકત જણાવેલી. પોલીસે કાઈ લખાણ કરેલ નહી. મારી સાથે ગગાભા હતા. ગગાભા પણ ત્યા સારવારમા આવેલા હતા. ગગાભા સાથે મારે હોસ્પીટલમા સવારે મુલાકાત થયેલી. ગગાભા અને મને બંનેને સાથે રજા આપેલી અને ગગાભાને પોલીસ જીપમા બેસાડી લઈ ગયેલ. રજા આપી ત્યારે લગભગ બપોરનો સમય થયો હશે સમય ચોકકસ ખબર નથી. મને રજા આપી ત્યારબાદ હુ મારા ઘરે સાંજે પહોંચેલો ચોકકસ સમય ખબર નથી પરંતુ અંધારુ થઈ ગયેલુ. જામનગર હોસ્પીટલમા મારા સિવાય ગગાભાએ કે અન્ય કોઈએ પોલીસ સાથે વાતચીત કરેલ

કે કેમ તેની મને ખબર નથી. હોસ્પીટલેથી ઘરે આવ્યા બાદ હુ બનાવના સ્થળે ગયેલ નથી. સારવાર લઈને હોસ્પીટલેથી આવ્યા બાદ દસ પંદર દિવસ પછી પોલીસે મને બોલાવેલ. મને મીઠાપુર પોલીસ સ્ટેશને બોલાવેલ અને ત્યા મારી પુછપરછ કરેલી. ત્યા લખાણ કરીને મારી સહી લીધેલ. કેટલી સહીઓ લીધેલ તેની મને ખબર નથી તે વખતે ગગાભા ત્યા હાજર હતા. તે વખતે ગગાભાની સહીઓ લેવામા આવેલ કે કેમ તેની મને ખબર નથી. મારી સહી લીધી ત્યારે ગગાભા હાજર ન હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમને અલગ અલગ રાખતા હતા. પોલીસ સ્ટેશનથી હુ અને ગગાભા સાથે બહાર નીકળેલા. અમોને વરવાળા હોસ્પીટલે લોહીના સેમ્પલ લેવા માટે પોલીસ લઈ ગયેલી પરંતુ કયારે લઈ ગયેલી તે મને હાલ યાદ નથી. બનાવના દીવસે મારી પાસે તથા ગગાભા પાસે મોબાઈલ હતો રાજેશભા પાસે હતો કે કેમ તે મને ખ્યાલ નથી. બનાવના દીવસે આરોપીઓ બનાવના સ્થળે ભેગા જ હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જયારે તેઓ આડા પડેલ ત્યારે ભેગા જ હતા. આરોપીઓ ત્યા ઉભા હતા. આરોપીઓ પાસે ટોર્ચ હતી કે કેમ તે મને ખબર નથી. આરોપીઓ જયારે આડા પડયા ત્યારે તેમની ભેગા વાહન ન હતા. આ આરોપીઓ આડા પડયા ત્યારબાદ એકાદ બે મિનિટમા મારામારી થયેલી. આ મારામારી કેટલો સમય ચાલેલી તે ખબર નથી. આરોપીઓ બનાવ બાદ દોડીને ભાગેલા. મને જે ઈજા થયેલી તે છરીની ઈજા થયેલી. મે તલવાર જોઈ હતી. આ તલવાર ભરત કારુભા પાસે હતી. આ તલવારથી મને કોઈ ઈજા કરેલ નહી. આ તલવારથી રાજેશને ઈજા કરેલી. રાજેશભાને કેટલા ઘા કરેલ તે ખબર નથી પરંતુ આડેધડ ઘા કરેલી. આ તલવારથી ગગાભાને ઘા કરેલ કે કેમ તે ખબર નથી મે જોયુ ત્યારે રાજેશભાને ઘા કરતા હતા. આ તલવારના ઘા રાજેશને કરતા હતા ત્યારે રાજેશ ઉભો હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેનો કોલર પકડીને ઘા કરેલો. આ તલવારનો ઘા ભરત કારુ કરતો હતો. આ બનાવ દરમ્યાન આ તલવાર ભરત કારુભા સિવાય બીજા કોઈ પાસે ગયેલ હોય તેવુ બનેલ નહી. રાજેશભા ઉપર જે

તલવારના ઘા થતા હતા તે આગળના ભાગે થતા હતા. પાછળના ભાગે તલવારના ઘા થયેલા કે કેમ મને ખબર નથી. મે આ આઠ થી દસ ફુટના અંતરે જોયુલ. મે જોયુ ત્યારે હુ નીચે પડેલ હતો. તલવારના ઘા કર્યા બાદ રાજેશભા પડી ગયા બાદ બીજા કોઈએ તલવારના ઘા કરેલ કે કેમ તે મને ખબર નથી. રાજેશભાને તલવારના ઘા થયા ત્યારે ગગાભા ત્યા કયા આગળ હતા તે મને ખબર નથી પરંતુ ત્યા થોડે આગળ હશે. હુ આ અંધારામા અંદાજે ૨૦ થી ૨૫ ફુટ જેટલુ જોઈ શકતો હતો. બનાવના સ્થળે જે આરોપીઓના હાથમા હથિયાર હતા તે હુ સ્પષ્ટ રીતે જોઈ શકતો હતો. પોલીસે મને છરી, તલવાર કે લાકડાનો ધોકકો બનાવ બાદ બતાવેલ નહી. મે કોર્ટમા ત્યારબાદ પ્રથમ વખત જોયેલ. ભરત પોલાભા લાકડાના ધોકકાથી જે ઈજા કરતો હતો તે મને અને ગગાભાને અલગ અલગ રીતે કરતો હતો. જામનગર હોસ્પીટલમા ડોકટરશ્રીને બનાવમા કોણ કોણ વ્યકિતઓ છે તેના નામ આપેલા કે તે હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે હાલના બનાવના કામે મને, રાજેશ તથા ગગાભાને આ આ કામના આરોપીઓએ કોઈ માર મારેલ નથી કે ઈજા કરેલ નથી. એ વાત ખરી નથી કે બનાવના કામે બનાવ સ્થળે મારી હાજરી હોવા સંબંધેની મે ખોટી હકીકત જાહેર કરેલ છે. એ વાત ખરી નથી કે મરણ જનાર રાજેશભાને તલવાર વડે તથા છરી વડે આરોપીઓ દવારા ઈજા કરવામા આવેલ હોવાનુ હુ ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે ફરીયાદી ગગાભાએ મને બનાવના દીવસે ફોન કરી હોસ્પીટલે બોલાવેલ હોવાનુ હુ ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે બનાવના દીવસે હુ બનાવ સ્થળે હાજર હોઉ ત્યારે આ કામના આરોપીઓએ ગગાભા અને રાજેશભાને ઈજા કર્યા સંબંધે હુ ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે બનાવ સ્થળે અંધારુ હોવા છતા આરોપીઓ પાસેના હથિયારો મે ખોટી રીતે ઓળખી બતાવ્યા છે. એ વાત ખરી નથી કે ફરીયાદી ગગાભા મારા કાકાના દીકરા થતા હોવાથી તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ. '' સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૫ ના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા

મુજબ '' હુ ધોરણ ૫ સુધી ભણેલો છુ. એ વાત ખરી છે કે આ બનાવની મે ફરીયાદ કરેલ નથી. પોલીસના કહેવાથી ગગાભાને ફરીયાદી બનાવવામા આવેલ કે કેમ તેની મને ખબર નથી. હુ દેવપરા મુકામે રહુ છુ જેથી બાજુમા આવેલ ગાયત્રીનગર, કૃષ્ણનગર, ઉધોગનગર, શકિતનગર, મલારાતળાવ, સુરજકરાડી, કેપીએસ સ્કુલવાળો વિસ્તાર, ચોપગી વિસ્તાર આવેલ હોવાનુ હુ જાણુ છુ. એ વાત ખરી છે કે મે કાંકરી ગેટ જોયેલ છે. હુ આ વિસ્તારનો જાણકાર છુ. એ વાત ખરી છે કે ટાટા હોસ્પીટલેથી દેવપરા જવા માટે અલગ અલગ ઘણા રસ્તા આવેલા છે. રાજેશભાનુ ઘર મે જોયેલ નથી પરંતુ ગગાભાએ જોયેલુ. રાજેશભાનુ ઘર લગભગ કેપીએસ સ્કુલની પાછળ આવેલ છે જે ગાયત્રીનગર વિસ્તાર કહેવાય છે. એ વાત ખરી છે કે રાજેશભાને ઘરે જવા માટે બીજા પણ રસ્તા છે. બનાવવાળા સ્થળની આજુબાજુમા આરોપીનુ ઘર છે કે કેમ તેની મને ખબર નથી. આ બનાવ પહેલા ચા ની હોટેલે જે બનાવ બન્યો તેમા આરોપી નં. ૫ લખનભા હતો કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે લખનભાને હુ પહેલા કયારેય મળેલ નથી પહેલીવાર જોયેલ. એ વાત ખરી છે કે પોલીસે મારી મામલતદાર રુબરુ ઓળખ પરેડ લખનભા માટે કરાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ પહેલા રાજેશભા તથા ગગાભાને લખનભા સાથે કોઈ અણબનાવ હોય તેવુ મને જાણવા મળેલ નથી. ભરત પોલા કયા રહે છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદી મારા કાકાના દીકરા થતા હોય તેમની આક્ષેપિત વિગતવાળી ખોટી ફરીયાદને સમર્થન કરવા હુ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. પોલીસે મને જવાબ લેવા સારુ અંદાજે પાંચ થી પંદર દિવસમા બોલાવેલ ચોકકસ ખ્યાલ નથી. મને જવાબ લેવા સારુ બોલાવેલ ત્યારે પોલીસમા કોણ લખતુ હતુ અને કેવી રીતે લખતુ હતુ તે મને ખ્યાલ નથી. એ વાત ખરી નથી કે મે પોલીસને કોઈ નિવેદન લખાવેલ નથી. નકીયાભા ઘેલુભા જે મને દવાખાને લઈ ગયેલા તે અમારા સગામા થાય. એ વાત ખરી નથી કે જામનગર ગયા ત્યારે મારી માનસિક સ્થિતિ સારી ન હતી. જામનગર ડોકટરને વિગત પોલીસે

લખાવેલ કે નકીયાભાએ લખાવેલ કે કેમ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે મે ડોકટરને જે બનાવની હકીકત જણાવેલ તેમા આરોપી નં. ૫ નુ નામ લખાવેલ નહી. '' ''

**(૧૫.૨)** આમ, સદર સાહેદનો પુરાવો જોતા બનાવ તા.૧૭/૦૨/૨૦૧૯ ના રોજ બનેલ તે વખતે તેના ઘરે સુતો હતો ત્યારે રાત્રીના આશરે દોઢેક વાગ્યે તેના કાકાના દિકરા ગગાભા નુંઘાભા માણેકનો ફોન આવેલ અને કાકરી ગેઈટ પાસે બનેલ બનાવની હકીકત જણાવી ટાટા હોસ્પીટલ થી તેઓને તેડી જવા જણાવેલ. જેથી તે બાઈક લઈ ટાટા હોસ્પીટલે તેઓને તેડવા માટે ગયેલ ત્યારે આ બાઈક ગગાભાએ ચલાવવા લઈ લીધેલ અને રાજેશભા વચમા બેઠેલ અને તે પાછળ બેઠેલ હતો ત્યાંથી પહેલા તેઓ રાજેશભા ને ઘરે મુકવા જતા હતા જેથી તેઓ ટાટા હોસ્પીટલે થી નીકળીને આરંભડા આંખની હોસ્પીટલ પાસે આશાપુરાના ડેરીની બાજુમાં પહોંચેલ ત્યારે ભરત પોલા, કાલો, રવુ, સુનીલ, લખન પાંચેય જણા બાઈકની સામે અચાનક આવી ગયેલ અને કાલા એ ગગાભા નો કાઠલો પકડેલ અને કાલાના હાથમાં તલવાર હતી, રવુભા ના હાથમાં છરી હતી, ભરત પોલાના હાથમાં લાકડાનો ધોકો હતો અને સુનીલ અને લખન બન્ને હાજર હતા અને કાલાએ ગગાભા નો કાઠલો પકડી ગાળો બોલતો હતો અને રવુ એ તેની પાછળના ભાગે છરીનો ઘા મારેલ જેથી તે નીચે પડી ગયેલ અને કાલા તથા રવુ એ રાજેશનો કાઠલો પકડી નીચે ઉતારી દીધેલ અને છરી અને તલવાર વડે રાજેશ ને આડેધડ છરીના ઘા મારેલ અને સુનીલ અને લખન એ ગગાભા ને આડેધડ માર મારતા હતા અને ભરત પોલા એ લાકડાના ધોકા વડે તેને તથા ગગાભા ને આડેધડ મારતા હતા જેથી રાડારાડ કરતા પાંચ માંથી ચાર જણા ભાગી ગયેલ અને ભરત પોલા લાકડાના ધોકા વડે તેને તથા ગગાભાને ઘા કરતા હતા ત્યારે ગગાભા એ ભરત પોલાના હાથમાંથી લાકડાનો ધોકો ઝુટવી લીધેલ અને ભરત પોલા ને લાકડાના

ધોકા વડે ૨ – ૩ ઘા કરેલ જેથી ભરત પોલા ત્યાંથી ભાગી ગયેલ અને રાજેશભા પાસે ગયેલ તો તે કાંઈ બોલતો ન હતો તેને છરી અને તલવારના ઘા લાગેલ હતા જેથી તેને તથા ગગાભા એ રાજેશભા ને ઉપાડી મોટર સાયકલમાં બેસાડી ટાટા હોસ્પીટલ, મીઠાપુર મુકામે લઈ ગયેલ અને ત્યાં પહોંચતા ત્રણેય પડી ગયેલ અને ત્યાં હાજર માણસોએ તેઓને ઉપાડી અંદર ટાટા હોસ્પીટલે લઈ ગયેલ અને ફરજ પરના ડોકટરશ્રીએ રાજેશભા ને તપાસી તેઓ અવસાન પામેલ છે તેમ જણાવેલ અને ત્યારબાદ તેને તથા ગગાભા ને વધુ સારવાર માટે જામનગર જવાનુ કહેતા તેને કનુશેઠની ફોરવ્હીલમાં તથા ગગાભાને એમ્બ્યુલન્સમાં જામનગર જી.જી. હોસ્પીટલમાં સારવારમાં લઈ ગયેલ અને ત્યાં પહોચ્યા બાદ ડોકટરે તેઓ બન્નેની સારવાર કરેલ અને તેઓએ ડોકટર રૂબરૂ બનાવની હકીકત જણાવેલ અને તેને સારવારમાં પાછળના ભાગે વાંસામાં પાંચ ટાકા આવેલા અને ગગાભા ને શરીરમાં મુંઢ ઈજા થયેલી. આ બનાવની ફરીયાદ ગગાભાએ પોલીસમાં આપેલી અને બનાવ બાદ પોલીસે તેમની પુછપરછ કરેલી સદર સાહેદ આરોપીઓને ઓળખી બતાવે છે તેમજ મુદ્દામાલ લાકડાનો ધોકો, તલવાર તથા છરી કોના હાથમાં હતા તે જણાવી તે તમામ મુદ્દામાલ તથા તેને પહેરેલ કપડા કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ બનાવ દરમ્યાન તેઓ સામ સામે પક્ષકારો સિવાય ત્રીજી કોઈ વ્યકિત આવેલ નહિ. બાઈક પર હોસ્પીટલ ગયા ત્યારે રાજેશભા જીવતા હતા કે કેમ તેની ખબર નથી. પરંતુ બોલતો ન હતો. તેના તથા રાજેશભા ના કપડા લોહી વાળા થઈ ગયા હતા અને ગગાભા ના પણ લોહી વાળા કપડા થઈ ગયા હતા જે જગ્યાએ પડયા હતા ત્યાં હથિયારો ન હતા પરંતુ બીજે આજુબાજુ કયાય પડેલ હોય તો ખબર નથી. છરી, તલવાર, લાકડાના ધોકા કયાંથી મળી આવેલ તે આજે પણ ખબર નથી. આરોપીઓ આ હથિયાર લઈ ને ભાગી ગયેલ કે કેમ તે ખબર નથી. બનાવ સ્થળે લાઈટ હતી નહિ તે હકીકતનો સ્વીકાર કરેલ છે. બનાવમાં કોણ કોણ હતુ તે

અંગેના નામ ડોકટર ને આપેલા નહી તે હકીકતનો સ્વીકાર કરેલ છે મને જે ઈજા થયેલી તે છરીની ઈજા થયેલી. મે તલવાર જોયેલી હતી, આ તલવાર ભરત કારુભા પાસે હતી, આ તલવારથી મને કોઈ ઈજા કરેલ નહિ, આ તલવારથી રાજેશ ને ઈજા કરેલી, રાજેશભા ને કેટલા ઘા કરેલ તે ખબર નથી પરંતુ આડેધડ ઘા કરેલ આ તલવારનો ઘા ભરત કારુ કરતો હતો. રાજેશભા ઉપર જે તલવારના ઘા થતા હતા તે આગળના ભાગે થતા હતા, પાછળના ભાગે તલવારના ઘા થયેલ કે કેમ તે મને ખબર નથી. આ ૮ થી ૧૦ ફુટના અંતરે જોયેલુ. હાલના બનાવના કામે સદર સાહેદને, રાજેશ તથા ગગાભા ને આ કામના આરોપીઓએ માર મારેલ નથી કે ઈજા કરેલ નથી તે હકીકતનો ઈન્કાર કરેલ છે. બનાવના સ્થળે અંધારુ હોવા છતા આરોપી પાસેના હથિયારો ખોટી રીતે ઓળખી બતાવ્યાનો ઈન્કાર કરેલ છે. લખનભા ને તે પહેલા કયારેય મળેલ નથી પહેલી વાર જોયેલ, પોલીસે તેની મામલતદાર રૂબરૂ ઓળખપરેડ ગગનભા માટે કરાવેલ નથી, બનાવ પહેલા રાજેશભા તથા ગગાભા ને લખનભા સાથે કોઈ અણબનાવ હોય તેવુ તેમને જાણવા મળેલ નથી તે હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૧૬) ફરીયાદપક્ષે આંક–૯૮ થી સાહેદ ગજુભા ભારાભા માણેક ને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' મારે મીઠાપુર ટાટા કંપનીના કાંકરી ગેટ સામે ચા ની કેબીન આવેલ છે અને તેમા હુ વેપાર ધંધો કરુ છુ. મારી ચા ની કેબીને ઘણા લોકો ચા પીવા આવતા હોય તેથી હુ દરેક લોકોને ઓળખતો નથી. હુ સનીભા માણેક કે રાજુભા માણેક, ભરત પોલા કે ભરત જડીયાને ઓળખતો નથી. તા. ૧૭/૦૨/૧૯ ના એક અઠવાડીયા પહેલા મારી કેબીન કોઈ લોકો વચ્ચે બોલાચાલી થયેલ હોય અને ગાળાગાળી થયેલ હોય તેવુ બનેલ નથી કે રાત્રીના સમયે કોઈ વ્યકિતએ આવીને મને ઉઠાડેલ હોય અને ત્યા કોઈ વ્યકિતઓ વચ્ચે ગાળાગાળી થયેલ હોય અને તે કોઈ વ્યકિતઓ વચ્ચે ઝપાઝપી થયેલ હોય તેવુ

બનેલ નથી કે તેવુ મે જોયેલ નથી અને હુ હાજર હોઉ ત્યારે કોઈ વ્યકિતને લોહી નીકળેલ અને તેને હોસ્પીટલે લઈ ગયેલ હોય તેવુ પણ બનેલ નથી અને ત્યારબાદ પણ મને તે બનાવ વિશે કોઈ હકીકત જાણવા મળેલ નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નહી. ''

**(૧૬.૧)** સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૪ના વિ.વ.શ્રી તરફે ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' એ વાત ખરી છે કે પોલીસે ખાલી મારુ નામ સરનામુ પુછેલ તે સિવાય મે પોલીસને કોઈ હકીકત લખાવેલ નથી. ''

**(૧૬.૨)** આમ સદર સાહેદનો પુરાવો જોતા ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થનરૂપ હકીકત જણાવતા નથી. તા.૧૭/૦૨/૨૦૧૯ ના એક અઠવાડીયા પહેલા તેઓની કેબીને કોઈ લોકો વચ્ચે બોલાચાલી થયેલ હોય અને રાડારાડી થયેલ હોય અર્ધી રાત્રીના સમયે કોઈ વ્યકિતએ આવીને તેને ઉઠાડેલ હોય અને ત્યાં કોઈ વ્યકિતઓ વચ્ચે ગાળાગાળી થયેલ હોય અને ઝપાઝપી થયેલ હોય તેવુ બનેલ નથી કે તેવુ જોયેલ નથી અને કોઈ વ્યકિતને લોહી નીકળેલ હોય અને તેને હોસ્પીટલે લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવે છે. સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરી ફરીયાદપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. પરંતુ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનરૂપ કોઈ હકીકત જણાવતા નથી.જેથી સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરુપ જણાતો નથી.

**(૧૭)** ફરીયાદપક્ષે આંક–૧૦૧ થી સાહેદ સનીભા માણસીભા માણેક ને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' આજથી આશરે બેએક વર્ષ પહેલા મીઠાપુરના કાંકરી ગેટ પાસે ભરત પોલા સાથે બોલાચાલી થયેલ હતી ત્યારે હુ ટ્રકમા કલીનર તરીકે જતો હતો અને મારા ડ્રાઈવર રાજુભા ગજુભા હાથલ હતા અને બોલાચાલી બાદ મારે તેમની સાથે સમાધાન થઈ ગયેલ હતુ ત્યારબાદ મારે આ વ્યકિત સાથે

કોઈ વાંધો થયેલ ન હતો. ત્યારબાદ શુ બનાવ બનેલ તેની મને ખબર નથી. મને વાતોવાતોથી જાણવા મળેલ કે રાજેશભાનુ ખુન થઈ ગયેલ છે અને રાજેશભાનુ ખુન કરેલુ પણ કોણે કરેલુ તે મને ખબર નથી પરંતુ ભરત પોલા તથા બીજા ઈસમોએ માથાકુટ કરેલી તેવી વાત સાંભળેલી. પોલીસે મારી પુછપરછ કરેલી નહી. પોલીસે મને સહી કરવા માટે બોલાવેલ જેથી મે સહી કરી આપેલી. મે આ વાત સાંભળ્યા પછી હુ કોઈને મળેલ નહી કે મે કાઈ જાણેલ નહી. ''

(૧૭.૧) સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૪ના વિ.વ.શ્રી તરફે ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' એ વાત ખરી છે કે મારે ભરત પોલાભા જોડે જયારે બોલાચાલી થયેલી ત્યારે ગગાભા અને સુરેન્દ્રભા હાજર પણ ન હતા અને તેઓના લીધે કોઈ બોલાચાલી થયેલ પણ ન હતી. એ વાત ખરી છે કે દેવપરા ગામના ઘણા બધા માણસો ટાટા કંપનીમા ડ્રાઈવર, કલીનર કે મજુર તરીકે કામ કરે છે. એ વાત ખરી છે કે જે ટાટા કંપનીમા કામ કરતા હોય તે લોકો કાંકરી ગેટ પાસે ચા પીવા આવતા હોય છે. એ વાત ખરી છે કે મારે ભરત પોલાભા જોડે જે દીવસે બોલાચાલી થયેલ તે જ દીવસે સમાધાન થઈ ગયેલુ. ભરત પોલાભા જોડે જે બોલાચાલી થયેલી તે બાબતે મારે સુરેન્દ્રભા કે ગગાભા સાથે કોઈ વાતચીત થયેલ ન હતી. ''

(૧૭.૨) આમ સદર સાહેદનો પુરાવો જોતા બે વર્ષ પહેલા મીઠાપુરના કાકરી ગેઈટ પાસે ભરત પોલા સાથે બોલાચાલી થયેલ હોવાનું અને તે સમયે તે ટ્રકમાં કલીનર તરીકે જતો હતો અને તેના ડ્રાઈવર તરીકે રાજુભા ગગુભા હાજર હતા અને બોલાચાલી બાદ ભરત પોલા સાથે સમાધાન થઈ ગયેલ હતુ. ત્યારબાદ તેને કોઈ વ્યકિત સાથે વાંધો થયેલ ન હતો અને તેને વાતોવાતથી જાણવા મળેલ કે રાજેશભા નુ ખુન થઈ ગયેલ છે. આ રાજેશભા નુ ખુન કોણે કરેલ તે ખબર નથી પરંતુ ભરત પોલા અને બીજા ઈસમોએ માથાકુટ કરેલ છે તેવી વાત સાંભળેલી. ત્યારબાદ સદર સાહેદને

ફરી ગયેલા જાહેર કરી ફરીયાદપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. પરંતુ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનરૂપ કોઈ હકીકત જણાવતા નથી. આમ, સદર સાહેદની જુબાનીના આધારે ભરત પોલા સાથે મીઠાપુર ગામે કાકરી ગેટ પાસે અગાઉ બોલાચાલી થયેલાનુ જણાય આવે છે.

(૧૮) ફરીયાદપક્ષે આંક-૨૨ થી પંચ સાહેદ કનુભા સામતભા માણેક ને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' હુ સુરજકરાડી મુકામે રહુ છુ અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરુ છુ. મને:૨૦૧૯ ની સાલમાં પોલીસે મીઠાપુર ટાટા હોસ્પીટલે એક પંચનામા માટે બોલાવેલ હુ મીઠાપુર ટાટા હોસ્પીટલે ગયેલ અને ત્યાં એક લાશ પડેલ મે જોયેલ જે લાશ મારી ગાડીના કન્ડકટર રાજેશભા મુળુભા સુમણીયા ની હતી. તે લાશ ઉપર એક સફેદ કલરનુ કપડુ ઓઢાડેલ હતુ. જેથી તે કપડુ ઉચકાવીને જોતા તે લાશ રાજેશભા મુળુભાની હતી. તેના શરીર પર હાથના ભાગે તથા પીઠના ભાગે તથા છાતીના ભાગે છરીના નીશાન જોવા મળેલ હતા. તેમજ આ લાશ ઉપર કોઈ દર-દાગીના જોવા મળેલ ન હતા અને તે સમયે આ પંચનામામાં ધીરુભા સામતભા માણેક નાઓએ સહી કરેલી. મને નિશાની-૧૧/૭ નુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે તેમજ પંચ નં.૨ તરીકે ધીરુભા સામતભાની સહી છે.'' સદર પંચ સાહેદની જુબાનીમાં આંક-૨૩ થી ઈન્કવેસ્ટ પંચનામુ રજુ કરેલ છે.

(૧૮.૧) સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૪ના વિ.વ.શ્રી તરફે દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' હુ છેલ્લા છ વર્ષથી ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરુ છુ. મારાભાઈ ધીરુભા મારી સાથે ટ્રાન્સપોર્ટના વ્યવસાય માં છે. ગગાભા મારે ત્યાં એક વર્ષથી કામ કરતા હતા અને રાજેશભાઈ છ મહિના થી કામ કરતા હતા. મારે ચાર ગાડીઓ હતી જે ટાટા કંપનીની હતી.સૌપ્રથમ મારા ડ્રાઈવરનો ફોન આવેલો. એ વાત ખરી છે કે, ડ્રાઈવર એટલે

ફરીયાદી ગગાભા નો ફોન આવેલો. ડ્રાઈવરે એવી વાત કરેલ કે અમારે અહીયા માથાકુટ થઈ છે અને ડ્રાઈવરને લાગી ગયેલુ છે. હોસ્પીટલે લઈ જઈએ છીએ તમો પહોંચો. આ ફોન આવ્યા બાદ પોલીસનો ૧૦–૧૫ મીનીટ પછી ફોન આવેલો તે વખતે હુ ઘરેથી નીકળી ગયેલ. આ જે પોલીસનો ફોન આવેલો તે કોણ હતા તે હુ ઓળખતો નથી. પોલીસનો ફોન એવો આવેલ કે તમારા ગાડીના ડ્રાઈવરને માથાકુટ થઈ છે અને એક જણને વધારે વાગેલ હોય હોસ્પીટલે આવો. આ ફોન અંદાજે રાત્રીના દોઢ થી બે વાગ્યે આવેલો હશે. હુ હોસ્પીટલે આખી રાત રોકાયેલો. હુ હોસ્પીટલે હતો ત્યારે ગગાભા હોસ્પીટલે હાજર હતા. હુ અને ગગાભા બનાવવાળી જગ્યા જોવા ગયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે, બનાવ સંબંધેની હકીકત હુ જાણતો હોવ અને બનાવવાળી જગ્યાએ ગયેલ હોવા છતા બનાવવાળી જગ્યાને નહી ગયેલ હોવાનુ ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે, ગગાભા મારા ડ્રાઈવર હોય અને મરણ જનાર રાજેશભા ગાડીના કલીનર હોય, જેથી તેમના ટેકામાં ખોટી જુબાની આપુ છુ.'' સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.પ ના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' મે જે સહી ઓળખી બતાવેલી તે સહી લખેલા કાગળમાં લીધેલી. એ વાત ખરી છે કે, મરણ જનાર તથા ફરીયાદી ગગાભા અમે અંદરો–અંદર સગા થઈએ છીએ.''

(૧૮.૨) આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેઓની રૂબરૂ રાજેશભા મુળુભા ની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામું કરેલ હોવાનુ અને રાજેશભા ના શરીર પર હાથના ભાગે , પીઠના ભાગે તથા છાતીના ભાગે છરીના નીશાન જોવા મળેલ હોવાની હકીકત જણાવે છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ ફરીયાદી ગગાભા એક વર્ષથી તેઓની ત્યા કામ કરે છે અને રાજેશભા ૬–મહીનાથી

કામ કરે છે. ગગાભા તેઓના ડ્રાઈવર હોય અને મરણ જનાર રાજેશભા તેઓની ગાડીના કલીનર હોય તેમના ટેકામાં ખોટી જુબાની આપતા હોવાનુ ઈન્કાર કરેલ છે.

(૧૯) ફરીયાદપક્ષે આંક–૨૪ થી પંચ સાહેદ નાથાભા ગુમાનભા માણેક ને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' હુ આરંભડા ગામે રહુ છુ. મને આજથી આશરે દોઢ–પોણા બે વર્ષ પહેલા પોલીસે આરંભડા આંખની હોસ્પીટલ પાસે આશાપુરા મંદીર પાસે પંચ તરીકે બોલાવેલ. ત્યાં ગગાભા હાજર હતા. ગગાભા મને ત્યાં લોહીના ડાઘા બતાવતા હતા. ત્યાં જોતા બે જગ્યાએ લોહીના ડાઘા હતા. તે બે જગ્યાએથી પોલીસે સેમ્પલ તરીકે લીધેલ હતા અને બાજુમાંથી માટી લીધેલ હતી. આ સેમ્પલો તેમને પ્લાસ્ટીકની કોથળીમાં લીધેલ હતા. અને ત્યારબાદ તે સેમ્પલો પ્લાસ્ટીકની કોથળી એક કપડાની બેગીમાં મુકેલ હતા અને તે કપડાની બેગીની ઉપર એક કાપલીમાં મારી સહીઓ લીધેલ હતી અને ત્યાં આગળ જતા લાકડાનો ચોરસ ધોકો હતો. જે લાકડાનો ધોકો તુટેલ હતો અને તે લાકડાનો ધોકો પોલીસે કબજે કરેલ હતો અને તે લાકડાના ધોકાનો બીજો કટકો ત્યાં પડેલ હતો અને તે પણ લાકડાના ધોકાનો બીજો કટકો પોલીસે કબજે કરેલ હતો અને તેમાં પણ એક કાપલીમાં મારી સહી લીધેલી અને ત્યાં સ્થાનિક જગ્યાએ તુલશીની માળા પડેલ હતી તે પણ પોલીસે તપાસના કામે કબજે કરેલ હતી અને ત્યાં એક મ્યાન વગરની તલવાર પડેલ હતી અને તે તલવાર પોલીસે તપાસના કામે કબજે કરેલ હતી મને મુદ્દામાલ હથિયાર લાકડાનો ધોકો તથા તેને કટકો તથા તલવાર તથા તુલશીની માળા બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ.આ તલવાર તથા લાકડાના ધોકા ઉપર કોઈ લોહીના ડાઘા જોયેલા ન હતા. '' સદર સાહેદની જુબાનીમાં આંક–૨૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક–૨૬ થી ૨૮ સુધીની પંચસ્લીપો રજુ કરેલ છે.

(૧૯.૧) સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૪ના વિ.વ.શ્રી તરફે ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' ગગાભા મારા કોઈ સંબંધી થતા નથી પરંતુ જ્ઞાતિના છે. રાજેશભા પણ મારા કોઈ સંબંધી થતા નથી પરંતુ જ્ઞાતિના છે. પંચનામામાં અમે ત્યાંથી નીકળેલા ત્યારે પોલીસે બોલાવેલા. ત્યાં પોલીસ તથા ગગાભા સિવાય બીજા પાંચ–છ માણસો હાજર હશે. આ પાંચ–છ માણસ કોણ હતા તે હુ ઓળખતો નથી. આ જગ્યાએથી મારુ ઘર અર્ધો કિલોમીટર દુર છે. એ વાતની મને ખબર નથી કે, મામદ ઈશા જેઠા તે બાજુ રહે છે કે કેમ. હુ આંખની હોસ્પીટલની પાછળના ભાગે રહુ છુ. અમારે અમારા ઘરે જવુ હોય તો અમો આ જ રસ્તાનો ઉપયોગ કરીએ છીએ. પંચનામા વખતે પોલીસે મને બોલાવેલ ત્યારે મારી સાથે બીજુ કોઈ હતુ નહિ. પરંતુ પછી ખેરાજભા આવેલા. હુ સુરજકરાડી બજારમાં જતો હતો. શુ કામ માટે જતો હતો તે હાલ મને યાદ નથી. હુ ઘરેથી નીકળેલ હતો. હુ ટાટા કંપનીમાં કોન્ટ્રાકટરમા સુપરવાઈઝર તરીકે કામ કરુ છુ. એ વાતની મને ખબર નથી કે, ગગાભા અને રાજેશભા ને ગાડી ટાટા કંપનીમાં આવ જા કરે છે કે કેમ. આ પંચનામા વખતે ત્યાં અર્ધોએક દિવસ જેવુ થયુ હશે. હુ ઘરેથી નીકળ્યો ત્યારે સાડાદસ–અગીયારેક વાગ્યા હશે. ત્યાં સ્થળ પર ૨–૩ કલાક જેવુ થયુ હશે ચોકકસ સમય મને યાદ નથી. આ પંચનામાની જગ્યાએથી હુ ઘરે ગયેલો. હુ પોલીસ સ્ટેશન ગયેલ નહિ. આ બનાવ બાદ મારે પોલીસ સ્ટેશને જવાનુ બનેલ નથી. ખેરાજભા ૫–૬ મીનીટ પછી ત્યાં આવેલા. એ વાત ખરી છે કે, આ જે જગ્યાએ પંચનામું કરવા ગયેલ તે જાહેર રસ્તો છે અને માણસોની અવર–જવર રહે છે તેમજ રહેણાંક વિસ્તાર પણ આવેલ છે. એ વાત ખરી છે કે, જે જગ્યાએ પંચનામુ કરવા ગયા ત્યાં તલવાર અને ધોકો જાહેરમા ખુલ્લુ પડેલ હતો. તલવાર અને ધોકા વચ્ચે અંદાજે ૫–૬ ફુટનુ અંતર હશે. તલવાર અને ધોકો રોડ પર પડેલ હતા જે આગળ–પાછળ હતા. એ વાત ખરી છે કે, જે જગ્યાએ પંચનામું થતુ હતુ ત્યાં લોકોને અવર–જવર ચાલુહતુ સાહેદ સવેચ્છાએ જણાવે છે કે જે

જગ્યાએ ધોકો અને તલવાર રાખેલ હતી ત્યાં ગોળ પથ્થરો રાખેલ હતા. એ વાત ખરી છે કે, જે જગ્યાએ કોઈ પથ્થર રાખેલ હતા તેમાં જ લાકડી અને તલવાર પડેલ હતી. એ વાત ખરી નથી કે, હુ સ્થાનિક જગ્યાએ ગયેલ નથી કે મારી હાજરીમાં પોલીસે પંચનામુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારી હાજરીમાં પોલીસે કોઈ મુદ્દામાલના સેમ્પલ લીધેલ નથી કે કોઈ હથિયાર કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારા સરતપાસમાં જણાવેલ હકીકતે પંચનામા વાળી જગ્યાએ હુ હાજર હોવ અને પંચામાનાની કાર્યવાહી મારી હાજરીમાં કરેલ હોવાની હકીકત ખોટી જણાવુ છુ.'' સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૫ ના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' હુ ધો.૮ સુધી ભણેલ છુ. મે જે સહી ઓળખી બતાવેલી તે પોલીસે મારી સહી લખેલ કાગળમાં લીધેલી. મે જે સહી કરેલ તે લખેલો કાગળ વાંચેલ નહિ.''

(૧૯.૨) આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેઓના રૂબરૂ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ હોવાની હકીકત જણાવે છે અને બનાવવાળી જગ્યા ગગાભાએ બતાવેલ હોવાનું અને બનાવવાળા સ્થળેથી પોલીસે તેઓની હાજરીમાં લોહીના ડાઘા થીજી ગયેલ ત્યાંથી સેમ્પલ લીધેલ હોવાનુ અને લોહીવાળી માટી લીધેલ હોવાનું અને તે સેમ્પલોની પ્લાસ્ટીકની કોથળી કે કાપડની બેગીમાં મુકેલ હોવાનું અને તે કાપડની બેગી ઉપર એક કાપલીમાં સહી લીધેલ હોવાનું જણાવે છે તેમજ ત્યા આગળ લાકડાના ચોરસ ધોકો હોવાનું અને જે લાકડાનો ધોકો તુટેલ હતો તે લાકડાના ધોકાનો બીજો કટકો ત્યાં પડેલ હતો તે બન્ને કટકા પોલીસે કબજે કરેલ હોવાનુ તથા એક મ્યાન વગરની તલવાર પડેલ હતી તે તલવાર પોલીસે કબજે કરેલ હોવાનું સદર પંચ સાહેદ જણાવે છે. વધુમાં સદર સાહેદ કોર્ટ રૂબરૂ લાકડાનો ધોકો, તલવાર તથા કન્ટ્રોલ સેમ્પલ તથા બે લોહી વાળી માટી બતાવતા ઓળખી બતાવે છે અને સદર પંચ સાહેદની જુબાનીમાં આંક-૨૫ થી બનાવવાળી જગ્યાનું

પંચનામું રજુ થયેલ છે સદર પંચ સાહેદે બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસ માં જણાવ્યા મુજબ ગગાભા અને રાજેશભા તેઓના કોઈ સંબંધી નથી પરંતુ જ્ઞાતિના છે. તેઓને પંચનામા વખતે પોલીસે બોલાવેલ ત્યારે તેની સાથે બીજુ કોઈ હતુ નહી પરંતુ પછી ખેરાજભા આવેલા, ખેરાજભા ૫–૬ મીનીટ પછી આવેલા, આ પંચનામા વખતે ત્યાં અર્ધો દિવસ જેટલુ થયુ હશે. તે ઘરેથી નીકળ્યો ત્યારે સાડા દસ – અગીયારેક વાગ્યા હશે. જે જગ્યાએ પંચનામું કરવા ગયેલ તે જાહેર રસ્તો છે અને માણસોની અવર – જવર રહે છે તેમજ રહેણાંક વિસ્તાર પણ આવેલ છે, જે જગ્યાએ પંચનામું કરવા ગયા ત્યાં તલવાર અને ધોકો જાહેરમાં ખુલ્લુ પડેલ હતા તે હકીકતનો સ્વીકાર કરેલ છે. તલવાર અને ધોકા વચ્ચે અંદાજે પાંચ –છ ફુટનુ અંતર હશે, તલવાર અને ધોકો રોડ પર પડેલ હતા જે આગળ પાછળ હતા. જે જગ્યાએ પંચનામું થતુ હતુ ત્યાં લોકોની અવર – જવર ચાલુ હતી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. સાથે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, જે જગ્યાએ ધોકો અને તલવાર રાખેલ હતી ત્યા ગોળ પથ્થરો રાખેલ હતા. તેઓની હાજરીમાં પોલીસે કોઈ મુદ્દામાલ ના સેમ્પલ લીધેલ નથી કે હથિયાર કબજે લીધેલ નથી તે હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૨૦) ફરીયાદપક્ષે સા. નં.૩ જગદીશભાઈ કરશનભાઈ સાગઠીયા એ તેમના આંક–૩૩ ના તથા સા. નં. ૪ એભાભાઈ દુદાભાઈ ચાનપા એ તેમના આંક–૪૦ ના સોગંદ ઉપરના પુરાવામાં આંક–૩૪ થી આરોપીનું અટક પંચનામું તથા બનાવ સમયેના કપડા કબજે કર્યાના પંચનામામાં તેમજ આંક–૩૫ થી ૩૯ વાળી પંચસ્લીપમાં પંચ તરીકે તેમની સહીઓ ઓળખી બતાવી રજુ કરેલ છે, આ સિવાય પંચનામાની વિગતે કોઈ પુરાવો નહીં આપતા ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ તેમાં પણ ફરીયાદપક્ષના કેસને મદદરુપ થાય તેવી કોઈ

હકીકત મળી આવેલ નથી. જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી આંક–૩૪ વાળું પંચનામું પુરવાર થયેલાનું માની શકાય નહીં.

(૨૧) ફરીયાદપક્ષે આંક–૪૧ થી પંચ સાહેદ હરીભા ખીરાભા સુમણીયા ને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' હુ આશરે આજથી આશરે બે વર્ષ પહેલા મીઠાપુર ટાટા કંપની ના કાકરી ગેટ પાસે ઉભો હતો ત્યારે પોલીસ આવેલી અને મને મીઠાપુર પોલીસ સ્ટેશને પંચનામા માટે બોલાવેલા. ત્યા મને આરોપીને બતાવેલા અને આરોપીની ઓળખાણ કરાવેલી હતી. જેમા આરોપી રવુભા અરજણભા માણેક, ત્યા હાજર હતા. હુ રવુભા ને ઓળખુ છું. જે આજરોજ કોર્ટ મા હાજર છે સાહેદે કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવતા તેને ઉભો કરી તેનુ નામ પુછતા પોતાનુ નામ રવુભા અરજણભા માણેક જણાવે છે. ત્યાથી રવુભા અરજણભા માણેક ના ઘરે પંચનામુ કરવા જવાનુ કહેતા એક બોલેરો ગાડી મા અમો તથા આરોપી રવુભા અરજણભા માણેક તથા પોલીસ સ્ટાફ ના માણસો તથા બીજા એક ભાઈ જે પણ પંચ મા હતા તે અમો બધા પોલીસ સ્ટેશનેથી બેસી દવારકા તરફ જવા રવાના થયેલા અને ત્યાથી માલારા તરફ કંપની ના દિવાલેદિવાલ આ વાહન લઈ જતા હતા અને ત્યાથી આગળ ગણેશપરા માં આ આરોપી રવુભા અરજણભા માણેક નુ મકાન હતુ ત્યા અમો પહોચેલા. અને તે મકાન ની અંદર અમો બધા દરવાજો ખોલી ગયેલા. તે દરવાજો લાકડાનો હતો. અને ત્યા અંદર રૂમ માં એક લાકડા નો પલંગ હતો. ત્યા પલંગ પર ઓશીકા નીચેથી આરોપી રવુભા અરજણભા માણેકે એક છરી કાઢી આપેલી હતી. તે છરી પર લોહી ના સુકાયેલા ડાઘ હતા. મને આ છરી બતાવવામા આવે તો હુ ઓળખી શકુ. જે છરી આશરે ૭ ફુટ જેટલી લાંબી હતી અને ૫ ફુટ જેટલો હાથો હતો. અને આ છરી ના હાથામાં ૨ રીવેટ ફીટ કરેલી હતી. આ છરી પર કાઈક લખાણ હતુ. પરંતુ હુ અભણ હોવાથી તે મને વાંચતા આવડે નહી. મને મુદામાલ પાવતી નં. ૩/૧૯ જે સીલ બંધ હાલતમાં કાપડ ની બેગી માં છે. જે

કોર્ટ રૂબરૂ તોડી ને જોતા તેમા એક પ્લાસ્ટીક ની થેલી માંથી નીકળેલ છરી મને બતાવામા આવે છે જે મારી હાજરી મા આરોપી ના મકાન માથી પલંગ પર રહેલા ઓશીકા નીચે થી આરોપીએ કાઢીઆપી રજુ કરેલ તે તેજ છે. તે છરી હુ ઓળખી બતાવુ છું. સૌ પ્રથમ આરોપી ને બતાવેલ ત્યારે મારી સહી લીધેલી અને ત્યારબાદ આરોપી ના મકાને થી છરી કબજે કરેલ તે સમયે એક ચીઠી બનાવેલ તે ચીઠી માં સહી લીધેલી. '' સદર સાહેદે તેમની જુબાનીમાં આંક–૪૨ થી પંચ સ્લીપ તથા આંક–૪૩ થી ડીસ્કવરી પંચનામું રજુ કરેલ છે.

(૨૧.૧) સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૪ના વિ.વ.શ્રી તરફે ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ ''હુ મારા ભાઈ ની ગાડી મા ટ્રક ડ્રાઈવીંગ કરુ છું. અમારી ટ્રક ગુજરાત મા બધે ફરે છે. પોલીસ મને બોલાવા આવી ત્યારે મારી સાથે ઘણા માણસો ઉભા હતા જે ડ્રાઈવર કંડકટર હતા. પોલીસ મને અગાઉ થી ઓળખતી ન હતી. પોલીસ કાકરી ગેટ પાસે આવી મને જણાવેલ કે આવી રીતે માથાકુટ થઈ છે અને તેનુ પંચનામુ કરવાનુ છે. આવી રીતે એટલે માથાકુટ થઈ ગઈ છે તેનુ પંચનામુ કરવાનુ છે. પોલીસ સ્ટેશન આવો. શુ માથાકુટ થઈ છે ત્યા પોલીસે જણાવેલ નહી પરંતુ તમારા વાઘેર છે. ઘણાબધા હતા ત્યારે વાત કરેલી પરંતુ બીજા પંચમા આવવા અને સહી કરવા તેઓ ના પાડતા હતા. માથાકુટ થઈ હોય અને પોલીસ પંચ મા બોલાવે તો શુ કામ ના પાડીએ. આ જે બોલાવા આવેલ તે જીપ લઈ ને બોલાવા આવેલા. આ જીપ માં પોલીસ તથા હુ તથા બીજા દેવીસંગભા વીરાભા સુમણીયા હતા. મે મારી સરતપાસ મા રવુભાના ઘરે પંચનામુ કરવા જવાનુ છે તે હકીકત પોલીસે જણાવેલી. એ વાત ખરી છે કે, આ હકીકત પોલીસ સ્ટેશન મા મને લઈ ગયા ત્યારે જણાવેલી. રવુભા સીવાય બીજા કોઈ આરોપી ત્યા હાજર હતા નહી. રવુભા સાથે ખાલી ઓળખાણ થયેલી તે સીવાય બીજી કોઈ વાતચીત થયેલી નહી.રવુભાના ઘરે પહોચ્યા અને છરી કાઢી તે

છરી માથી લોહી ના ટીપા પડતા ન હતા. છરી જયાથી કાઢી આપી તે ઓશીકા ના કવર પર લોહી ના ડાઘ હતા કે કેમ તે અમને બતાવેલ નહી. છરી જયારે કાઢી બતાવી ત્યારે અમો ઓશરી મા ઉભા હતા. રવુભા ના ઘરે ગયા ત્યારે તેના ઘરના સભ્યો હાજર હતા તેમા તેની દીકરી તથા તેના ઘરવાળા હતા જે અમોને ત્યા જણાવેલ. આ જે રૂમ નો દરવાજો હતો તેને તાળુ મારેલ ન હતુ ખુલો હતો. એ વાત ખરી છે કે, જે રૂમમાથી છરી મળી આવી તેમા પ્રવેશ કરેલ નથી પણ અમો ઓશરી મા ઉભા હતા. એ વાત ખરી નથી કે મારી સરતપાસ મા જણાવેલ હકીકતે પોલીસ મને બોલાવવા આવેલ નથી કે હુ પોલીસ સ્ટેશને પંચનામાની કાર્યવાહી સબંધે ગયેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી એ તેના ઘરે થી ઓશીકાનીચે થી છરી કાઢી આપેલ હોવાની હકીકત હુ ખોટી જણાવુ છું. એ વાત ખરી નથી કે, હુ આરોપી ના ઘરે ગયેલ નથી કે મારી હાજરી મા પંચનામુ કરવામા આવેલ નથી. એ વાત ખરી નથી કે, હુ પંચનામા ની કાર્યવાહી સબંધે કોઈ હકીકત જાણતો ન હોવા છતા નામદાર કોર્ટ રૂબરૂ મે આરોપી અને છરી ને ખોટી રીતે ઓળખી બતાવેલ છે. ''

**(૨૧.૨)** આમ, સદર સાહેદનો પુરાવો જોતાં પોલીસે તેને પંચ તરીકે મીઠાપુર પો.સ્ટે. માં બોલાવેલ જયાં આરોપી રવુભા અરજણભા માણેક હાજર હતા અને ત્યાંથી રવુભા અરજણભા માણેકના ઘરે પંચનામું કરવા જવાનુ કહેતા એક બોલેરો ગાડીમાં તેઓ તથા આરોપી રવુભા તથા પો.સ્ટાફના માણસો તથા બીજા એક ભાઈ જે પણ પંચમા હતા તે બધા પો.સ્ટે. થી બેસી ધ્વારકા તરફ જવા રવાના થયેલા અને ત્યાંથી આરોપી રવુભાનુ મકાન હોય ત્યાં પહોંચેલા અને તે મકાનની અંદર તેઓ બધા દરવાજો ખોલી ગયેલા તે દરવાજો લાકડાનો હતો અને ત્યાં અંદર રૂમમાં એક લાકડાનો પલંગ હતો ત્યાં પલંગ પર ઓશીકા નીચેથી આરોપી રવુભા અરજણભા માણેકે એક છરી કાઢી આપેલ હતી તે છરી પર લોહીના સુકાયેલા ડાઘ હતા જે છરી આશરે ૭–ફુટ જેટલી લાંબી અને ૫–ફુટ જેટલો હાથો હતો અને છરીના હાથામાં બે

રીવેટ ફીટ કરેલ હતી જે છરી કોર્ટ રૂબરૂ સદર સાહેદ ઓળખી બતાવે છે વધુમાં સદર સાહેદની જુબાનીમાં આંક–૪૩ થી પંચનામું રજુ થયેલ છે. સદર સાહેદે બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ રવુભાના ઘરે પંચનામું કરવાનુ છે તે હકીકત પોલીસે જણાવેલી આ હકીકત પો.સ્ટે. માં તેઓને લઈ ગયા ત્યારે જણાવેલી રવુભા સિવાય બીજા કોઈ આરોપીઓ હાજર હતા નહિ. રવુભા સાથે ખાલી ઓળખાણ થયેલી તે સિવાય બીજી કોઈ વાતચીત થયેલ નહિ રવુભાના ઘરે પહોંચ્યા અને છરી કાઢી તે છરી માંથી લોહીના ટીપા પડતા ન હતા છરી જયાંથી કાઢી આપી તે ઓશીકાના કવર ઉપર લોહીના ડાઘ હતા કે કેમ ? તે તેમણે બતાવેલ નહિ. છરી જયારે કાઢી બતાવી ત્યારે તેઓ ઓશરીમાં ઉભા હતા, રવુભાના ઘરે ગયા ત્યારે તેના ઘરના સભ્યો હાજર હતા તેમાં તેની દિકરી તથા તેના ઘરવાળા હતા  જે તેઓને ત્યાં જણાવેલ આ જે રૂમનો દરવાજો હતો ત્યાં તાળુ મારેલ ન હતુ ખુલ્લુ હતો. આરોપી તેના ઘરેથી ઓશીકા નીચેથી છરી કાઢી આપેલ હોવાની હકીકત ખોટી જણાવુ છુ તે હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૨૨) ફરીયાદપક્ષે સા. નં.૬ અશોકભાઈ સવજીભાઈ બારાઈ એ તેમના આંક–૪૫ ના સોગંદ ઉપરના પુરાવામાં આંક–૪૬  થી આરોપીના બ્લડ સેમ્પલ કલેકટક કર્યાનું પંચનામામાં પંચ તરીકે તેમની સહીઓ ઓળખી બતાવી રજુ કરેલ છે, આ સિવાય પંચનામાની વિગતે કોઈ પુરાવો નહીં આપતા ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ તેમાં પણ ફરીયાદપક્ષના કેસને મદદરુપ થાય તેવી કોઈ હકીકત મળી આવેલ નથી. જેથી સદર પંચ સાહેદના પુરાવાથી આંક–૪૬ વાળું પંચનામું પુરવાર થયેલાનું માની શકાય નહીં.

(૨૩) ફરીયાદપક્ષે સા. નં.૭ દેવાભાઈ જીવાભાઈ હાથીયા એ તેમના આંક–૪૭ ના તથા સા. નં. ૮ દાઉદભાઈ ઈબ્રાહીમભાઈ ભુસર એ તેમના આંક–૫૧ ના સોગંદ ઉપરના પુરાવામાં આંક–૪૮  થી ફરીયાદી તથા સાહેદના બ્લડ સેમ્પલ કલેકટક કર્યાનું

પંચનામામાં તેમજ આંક–૪૯ થી ૫૦ વાળી પંચસ્લીપમાં પંચ તરીકે તેમની સહીઓ ઓળખી બતાવી રજુ કરેલ છે, આ સિવાય પંચનામાની વિગતે કોઈ પુરાવો નહીં આપતા ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ તેમાં પણ ફરીયાદપક્ષના કેસને મદદરુપ થાય તેવી કોઈ હકીકત મળી આવેલ નથી. જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી આંક–૪૯ વાળું પંચનામું પુરવાર થયેલાનું માની શકાય નહીં.

(૨૪) ફરીયાદપક્ષે સા. નં.૯ જુબેરભાઈ જુનસભાઈ સુરાણી એ તેમના આંક–૫૩ ના તથા સા. નં. ૧૦ અબ્દુલભાઈ ઉમરભાઈ ઓંધીયા એ તેમના આંક–૫૫ ના સોગંદ ઉપરના પુરાવામાં આંક–૫૪ થી મરણ જનારના કપડા તથા બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામામાં પંચ તરીકે તેમની સહીઓ ઓળખી બતાવી રજુ કરેલ છે, આ સિવાય પંચનામાની વિગતે કોઈ પુરાવો નહીં આપતા ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ તેમાં પણ ફરીયાદપક્ષના કેસને મદદરુપ થાય તેવી કોઈ હકીકત મળી આવેલ નથી. જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી આંક–૫૪ વાળું પંચનામું પુરવાર થયેલાનું માની શકાય નહીં.

(૨૫) ફરીયાદપક્ષે આંક–૬૧ થી ડો.મહમદસીદીક ઈબ્રહીમ સમા ને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' હુ જામનગર જી.જી.હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવુ છુ. ગઈ તા.૧૭/૦૨/૨૦૧૯ ના રોજ વહેલી સવારે ૬–વાગ્યે હુ મારી ફરજ પર હાજર હતો ત્યારે રામભા બાલુભા સુમણીયા તેના મામા ના દિકરા જગાભા નુંધાભા માણેક ઉ.વ.૧૯ ને મારી પાસે સારવાર માટે મીઠાપુર હોસ્પીટલ થી રીફર થઈને આવેલા. તેને હિસ્ટ્રી પુછતા પોતે જાતે જણાવેલ કે, છ પુરૂષ ઈસમોએ મારેલ છે. અને આ ઈજા છરી, ધોકા, તલવાર, પાણાથી કરેલ છે. આ છ પુરૂષમાંથી એક નુ નામ ભુરાભા પોતાભા સુભણીયા લખાવેલ. આ બનાવ રાતના દોઢ થી બે વચ્ચે બનાવ બનેલાનુ જણાવેલ. તેમજ આ બનાવ ટાટા કંપનીના ગેટ પાસે બનેલાનું

જણાવેલ અને આ દર્દીને પ્રાથમિક સારવાર ટાટા હોસ્પીટલ મીઠાપુર માંથી લઈને આવેલા. આ દર્દીને તપાસતા કપાળના ભાગે,નાકના ભાગે ડ્રેસીંગ કરેલ હતુ. મે આ દર્દીની એમ.એલ.સી. કાર્યવાહી કરી વધુ તપાસ સારવાર અર્થે ટ્રોમા વોર્ડમાં રીફર કરી દીધેલા. અંદર ની તપાસના સારવારના કાગળો જોતા છોલાયેલો ભાગ એમરેઝન ૧ × ૦.૫ સેમી. ડાબી સાઈડના કપાળના ભાગે છોલાયેલો ઘા જોવામાં આવેલ. અંદરની તપાસના સારવારના કાગળો જોતા એકસરે અને સોનોગ્રાફી રિપોર્ટ નોરમલ હતા. તેમજ સદર દર્દીને કોઈ સારવાર આપવામાં આવેલી હોય તે બાબતની કોઈ નોંધ કેસ પેપર્સમાં કરવામાં આવેલ નથી. '' સદર સાહેદની જુબાનીમાં આંક–૬૨ થી ઈજા અંગેનું સર્ટીફીકેટ, આંક–૬૩ થી દર્દીના સારવાર અંગેના કાગળ રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ત્યારબાદ તે જ દિવસે દર્દી સુરેન્દ્રભાઈ લુણાભા માણેક ને નાકીયાભા ઘેલુભા જે દર્દીના મામાના દિકરા થાય છે તેઓ લઈને તેમની પાસે સારવાર માટે મીઠાપુર હોસ્પીટલ થી રીફર થઈને આવેલા. તેને હિસ્ટ્રી પુછતા પોતે જાતે જણાવેલ કે, છ પુરૂષ ઈસમોએ મારેલ છે. અને આ ઈજા છરીથી ડાબા ખંભાની નીચે સ્કેપ્યુલર રીઝનમાં ઘા કરેલ. જે અંગે ટાટા હોસ્પીટલ, મીઠાપુર માંથી ટાકા લઈ અને ડ્રેસીંગ કરી આવેલ. આ બનાવ રાતના દોઢ થી બે વચ્ચે બનાવ બનેલાનુ જણાવેલ. તેઓએ આ દર્દીની એમ.એલ.સી. કાર્યવાહી કરી વધુ તપાસ સારવાર અર્થે ટ્રોમા વોર્ડમાં રીફર કરી દીધેલા. અંદર ની તપાસના સારવારના કાગળો જોતા ડાબા ખંભાની નીચે સ્કેપ્યુલર રીઝનમાં ૪ સેમી. ઘા હતો અને ત્યાં ૪ ટાંકા લીધેલ હતા. થોડુથોડુ બ્લડનુ પ્રવાહી નીકળતુ હતુ. પ્રાથમિક તપાસમાં હાડકાની ભાંગતુટ જોવા મળેલ નહિ. વધુમાં અંદરની તપાસના સારવારના રિપોર્ટ જોતા સોનોગ્રાફી રિપોર્ટ અને એકસરે રિપોર્ટ નોરમલ હતા. જે દર્દીનો ઓ.પી.ડી. કેસ સારવાર આપી દાખલ કર્યા વિના રજા આપી દીધેલ. અને જરૂર પડે તો ફોલઓપ મા આવવા જણાવેલ. સદર સાહેદની જુબાનીમાં આંક–૬૪ થી ઈજા અંગેનું સર્ટીફીકેટ તથા આંક–૬૫ થી

દર્દીના સારવાર અંગેના કાગળ રજુ કરેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, આ ઈજા પામનાર દર્દીઓને જોયેલ ઈજા તીક્ષ્ણ તથા બોથડ પદાર્થથી થઈ શકે તેવી ઈજાઓ હતી. આ કામના દર્દી સુરેન્દ્રભાઈ ને જે ઈજા પહોંચેલ તે સામાન્ય પ્રકારની કહી શકાય નહિ. કારણ કે તેમને ટ્રીટમેન્ટ મળે નહિ તો તેમને પહોંચેલ ઈજા ગંભીર થઈ શકે.તેમજ દર્દી જગાભા નુંધાભા માણેક ને પહોંચેલ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. સદર સાહેદની જુબાનીમાં આંક–૬૬, ૬૭ થસ ઈજા પામનારના સારવાર સર્ટીફીકેટ મેળવવા પોલીસ તરફથી મળેલ યાદી રજુ કરેલ છે.

**(૨૫.૧)** સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૪ના વિ.વ.શ્રી તરફે ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' એ વાત ખરી છે કે, આ બન્ને દર્દીઓ તેમના સગા – સંબંધીઓ સાથે એક સાથે આવેલા હતા. એ વાત ખરી છે કે, આ બન્ને દર્દીઓ એક જ બનાવના કામે સારવાર અર્થે આવેલા. એ વાત ખરી છે કે, આ બન્ને દર્દીઓ રીફર ચીટ લઈને આવેલા તે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, રીફર ચીટ સિવાય બીજા કોઈ સારવારના કાગળો લઈને આવેલ હોય તે મે જોયેલ નહિ. એ વાત ખરી છે કે, રીફર ચીટ માં ચોકકસ કોઈ નીદાન અંગે રીફર કરેલ હોય તેવુ દર્શાવેલ ન હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, દર્દીને થયેલ ઈજા બાબત સામાન્ય સંજોગોમાં સ્પેશ્યાલીસ્ટ ઓપીનીયન અને તપાસ માટે રીફર કરતા હોય છે. એ વાત ખરી નથી કે, મે જે દર્દીને તપાસેલ તેને વધુ સારવાર સંબંધે કોઈ જરૂરીયાત ન હોવાનું ખરૂ નથી. એ વાત ખરી છે કે, મે દર્દીને ઈજા અંગે તપાસેલ નથી કે સારવાર કરેલ નથી. એ વાત ખરી છે કે, ટ્રોમા વોર્ડમાં જે સારવાર કરેલ છે તે બાબત મને જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, મે જે સર્ટીફીકેટ આપેલ છે તે સારવારના કાગળોના આધારે આપેલ છે. એ વાત ખરી છે કે, મે ટ્રોમા વોર્ડમાં રીફર કરેલ તેમજ ઈજા સંબંધે તેનો ઉલ્લેખ સર્ટીફીકેટમાં કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સારવારના કાગળોમાં છે. એ વાત ખરી

છે કે, ઈજા સંબંધે સારવાર કરનાર ડોકટર વધુ સારો અભિપ્રાય આપી શકે.એ વાત ખરી નથી કે, જગાભા નુંધાભા ને જે ઈજા થયેલ તે તલવાર કે છરી જેવા હથીયાર થી ન થઈ શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ધોકા, તલવાર નો ઉધો ઘા, પથ્થર, છરીનો ઉધો ઘા ગમે તેનાથી થઈ શકે. એ વાત ખરી છે કે, આ ચકામો રેડીસ હતો કે બ્લેકીસ્ટ હતો એ બાબતની કોઈ નોંધ સારવારના કાગળોમાં કે સર્ટીફીકેટમાં કરેલ નથી. એ વાત ખરી છે કે, રેડીસ અને બ્લેકીસ્ટ પરથી ઈજાની ઉમર નકકી થઈ શકે. એ વાત ખરી છે કે, આ એબ્રેજનમાં કોઈ કાપો ન હતો. એ વાત ખરી નથી કે, તલવારના ઉધા ઘા કે છરીના ઉધા ઘા થી થઈ ના શકે. એ વાત ખરી છે કે, દર્દી સુરેન્દ્રભા ને થયેલ ઈજા સંબંધે તેઓએ સારવાર લીધેલી. એ વાત ખરી છે કે, આ દર્દીએ સારવાર લીધેલ હોય તે રીતે જોતા સામાન્ય ગણી શકાય. એ વાત ખરી છે કે, આ દર્દીને જે ઈજા થયેલ છે તે સુપરફીશીયલ કહી શકાય નહિ. એ વાત ખરી છે કે, આ દર્દીને ટાંકા લીધેલ હોય ઘા ઉંડો કેટલો હતો અને બોડીના અંદરના કેટલા પાર્ટસ સુધી ઉંડો ગયેલ તે ટાંકા તોડયા વીના ખબર ના પડે. એ વાત ખરી નથી કે, મે સરતપાસમાં જે ઓપીનીયન આપેલ છે તે ખરો નથી. એ વાત ખરી નથી કે, મે દર્દીને સારવાર કરેલ ન હોવા છતા મે દર્દીની સારવાર સંબંધેનો પ્રમાણપત્રની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે, દર્દીને થયેલ ઈજા સંબંધેનાં હથીયારની હકીકત ખોટી જણાવુ છુ. ''સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૫ ના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' એ વાત ખરી છે કે,મારી પાસે જગાભા નામના દર્દી આવેલા તેને મે તપાસી સારવાર માટે ટ્રોમા સેન્ટર ખાતે મોકલી આપેલા તે સિવાય બીજુ કાંઈ કરેલ નહિ. એ વાત ખરી છે કે, કોઈ દર્દી અમારી હોસ્પીટલમાં આવે ત્યારે તે પ્રથમ કેસ કઢાવે અને કેસ લઈ ને અમારી પાસે આવે. એ વાત ખરી છે કે, આવા પેશન્ટનુ એમ.એલ.સી. રજીસ્ટરમાં નોંધ કરવાની હોય છે. એ વાત ખરી છે કે, ઈજા સારવાર સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવે તેની રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે. એ વાત ખરી છે કે, જે

પોલીસ કોન્સ્ટેબલ સર્ટીફીકેટ લેવા આવે ત્યારે તેનું નામ તથા બકલ નંબર તથા ઈશ્યુ કરેલ તારીખ લખવામાં આવે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ તમામ કાર્યવાહી રેકર્ડ ઓફીસમાં કરવામાં આવે છે. એ વાત ખરી છે કે, જગાભા ને ઈજા કેટલી જુની હતી તે હકીકત સર્ટીફીકેટમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, દર્દીનુ સારવાર સર્ટીફીકેટ કઈ રીતે તૈયાર કરવુ તેની મને ખબર છે. મને આંક–૬૨ વાળુ સર્ટીફીકેટ બતાવવમાં આવે છે જેમાં સર્ટીફીકેટ નંબર ની નીચે જે તારીખ ૧ એપ્રિલ ૨૦૧૯ નો જે સિકકો મારેલ છે તે સર્ટીફીકેટ ઈશ્યુ કર્યા અંગેનો હશે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ સિકકો રેકર્ડ ઓફીસમાંથી સર્ટીફીકેટ ઈશ્યુ કરતી વખતે મારેલ હોવાનું જણાય છે. એ વાત ખરી છે કે, આ સર્ટીફીકેટમાં યુ.એસ.જી. રિપોર્ટ ફાઈલમાં નથી તેવી નોંધ કરેલ છે. દર્દી મારી પાસે આવ્યા ત્યારે જાતે તેનુ નામ મને જણાવેલ. એ વાત ખરી નથી કે,મે સરતપાસમાં જણાવેલ વિગતો ખોટી જણાવેલ છે.''

(૨૫.૨) આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેઓ જી.જી.હોસ્પીટલમાં તા.૦૭/૦૨/૨૦૧૯ ના રોજ સવારે ૬:૦૦ વાગ્યે ફરજ પર હતા ત્યારે ફરીયાદી જગાભા નુંધાભા માણેક ને સારવાર માટે લાવેલ અને દર્દીએ ૬–પુરૂષ ઈસમોએ મારેલ અને આ ઈજા છરી, ધોકા, તલવાર,પાના થી કરેલ હોવાનુ જણાવેલ. આ ૬–પુરૂષમાં થી એકનુ નામ ભુરાભા સુમણીયા લખાવેલ આ બનાવ દોઢ થી બે વાગ્યાનુ જણાવેલ અને તેઓએ એમ.એલ.સી. કાર્યવાહી કરી વધુ તપાસ સારવાર અર્થે ટ્રોમા વોર્ડમાં રીફર કરી દીધેલ. તપાસના કાગળોની સદર સાહેદ જણાવે છે કે, દર્દીને ડાબી સાઈડના કપાળના ભાગે ૧ × ૦૫ સે.મી. નો છોલાયેલો ઘા જોવામાં આવેલ જે ઈજા અંગેનું સર્ટીફીકેટ સદર સાહેદની જુબાનીમાં આંક–૬૨ થી રજુ થયેલ છે તેમજ સારવારના કાગળો આંક–૬૩ થી રજુ થયેલ છે. ડોકટરશ્રીના જણાવ્યા મુજબ ત્યારબાદ સુરેન્દ્ર લુણાભા માણેક ને ટાટા હોસ્પીટલે થી રીફર થઈને લાવેલ

જેની હીસ્ટ્રી પુછતા ૬–પુરૂષ ઈસમોએ મારેલ છે અને આ ઈજા છરી થી ડાબા ખભાની નીચે સ્કેપ્યુલર રીઝનમાં ઘા કરેલ જે અંગે ટાટા હોસ્પીટલ મીઠાપુર માંથી ટાકાં લઈ અને ડ્રેસીંગ કરી આપેલ. આ દર્દીની એમ.એલ.સી. કાર્યવાહી કરી વધુ સારવાર અર્થે ટ્રોમા વોર્ડમાં રીફર કરી દીધેલ અને તપાસના કાગળો જોઈ ડાબા ખભાની નીચે સ્કેપ્યુલર રીઝનમાં ૪–સે.મી. ઘા હતો અને ત્યાં ૪–ટાંકા લીધેલ હતા જે દર્દીને ઓ.પી.ડી. કેસ સારવાર આપી દાખલ કર્યા વિના રજા આપી દીધેલ. જે ઈજા અંગેનું સર્ટીફીકેટ આંક–૬૪ થી અને સારવાર અંગેના કાગળો આંક–૬૫ થી રજુ થયેલ છે. વધુમાં સદર દર્દીને તીક્ષ્ણ તથા બોથડ પદાર્થથી થઈ શકે તેવી ઈજા હતી. દર્દી સુરેન્દ્રભાઈ ને ઈજા થયેલ તે સામાન્ય પ્રકારની કહી શકાય નહિ કારણ કે ટ્રીટમેન્ટ ન મળે તો ઈજા ગંભીર થઈ શકે. દર્દી જગાભા નુંઘાભા ને સામાન્ય ઈજા હતી. સદર સાહેદે બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ આ બન્ને દર્દીઓ રીફર ચીઠ્ઠી લઈ ને આવેલા તે આ કામે રજુ કરેલ નથી, રીફર ચીટ્ઠમાં ચોકકસ કોઈ નિદાન અંગે રીફર કરેલ હોય તેવુ દર્શાવેલ ન હતુ તે હકીકતનો સ્વીકાર કરેલ છે. દર્દીને થયેલ ઈજા અંગે તેઓએ તપાસેલ નથી કે સારવાર કરેલ નથી, ટ્રોમા વોર્ડમાં જે સારવાર કરેલ છે તે બાબત તેઓને જાત માહિતી નથી, તેઓએ જે સર્ટીફીકેટ આપેલ છે તે સારવારના કાગળોના આધારે સર્ટીફીકેટ આપેલ છે, તેમજ ઈજા સંબંધે સારવાર કરનાર ડોકટર વધુ સારો અભિપ્રાય આપી શકે. તે હકીકતનો સ્વીકાર કરેલ છે. તથા દર્દી સુરેન્દ્રભાઈ ને થયેલ ઈજા અંગે તેઓએ સારવાર લીધેલી, આ દર્દીએ સારવાર લીધેલ હોય તે રીતે જોતા સામાન્ય ગણી શકાય, આ દર્દીને જે ઈજા થયેલ છે તે સુપરફીશીઅલ કહી શકાય નહિ, આ દર્દીને ટાંકા લીધેલ હોય આ ઘા ઉડો કેટલો હતો અને બોડીના અંદરના પાર્ટ સુધી ઉડો હતો તે ટાંકા તોડયા વગર ખબર ના પડે તે હકીકતનો સ્વીકાર કરેલ છે.

**(૨૬)** ફરીયાદપક્ષે આંક–૧૦૪ થી સાહેદ પાયલબેન બાબુભાઈ કટારા ને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' હુ હાલ દવારકા મુકામે પ્રાંત કચેરીમા નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવુ છુ. મને જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી દેવભુમિ દવારકા દવારા અમારી કચેરીના સબ ડીવીઝન મેજી.શ્રી દવારકા વાળાને સંબોધીને સદરહુ કેસમા જાહેરનામા અંગે જુબાની આપવા માટેની સુચના આપતા અમો આજરોજ જીલ્લા મેજીસ્ટ્રેટ દેવભુમિ દવારાનો પત્ર તથા મ્હે. ડી.એમ. સાહેબના હથિયારબંધીના જાહેરનામા સાથે જુબાની આપવા આવેલ છીએ.'' સદર સાહેદની જુબાનીમા આંક–૧૦૫ થી જુબાની આપવા માટેનો પત્ર રજે કરેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, અધિક જીલ્લા મેજી.શ્રી એ. બી. પટેલ સાહેબશ્રી દવારા નં. ડીએમ/ડીસીએચ/હથિયારબંધી/૮૨/૧૯ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) હેઠળનુ જાહેરનામુ દેવભુમિ દવારકા જીલ્લાના સમગ્ર વિસ્તરમા તા. ૧૦/૦૨/૧૯ થી તા. ૧૧/૦૩/૧૯ સુધી અમલમા રહે તે રીતે જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવેલ અને આ જાહેરનામુ સહેલાઈથી દેખાય તે રીતે અધિકૃત કરેલ કરેલ કચેરીઓમા તથા સ્થાનિક વર્તમાનપત્રોમા તેની જાહેરાત કરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવેલ અને તેની નકલો યોગ્ય જગ્યાએ મોકલાવામા આવેલ. સદર સાહેદની જુબાનીમાં આંક–૧૦૬ થી જીલ્લા મેજી. સાહેબનુ જાહેરનામુ રજુ કરેલ છે.

**(૨૬.૧)** સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસ કરવા આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ'' એ વાત ખરી છે કે આ જાહેરનામુ દરેક કચેરીઓમા પ્રસિધ્ધ થયેલ તે બાબતનો આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આ જાહેરનામુ વર્તમાનપત્રમા જાહેર થયેલ તે બાબતનો પણ કોઈ આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આ પ્રસિધ્ધી બાબતે હુ રેકર્ડ આધારે જુબાની આપુ છુ તે અંગે મને કોઈ જાત માહીતી નથી. '

(૨૬.૨) આમ, સદર સાહેદનો પુરાવો જોતા અધિક જિલ્લા મેજી. શ્રી, એ.જી.પટેલ નાઓએ તા.૧૦/૦૨/૨૦૧૯ થી તા.૧૧/૦૩/૨૦૧૯ સુધીનું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરેલ તેની નકલ આંક-૧૦૬ થી રજુ કરેલ છે. સદર સાહેદે ઉલટ તપાસમાં જાહેરનામું દરેક કચેરીમાં પ્રસિધ્ધ થયેલ હોય કે વર્તમાન પત્રમાં જાહેર કરેલ હોય તે બાબતનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. તે હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૨૭) ફરીયાદપક્ષે આંક-૧૦૭ થી સાહેદ અશ્વિન ખીમજીભાઈ ગોહેલને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' સને ૨૦૧૯ મા મામલતદાર કચેરી દવારકા તળે સર્કલ ઓફીસર ઓખા મા ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન સર્કલ ઓફીસર મામલતદાર કચેરી દવારકા માં મીઠાપુરના ઈ.ચા. પોલીસ ઈન્સ્પેકટર સી. બી. જાડેજા દવારા તા. ૦૬/૦૪/૧૯ ના રોજના મીઠાપુર પોસ્ટે ફ.ગુ.ર.નં. ૪/૧૯ આઈપીસી કલમ ૩૦૨, ૩૦૭ વિગેરે મુજબના ગુન્હાના કામે ગુન્હાવાળી સ્થાનિક જગ્યાનો નકશો બનાવી આપવા માટે યાદી તા. ૨૦/૦૪/૧૯ ના રોજ મામલતદાર કચેરી દવારકામા આવેલ તે અનુસંધાને બનાવવાળી જગ્યા આરંભડા ગામે આવેલી હોય જેથી બનાવવાળી સ્થાનિક જગ્યાનો નકશો બનવાવવા માટેની યાદી અમારા તરફ મોકલાવામા આવતા તે સમયે લોકસભાની ચુંટણી આવતી હોય જેથી અમો દવારા તા. ૦૫/૦૭/૧૯ ના રોજ બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા માટે ગયેલ હતા અમોએ મીઠાપુર પોસ્ટે જઈ સ્થાનિક પોલીસને મળેલ અને તેમને સાથે લઈ બનાવવાળી જગ્યાએ ગયેલ હતા અને તે સમયે અમોને બનાવવાળી જગ્યાનુ પંચનામાની ઝેરોક્ષ કોપી બતાવેલ હતી જેનો પણ અમોએ અભ્યાસ કરેલ હતો. બનાવવાળી જગ્યા આરંભડા મુકામે આશાપુરા માતાજીના મંદીર પાસે આંખની હોસ્પીટલની બાજુમા આવેલ હોય સ્થાનિક જગ્યાએ જઈ અને સ્થાનિક જગ્યાનુ નિરીક્ષણ કરી બનાવવાવળી જગ્યાનો નકશો તૈયાર કરેલ અને

તેમા બનાવવાળી જગ્યાની નિશાની તથા હદદિશા વિગેરેનો ઉલ્લેખ કરેલ અને તે નીચે સમજુતીની નોંધ કરી તે નીચે મારી સહી તથા સિકકો કરી આપેલ. ત્યારબાદ નકશો તૈયાર થઈ જતા અમોએ તા. ૦૬/૦૭/૧૯ ના રોજ ગુન્હાવાળા સ્થાનિક જગ્યાના નકશાની બે નકલ તૈયાર કરી પોલીસ ઈન્સ્પેકટર શ્રી મીઠાપુરને ફોરવર્ડીંગ યાદી સાથે મોકલી આાપેલ. '' સદર સાહેદની જુબાનીમાં આંક-૧૦૮ થી બનાવવાળી જગ્યાનો નકશો બનાવી આપવાનો પત્ર, આંક-૧૦૯ થી બનાવવાળી જગ્યાનો નકશો બનાવી આપવાનો સ્મૃતિપત્ર -૧, આંક-૧૧૦ થી નકશો તૈયાર કરી મીઠાપુર પોલીસ સ્ટેશનને કરેલ યાદી તથા આંક-૧૧૧ થી સ્થાનિક જગ્યાનો નકશો રજુ કરેલ છે.

**(૨૭.૧)** સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૫ ના વિ.વ.શ્રી તરફે ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' એ વાત ખરી નથી કે જે તે વિસ્તારના ખાનગી સરવે નંબર તથા સરકારી-અર્ધ સરકારી સરવે નંબરોની માહીતી મળી શકે. એ વાત ખરી છે કે મામલતદાર કચેરીમાથી આ માહીતી મળી શકે. એ વાત ખરી છે કે સર્કલ ઓફીસર તરીકે મે ઓખા સતામંડળનો હદ એરીયા મે જોયેલ છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવવાળા સ્થાનિક જગ્યાની રસ્તાની પશ્ચિમ દિશા તરફ ઘણા બધા રહેણાંક મકાનો તથા દુકાનો આવેલ છે. એ વાત ખરી છે કે સ્થાનિક જગ્યાથી દક્ષિણ તરફ આવતા પુર્વ દિશા તરફ વિધા જયોતી સ્કુલ તરફ જતો પાકો રસ્તો આવેલ છે. એ વાતની મને ખબર નથી કે સ્થાનિક જગ્યાની બાજુમા વર્ષોથી જીઈબીની ડી.પી. આવેલ છે કે કેમ. એ વાત ખરી છે કે નકશો શરુ કર્યાનો સમય તથા પુર્ણ કર્યાનો સમય તેમજ નકશો બનાવ્યાની તારીખ તથા નકશામા દર્શાવેલ જગ્યાના કોઈ નંબર નકશામા દર્શાવેલ નથી. એ વાત ખરી નથી કે નકશામા ચતુ:દિશા દર્શાવેલ છે તે સ્થાનિક જગ્યામા પોલીસના પંચનામામા જે લખેલ છે તે મુજબ લખી લીધેલ છે. સાહેદ સ્વેચ્છાએ

જણાવે છે કે સ્થાનિક જગ્યાનુ પંચનામુ વાંચીને તેનો અભ્યાસ કરીને વેરીફાઈ કર્યા બાદ ચતુ:દિશા દર્શાવેલ છે. એ વાત ખરી છે કે રોડ બાદ પશ્ચિમ તરફ જે મકાનો લાઈન બંધ આવેલ છે તે અંગે નકશામા દર્શાવેલ નથી. એ વાત ખરી નથી કે હુ સ્થાનિક જગ્યાએ કોઈ નકશો તૈયાર કરેલ નથી પરંતુ પોલીસે આપેલ સ્થાનિક જગ્યાના પંચનામાના આધારે પોલીસ અધિકારીની સુચના મુજબ પોલીસ સ્ટેશનમા બેસી નકશો તૈયાર કરી આપી દીધેલ છે. ''

(૨૭.૨) આમ, સદર સાહેદનો પુરાવો જોતા તેઓ તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા માટે ગયેલ અને મીઠાપુર પો.સ્ટે. માં જઈ પોલીસને મળેલ અને તેમને સાથે લઈ બનાવવાળી જગ્યાએ ગયેલ અને તે સમયે તેઓને બનાવવાળી જગ્યાના પંચનામાની ઝેરોક્ષ કોપી બતાવેલ હતી જેનો અભ્યાસ કરેલ હતો અને તેઓએ બનાવવાળી જગ્યાનુ નીરીક્ષણ કરી નકશો તૈયાર કરેલ જે નકશો આંક-૧૧૧ થી રજુ થયેલ છે. સદર સાહેદે બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ નકશો શરૂ કર્યાનો સમય તથા નકશો પુર્ણ કર્યાનો સમય તેમજ નકશો બનાવ્યાની તારીખ તથા નકશામાં દર્શાવેલ જગ્યાના કોઈ નંબર નકશામાં દર્શાવેલ નથી. તે હકીકતનો સ્વીકાર કરેલ છે. તેમજ તેઓએ સ્થાનીક જગ્યાએ નકશો તૈયાર કરેલ નથી પરંતુ પોલીસે આપેલ સ્થાનીક જગ્યાના પંચનામા આધારે પોલીસ અધિકારીની સુચના મુજબ પો.સ્ટે. માં બેસી તૈયાર કરી આપી દીધેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

(૨૮) ફરીયાદપક્ષે આંક-૧૧૯ થી પી.એસ.ઓ. હેમતભાઈ મુળજીભાઈ જોશી ને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' હુ હાલ દવારકા મુકામે દવારકા પોસ્ટેમા એએસઆઈ તરીકે ફરજ બજાવુ છુ. ગત તા. ૧૭/૦૨/૧૯ ના રોજ હુ મીઠાપુર પોલીસ સ્ટેશનમા એએસઆઈ તરીકે ફરજ બજાવતો હતો અને તા. ૧૭/૦૨/૧૯ ના રોજ હુ મીઠાપુર પોલીસ સ્ટેશનમા પીએસઓ તરીકે કલાક

૦૮:૦૦ થી ૧૩:૦૦ સુધી ફરજ પર હાજર હતો તે સમયે દરમ્યાન ઈન્ચાર્જ પી. આઈ. સી. બી. જાડેજા રુબરુ ફરીયાદી ગગાભા નુંધાભા માણેકવાળાઓની ફરીયાદ અમારા તરફ ગુન્હો દાખલ કરવા માટે આપતા અમોએ સદરહુ ફરીયાદનો અભ્યાસ કરી સીઆરપીસી કલમ ૧૫૪ ના ફોર્મમા ઉતારો કરેલ મીઠાપુર પોલીસ સ્ટેશને ફસ્ટ ગુ.ર.નં. ૪/૧૯ થી આઈપીસી કલમ ૩૦૨ વિગેરે તથા જી. પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબ ગુન્હો રજીસ્ટર કરી ભારે ગુન્હાનો રીપોર્ટ કરેલ અને અધિક પોલીસ મહા નિરીક્ષક ગાંધીનગર વાળાઓને ફેકસ મેસેજથી જાણ કરેલ અને સદરહુ ગુન્હાની ફરીયાદ નિયત સમયમર્યાદામા નામ. કોર્ટમા મોકલી આપેલ ત્યારબાદ સદરહુ ગુન્હાની તપાસ અમોએ ઈન્ચાર્જ પી.આઈ. સી. બી. જાડેજાનાઓને સોંપી આપેલ. '' સદર સાહેદની જુબાનીમાં આંક–૧૨૧ થી ગુન્હો દાખલ કરવાનો રીપોર્ટ, આંક–૧૨૨ થી અધિક પોલીસ મહા નિરીક્ષકશ્રી ગાંધીનગર વાળાઓને ફેકસ મેસેજથી જાણ કર્યાનો રીપોર્ટ, આંક–૧૨૩ થી ભારે ગુન્હાનો રીપોર્ટ, આંક–૧૨૪ થી ગુન્હાવાળી જગ્યાનુ એફએસએલ અધિકારી દવારા સ્થળ પરીક્ષણ કરવા કરેલ રીપોર્ટ, આંક–૧૨૫ થી સ્ટેશન ડાયરીની નકલ રજુ કરેલ છે.

**(૨૮.૧)** સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૪ના વિ.વ.શ્રી તરફે ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' એ વાત ખરી છે કે મે ગુન્હો રજીસ્ટર કર્યા સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ ન હોય બનાવ બાબતે મને જાત માહીતી નથી. એ વાત ખરી છે કે મે સીઆરપીસી કલમ ૧૫૪ ના ફોર્મમા ઉતારો કર્યો તે પહેલા બનાવ બાબતની કોઈ માહીતી હતી નહી. મે એફએસએલ અધિકારીશ્રીને સ્થળ પરીક્ષણ કરવા માટે જે યાદી કરેલ તે ઉપરી અધિકારીની સુચનાથી કરેલ. એ વાત ખરી છે કે મને કોઈ લેખિત સુચના આપેલ નથી. એ વાત ખરી છે કે આ યાદીમા મે ટાઈમ દર્શાવેલ નથી. ''

(૨૮.૨) આમ, સદર સાહેદનો પુરાવો જોતા તેઓએ પી.એસ.આઈ. શ્રી સી.બી.જાડેજા રૂબરૂ આપેલ ફરીયાદ મુજબ ગુનો રજીસ્ટર કરેલ છે તેમજ ભારે ગુન્હાનો રીપોર્ટ કરેલ છે તથા ગુન્હાવાળી જગ્યાનુ એફએસએલ અધિકારી દવારા સ્થળ પરીક્ષણ કરવા પધારવા રીપોર્ટ કરેલ છે. તે સિવાય વિશેષ કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ, સદર સાહેદનો પુરાવો એ પ્રક્રિયાત્મક સ્વરૂપનો પુરાવો છે.

(૨૯) ફરીયાદપક્ષે આંક–૧૨૯ થી ત.ક.અ. ચંદ્રકલાબા ભરતસિંહ જાડેજા ને તપાસેલ છે.સદર સાહેદનો પુરાવો જોતાં '' હુ સને ૨૦૧૯ મા મીઠાપુર પોસ્ટે તા. ૧૭/૦૨/૧૯ ના રોજ ઈ.ચા. પી. આઈ. તરીકે ફરજ પર હાજર હતી તે સમય દરમ્યાન અમારા પોલીસ સ્ટેશનમા મીઠાપુર ટાટા હોસ્પીટલ ડોકટરશ્રી દવારા વર્ઘી આપી જાણ કરેલ કે એક વ્યકિતને મારામારીમા શરીરે ઈજા પહોંચેલ છે અને તે સારવાર લેવા આવેલ છે અને એક વ્યકિત મરણ ગયેલ છે તેવી જાણ અમારા પોલીસ સ્ટેશનમા થયેલ હોય તે અંગેની જાણ હાજર પરના પીએસઓએ અમોને કરતા અમો તા. ૧૭/૦૨/૧૯ ના રોજ મીઠાપુર ટાટા હોસ્પીટલે ગયેલ અને ત્યા ઈજા પામનાર ગગાભા નુંધાભા માણેક રહેવાસી દેવપરાવાળાને તથા સુરેન્દ્રભા લુણાભા માણેકને વધુ સારવાર માટે જામનગર જી. જી. હોસ્પીટલમા મોકલવામા આવેલ હોય જેથી અમો જામનગર જી. જી. હોસ્પીટલે ગયેલ અને ત્યા ગગાભા નુંધાભા માણેકની લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ અને મીઠાપુર ટાટા હોસ્પીટલ મુકામે ગુજરનાર રાજેશભાનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ અને તે ગુન્હાની ફરીયાદ તથા તે સંબંધિત કાગળો મીઠાપુર પોલીસ સ્ટેશનમા ગુન્હો રેકર્ડ કરવા માટે આપેલ તેથી મીઠાપુર પોસ્ટે આપતા મીઠાપુર પોસ્ટે ફસ્ટ ગુ.ર.નં. ૪/૧૯ થી આઈપીસી કલમ ૩૦૨ વિગેરે મુજબનો ગુન્હો રજીસ્ટર કરવા આપતા ગુન્હો રજીસ્ટર થયેલ. સદરહુ કામે સામસામે બનાવ બનેલ હોય સદરહુ ગુન્હાના આરોપી ભરતભા પોલાભા સુમણીયા કે જેઓ જી. જી. હોસ્પીટલમા દાખલ હોય અને

ત્યાથી રજા આપ્યા બાદ સદર ગુન્હામા સંડોવાયેલ હોય તેને પોલીસ સ્ટેશન લાવેલ અને તેઓએ પણ મારી રુબરુ તેઓની ફરીયાદ હકીકત લખાવતા તે તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ અને તે નીચે ફરીયાદીની સહી લીધેલ ત્યારબાદ સદરહુ ગુન્હો રજીસ્ટર કરવા સારુ પીએસઓ તરફ મોકલી આપતા પીએસઓશ્રીએ ફસ્ટ ગુ.ર.નં. ૫/૧૯ ઈપીકો કલમ ૩૨૫ વિગેરે મુજબનો ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ મને સોંપેલ. આમ સદરહુ ગુન્હાના કામે બનેલ સામસામે બન્ને ગુન્હાની તપાસ મે સંભાળેલ. સદરહુ ગુન્હાની તપાસ મે સંભાળ્યા બાદ પ્રથમ સ્થાનીક જગ્યાએ જઈ મે પંચોને બોલાવી સ્થાનિક જગ્યાનુ પંચનામુ કરેલ અને સ્થાનીક જગ્યાએથી લોહીવાળી માટી તથા કન્ટ્રોલ સેમ્પલ તથા હથીયારો જેવા લાકડાનો ધોકો, ધોકાનો તુટેલ કટકો, મ્યાન વગરની તલવાર પંચનામાની વિગતે કબજે લીધેલ. ત્યારબાદ આ કામમા લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલ. બાદ ગુજરનારનુ પી.એમ. થઈ ગયેલ હોય તેથી પી.એમ. રીપોર્ટ મેળવવા તથા શોર્ટ નોટ મેળવવા તજવીજ કરેલ. સદરહુ ગુન્હાના કામે પીએસઓ ધ્વારા ભારે ગુન્હાનો રીપોર્ટ કરવામા આવેલ ત્યારબાદ એફએસએલ અધીકારી સ્થળ પરીક્ષણ કરવા યાદી કરેલ અને બનવા સમયે જાહેરનામુ અસ્તીત્વમા હોય તેની નકલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ તેમજ ત્યારબાદ આરોપીઓની અટક કરી પંચનામાની વીગતે આરોપી ઓનુ અટકપંચનામુ કરેલ અને આરોપીઓએ બનાવ સમય પહેરેલ કપડા રજુ કરતા પંચનામાની વિગતે કબજે લીધેલ. ત્યારબાદ આ ગુન્હાના કામે અટક કરેલ આરોપી રવુભા અરજણભા માણેક તે આ ગુન્હામા વાપરેલ હથીયાર કાઢી આપતા માગતા હોય તે અંગે ડીસ્કવરી પંચનામુ કરેલ અને આ કામના આરોપી રવુભાએ ટાટા કંપનીની દિવાલ લગત ગણેશપરા મા જથ્થો રોડ પાસેથી આરોપીએ જણાવેલ જગ્યાએ જઈ અને આરોપીના રહેણાક મકાને જતા આ કામના આરોપીએ છરી કાઢી આપેલ. તે પંચનામાની વીગતે કબજે લીધેલ અને ત્યારબાદ આરોપીઓના બ્લડ

સેમ્પલ લેવા માટે મેડીકલ ઓફીસર વરવાળાને યાદી કરેલ અને ત્યારબાદ આરોપીઓને કોર્ટ કસ્ટડીમા મોકલી આપવા સારૂ નીયત સમયમા નામ. કોર્ટમા રજુ કરેલ અને ત્યારબાદ બ્લડ સેમ્પલો સીલબંધ મેળવવા માટે યાદી કરેલ. ત્યારબાદ આરોપીઓના બ્લડ સેમ્પલ એએલઆર મહીરાજદાન ગઢવીનાઓએ વરવાળ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર માથી મેળવી પોલીસ સ્ટેશનમા રજુ કરતા પંચનામાની વિગતે કબજે લીધેલ. ત્યારબાદ ફરીયાદી તથા સાહેદોના બ્લડ સેમ્પલ એલઆર હીરાભાઈ રાણાભાઈ ના હોય લાવી રજુ ક રતા તેમજ ફરીયાદી તેમજ સાહેદે બનાવ સમયે પહેરેલ કપડા પોલીસ સ્ટેશનમા રજુ કરતા જે બ્લડ સેમ્પલ તથા કપડા પંચનામાની વીગતે કબજે લીધેલ. ત્યારબાદ પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ રૂડાભાઈનાઓએ જામનગર જીજી હોસ્પીટલ ડો. શ્રીએ લાશ ઉપરથી લીધેલ નમુના કપડા તથા બ્લડ સેમ્પલ લાવી પોલીસ સ્ટેશનમા લાવી રજુ કરતા જે અંગેનુ વીગતવાર પંચનામુ કરી કબજે લીધેલ. ત્યારબાદ સદરહુ ગુન્હાના કામે ફરીયાદી ગગાભા નુધાભા તથા સુરેન્દ્રભા નાઓને થયેલ ઈજા બાબતનુ સારવાર સર્ટીફીકેટ મેળવવા તજવીજ કરેલ. તેમજ સદરહુ ગુન્હાના કામે એફએસએલ અધીકારીએ સ્થળ પરીક્ષણ કરી અહેવાલ આપતા જે તપાસના કામે સામેલ રાખેલ તેમજ સ્થાનીક જગ્યાનો નકશો કરવા સારૂ સર્કલ ઓફીસર ધ્વારકાને યાદી કરેલ જે મુજબ સ્થાનીક જગ્યાનો નકશો આવતા તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ સદરહુ ગુન્હાના કામે કબજે લઈ મુદામાલ એફએસએલ. રાજકોટમા પૃથ્થકરણ કરવા સારૂ મોકલવા રવાનગી નોંધ અને તે રવાનગી નોંધમા નાયબ પોલીસ અધીક્ષકશ્રીનુ સતા અંગેનુ પ્રમાણપત્ર મેળવી મુદામા માણસ થી રાજકોટ ખાતે પરીક્ષણ કરવા સારૂ મોકલી આપેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા પુરતો હોવાનુ જણાતા મદદનીશ પોલીસ અધીક્ષકશ્રીની મંજુરી મેળવવા સારૂ રીપોર્ટ કરેલ અને તેઓની મંજુરી આવતા નીયત સમયમા નામ. કોર્ટમા ચાર્જશીટ કરેલ. મને આંક–૧ વાળો ચાર્જશીટ બતાવવામા આવે છે. જેમા ચાર્જશીટ કરનાર તરીકે મારી સહી છે જે

ઓળખી બતાવુ છુ. હુ આ કામના આરોપીઓને ઓળખુ છુ જેઓ આજરોજ કોર્ટમા હાજર છે. જે પૈકી આરોપી નં. ૪ સુનીલ કારૂભાઈ જડીયા હાજર નથી. નોંધ સદરહુ આરોપીની મુદત માફી માટે અરજી આપેલ છે અને ઓળખ બાબત તકરાર લીધેલ નથી. મને મુદામાલ બતાવવામા આવે તો ઓળખી શકુ. મને મુદામાલ પાવતી નં. ૧/૨૦૧૯, ૨/૨૦૧૯, 3/૨૦૧૯,૪/૨૦૧૯, ૫/૨૦૧૯ તથા ૬/૨૦૧૯ બતાવવામા આવે જે મારી તપાસ દરમ્યાન પંચનામાની વીગતે કબજે લીધેલ તે જ છે'' સદર સાહેદને આંક–૭૯ વાળી ફરીયાદ, આંક–૨૩ નુ ઈન્કવેસ્ટ પંચનામુ , આંક–૨૫ નુ સ્થાનીક જગ્યાનુ પંચનામુ, આંક–૩૪ નુ અટક પંચનામુ, આંક–૪૩ નુ ડીસ્કવરી પંચનામુ, આંક–૪૬ નુ આરોપીઓના બ્લડ સેમ્પલવાળી સીલબંધ સીસીઓ પોલીસ કોન્સ્ટેબલ પોલીસ સ્ટેશને આવી રજુ કરતા હોય જે સીલબંધ સીસી ઓ કબજે લેવા અંગેનુ પંચનામુ, આંક–૪૮ નુ ફરીયાદી તથા સાક્ષીએ બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરતા હોય જે કબજે લેવા અંગેનુ પંચનામુ આંક–૫૪ નુ મરણજનારના લાશ પરથી લીધેલ કપડા તથા બ્લડ સેમ્પલ રજુ કરતા હોય જે કબજે લેવા અંગેનુ પંચનામામાં પંચોની તથા તેઓની સહી ઓળખી બતાવે છે. સદર સાહેદની જુબાનીમાં આંક–૧૩૦ થી એકઝી.મેજી. સાહેબશ્રીને ઈન્કવેસ્ટ ભરવા પધારવા સારૂ કરેલ યાદી, આંક–૧૩૧ થી લાશનુ પેનલ ડોકટર ધ્વારા પીએમ કરવા સારુ કરેલ યાદી, આંક–૧૩૨ થી મરણજનારની પીએમ નોટ મેળવવા સારૂ કરેલ યાદી, આંક–૧૩૩ થી આરોપીઓના બ્લડ સેમ્પલ લેવા સારૂ તથા સીલ બંધ આપવા સારૂ કરેલ યાદી, આંક–૧૩૪ થી ફરીયાદી તથા સાહેદના બ્લડ સેમ્પલ લેવા સારૂ તથા સીલ બંધ આપવા સારૂ કરેલ યાદી, આંક–૧૩૫ થી આરોપીઓના સારવારના કાગળો આપવા સારૂ કરેલ યાદી, આંક–૧૩૬ થી ગુન્હાવાળી જગ્યાનો નકશો બનાવી આપવા સર્કલ ઓફીસરને કરેલ યાદી, આંક–૧૩૭ તથા ૧૩૮ થી ગુન્હાવાળી જગ્યાનો નકશો બનાવી આપવા સર્કલ ઓફીસરને લખેલ સ્મૃતિ પત્ર ૧ તથા ૨, આંક–૧૩૯ થી મુદામાલ પૃથ્થકરણ

કરવા સારૂ એફએસએલ. રાજકોટને રવાનગી નોંધ તૈયાર કરી મોકલી આપેલ તે અંગેની રવાનગી નોંધ, આંક–૧૪૦ થી સદરહુ ગુન્હાના કામે કબજે લીધેલ મુદામાલ પૃથ્થકરણ કરવા સારૂ એફએસએલ. રાજકોટને મોકલી આપેલ તે મળ્યા અંગેની પહોચ, આંક–૧૪૧ તથા ૧૪૨ થી સદરહુ ગુન્હાના કામે કબજે લીધેલ મુદામાલ પૃથ્થકરણ કરવા સારૂ એફએસએલ. રાજકોટને મોકલી આપેલ તે મુદામાલનુ પરીક્ષણ કર્યા બાદ એફએસએલ રાજકોટ તરફે ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલી આપેલ પરીક્ષણ અહેવાલ, આંક–૧૪૩ તથા ૧૪૪ થી સદરહુ ગુન્હાના કામે ચાર્જશીટ કરવા સારૂ મદદનીશ પોલીસ અધીક્ષકશ્રીને લખેલ પત્ર છે અને તે પત્રના અનુસંધાને મદદનીશ પોલીસ અધીક્ષકશ્રીએ આપેલ મંજુરી પત્ર રજુ કરેલ છે. વધુમાં સાહેદે તેમના પુરાવામાં સદર ગુન્હાના કામે સાહેદ ગજુભા ભારાભા માણેક, સાહેદ સનીભા માણસીભાના તેઓની રુબરુમાં નીવેદનો નોંધેલા તે નીવેદનો મુજબની વિસ્તૃત હકીકત તેમના પુરાવામાં જાહેર કરેલ છે.

(૨૯.૧) સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.૧ થી ૪ના વિ.વ.શ્રી તરફે ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ '' એ વાત ખરી છે કે, એકજ બનાવના કામે સામસામે ફરીયાદ રેકર્ડ પર આવેલ છે. એ વાત ખરી છે કે, આ ફરીયાદ બન્ને પક્ષકારે એક બીજાની વીરૂધ્ધ જે બનાવ બનેલ છે તે બાબતની ફરીયાદ આપેલ. આ બનાવ બાબત સામસામે દાખલ થયેલી બન્ને ફરીયાદો મે લીધેલ છે અને આ બન્ને બનાવ અંગેની ફરીયાદો બાબત ની તપાસ મેજ કરેલ છે.સવાલ : બન્ને પક્ષકારો વચ્ચે સામસામે મારામારી થયેલી.જવાબ : તપાસમા ગગાભાએ એક આરોપી ભરતભાને મારેલ છે અને આ કામના આરોપીઓએ મરણજનાર તથા ગગાભાને અને અન્ય સાહેદોને માર મારેલ છે. તેવી હકીકત બહાર આવેલ છે. મારૂ કહેવુ એવુ નથી કે ગગાભા અને ભરતભાનો બનાવ અલગ હતો. મારુ કહેવુ એવુ પણ નથી કે મરણજનાર અને ગગાભા તથા સાહેદોને

જે માર મારેલ છે. તે બનાવ અલગ હતો. એ વાત ખરી છે કે, મારામારીનો બનાવ એક જ હતો. એ વાત ખરી છે કે, આ બનાવમા એક પક્ષકાર મા પાચ જણ હતા અને બીજા પક્ષકારમા ત્રણ જણા હતા. એ વાત ખરી નથી કે આખા બનાવમા એગ્રેસીવ પાર્ટી કોણ હતી તે તપાસમા ખુલેલ નથી. ફરીયાદી તથા સાહેદોના નીવેદનમા ખુલેલ છે કે, એગ્રેસીવ પાર્ટી આ કામના આરોપીઓ છે અને આ હકીકત આરોપીઓ પણ સ્વીકારેલ છે. કાકરી ગેટે ઝગડાનો જે બનાવ બનેલ છે ત્યારે તેમજ ત્યારબાદ આખની હોસ્પીટલ આગળ હાલનો જે બનાવ બનેલ છે તે બનાવમા આરોપીએ જે હુમલો કરેલ છે તે આધારે હુ કહુ છુ કે આરોપીઓ અગ્રેસર પાર્ટી છે. એ વાત ખરી છે કે, કાકરી ગેટવાળા બનાવની કોઈ ફરીયાદ હાલનો બનાવ બન્યો તે પહેલા રેકર્ડ પર આવેલ નથી. એ વાત ખરી છે કે, કાકરી ગેટવાળો બનાવ અગાઉ સનીભા સાથે માથાકુટ થયેલી તે કારણે બનેલો અને તે વખતે સની ભા હાજર ન હતો અને આ કામના આરોપીઓ પૈકી ભરત પોલા અને ભરત કારૂ તથા ફરીયાદી ગગાભા તથા મરણજનાર રાજેશ હાજર હતા . બનાવ બાબતની મને ચોકકસ કેટલા વાગ્યે જાણ થઈ તે મને ખબર નથી પરંતું ડોકટરે પોલીસ સ્ટેશનમાં રાત્રીના કલાક ૨:૧૧ વાગ્યે જાણ કરેલી અને ત્યાર બાદ પોલીસ સ્ટેશનથી મને જાણ કરવામાં આવેલી. હોસ્પીટલે હું કેટલા વાગ્યે પહોચી તે હું ચોકકસ સમય કહી શકું નહી પરતું જાણ થયે તુરંત ત હોસ્પીટલે ગયેલી. હું હોસ્પીટલે બે કલાક રોકાયેલ હોઈશ ચોકકસ કહી શકું નહી. હુ હોસ્પીટલે ગઈ ત્યારે થોડા ઘણા માણસો હતા. હું હોસ્પીટલે ગઈ ત્યારે પેલા ડોકટરને મળેલી અને ત્યાર બાદ ત્યા હાજર લોકોને મળેલી પણ કોન હતું તે મને ખબર નથી. હોસ્પીટલે બંને પક્ષકાર પૈકી આરોપી પક્ષે જેને વાગેલું હતું તે ભરત પોલા તથા ફરીયાદી પક્ષે ફરીયાદી અને ઈજા પામનાર સાહેદ હાજર હતા. હું હોસ્પીટલે ગઈ ત્યારે ભરત પોલા તથા ફરીયાદી અને ઈજા પામનારને જામનગર ખાતે રીફર કરતા હોય કોઈ પુછપરછ કરેલી નહી. મને બનાવની હકીકત જાણવા મળેલી. કનુભા અને મરણજનારના પિતા તથા

બીજા લોકો વાત કરતા હતા તેના આધારે થોડી વિગત જાણવા મળેલી. ઈન્કવેસ્ટ પંચનામું હોસ્પીટલે કરેલું. ઈન્કવેસ્ટ પંચનામુ કર્યા બાદ પી. એમ. કરવા માટે હેડ કોન્સટેબલ ગીરીશભાઈ ગયેલા. પી. એમ. કરવા માટે ધ્વારકા હોસ્પીટલે લઈ ગયા અને ત્યાંથી જામનગર લઈ ગયા તે કાર્યવાહીમાં હુ હાજર ન હતી પણ હેડ કોન્સટેબલ ગીરીશભાઈ હાજર હતા. હું હોસ્પીટલેથી કયાં ગયેલ તે હાલ યાદ નથી પરંતું વહેલી સવારના ચાર વાગ્યે જામનગર ફરીયાદ લેવા રવાના થઈ ગયેલી. હું હોસ્પીટલેથી બનાવ વાળી જગ્યાએ ગયેલ નહી પરંતું પોલીસ સ્ટેશને જાણ કરી જે જગ્યાએ બનાવ બન્યો હોય ત્યાં કોઈ જગ્યાને ડીસ્ટર્બ ના કરે તે માટે સ્ટાફના માણસો બંદોબંસ્તમાં રખાવી દેવા જણાવેલ. બનાવવાળી જગ્યાએ હથીયારો પડયા છે કે કેમ તેવી કોઈ માહીતી હોસ્પીટલમા હતી ત્યારે મળેલી નહી. હું જામનગરથી પરત અંદાજે દસ વાગ્યાની આસપાસ આવી ગયેલ હોય ચોકકસ કંઈ કહી શકું નહીં. જામનગર હોસ્પીટલે જઈ પ્રથમ પોલીસ ચોકીએ ગયેલી અને ત્યાંથી પ્રથમ ડોકટરને મળેલી અને પ્રથમ ગગાભાની ફરીયાદ લીધેલી, તેની સાથેના ઈજા પામનાર સુરેન્દ્રને મળેલી અને ત્યાર બાદ ભરત પોલાને મળેલી અને ડોકટરને પણ તેઓની ઈજા બાબત અને તબીયત બાબત પુછપરછ કરેલી. ભરત પોલાની મે હોસ્પીટલમાં કોઈ પુછપરછ કરેલી નહીં તે ભાનમાં હતા. ભરત પોલાની ફરીયાદ હોસ્પીટલમાં લીધેલ નહી પરંતુ પોલીસ સ્ટેશન રજુ થયા બાદ લીધેલી. ભરત પોલા ફરીયાદ આપી શકે તેવી સ્થિતિમાં હતો. બનાવ વાળી જગ્યાની મુલાકાત બપોરના ૧૧ વાગ્યે લીધેલી. બનાવવાળી સ્થળે લાઈટ હતી કે કેમ તે ચોકકસ ખબર નથી પરંતુ આજુબાજુમાં સ્ટ્રીટ લાઈટ હતી તેની જાણ છે. એ વાત ખરી છે કે, ફરીયાદીએ કે સાહેદોએ બનાવ સ્ટ્રીટલાઈટના અંજવાળામાં બનેલ તેવું જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ દુકાનો તથા એકબાજુ રહેણાંકના મકાનો આવેલા હતા. એ વાત ખરી છે કે આ રસ્તો માણસોની અવર જવર વાળો હતો. આ બનાવવાળી જગ્યાએ બે સાઈડે બાઈક મુકી દીધેલા અને પથ્થરો મુકીને

ત્યાં પોલીસ વાળા બેઠેલા હતા તે રીતે કોર્ડન કરેલી હતી. મારા કહેવા મુજબ હું જયારે બનાવવાળા સ્થળે ગઈ ત્યારે કોર્ડન કરીને પોલીસ વાળા બેઠેલા હતા. એ વાત ખરી છે કે, પોલીસવાળાને કોર્ડન કરવા માટે સુચના આપેલ હોય અને તેઓ બેઠા હોય તે બાબતની નોંધ પોલીસ સ્ટેશનમાં કયાંય કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, સ્થાનીક જગયાના પંચનામામાં પણ બનાવવાળી જગ્યા કોર્ડન કરવામાં આવેલી તેની કોઈ નોંધ કરેલી નથી. એ વાત ખરી છે કે, એક જ જગ્યાએ બનાવ બનેલ નથી પરંતુ તે જ જગ્યાએ થોડા થોડા અંતરે અલગ અલગ જગ્યાએ થોડા થોડા અંતરે બ્લડ અને હથીયારો મળી આવેલ છે. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાએથી જે ધોકો મળી આવેલો જેના પર લોહીના ડાઘા હતા. બનાવવાળી જગ્યાએથી એક જ ધોકાના બે કટકા મળી આવેલા. એ વાત ખરી છે કે, બે કટકામાંથી એક કટકામાં લોહીના ડાઘા મળી આવેલા. એફ એસ. એલ. ના રીપોર્ટ મુજબ ધોકા ઉપર રુધીરની હાજરી મળી આવેલ નથી તેવું દર્શાવેલ છે તેથી ધોકા ઉપર કોનું લોહી છે તે હું કહી શકું નહીં. એ વાત ખરી છે કે, ભરત પોલાએ જે ફરીયાદ આપેલી તે આ ધોકા વડે ગગાભાએ માર માર્યાની ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે, ભરત પોલાની ફરીયાદના કામે આ ધોકો કબજે બતાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સામ સામે ફરીયાદો નોંધાયેલ હોય સ્થાનીક જગ્યાનું પંચનામું એક જ કરેલ હોય અને આ ધોકો સ્થાનીક જગ્યાએથી મળી આવેલ હોય આ ગુનાના કામે કબજે બતાવેલ છે અને આનું પંચનામું ભરત પોલાએ આપેલ ફરીયાદના કામે પણ તપાસમાં સામેલ રાખેલ છે. બનાવ સ્થળેથી મળી આવેલ તલવારનો ઉપયોગ બનાવમાં થયેલાનું ફરીયાદ તથા સાહેદ સુરેન્દ્રના નીવેદનમાંથી બહાર આવેલ છે. તલવાર પર કોઈ લોહીના ડાઘા જોવા મળેલ નહીં. એ વાત ખરી છે કે, તલવાર હેન્ડલ પાસેથી તથા અધવચ્ચેથી વળી ગયેલ હતી. આ બનાવના કારણે તલવાર હેન્ડલ પાસેથી તથા અધ્ધવચ્ચેથી વળી ગયેલ છે કે કેમ તેવું તપાસમાં ખુલેલ નહીં. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની બાજુમાં

મામદ ઈશાનું ઘર હતું તે મકાન માલીક કે તેમાં રહેતા ઈસમોનાં નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુમાં કોઈ મકાનો આવેલા હોય તેવા કોઈ મકાન માલીકોના નીવેદન લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બધા મકાનો દુર આવેલા હતા અને રાત્રીના સમયે બનાવ બનેલો હતો. જામનગર હોસ્પીટલથી ગગાભા મારી સાથે આવેલ નહી પરંતુ પાછળ બીજી ગાડીમાં આવેલ હતા. સવાલ : સ્થાનીક જગ્યાએ બનાવ બાદ ફેરફાર થયેલ છે કે કેમ, તેની તપાસ કરેલી ?જવાબ : સ્થાનીક જગ્યાએ મારી સુચના મુજબ પોલીસના માણસો કોર્ડન કરીને બેઠેલા હતા તે અગાઉ મેં સ્થાનીક જગ્યા જોયેલ નહી તેથી ફેરફાર થયેલ કે કેમ તે હું કહી શકું નહીં. આરોપીને જે દિવસે ફરીયાદ લીધી અને સ્થાનીક જગ્યાનું પંચનામું કર્યુ તે જ દિવસે અટક કરેલ છે. ચાર આરોપીઓને સર્વેલન્સ પોલીસ સ્ટાફના માણસો ખાનગી બાતમીના આધારે મળી આવતાં પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ તેમજ એક આરોપીને જામનગર જી. જી. હોસ્પીટલમાંથી સારવાર કરાવી ડીસ્ચાર્જ કરતાં પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ અને તે મુજબ પાંચેય આરોપીઓને અટક કરેલ. એ વાત ખરી છે કે, ચાર આરોપીઓ આંક–૩૪ ના પંચનામા મુજબ કયાંથી મળી આવેલા તેવું બહાર આવેલ નથી. આ સર્વેલન્સ સ્ટાફના માણસો આ ચાર આરોપીઓને લઈ આવ્યા તે બાબતનું કોઈ રોજકામ કે પંચનામું કરેલ નથી. એ વાત ખરી છે કે, કયાંથી લઈને આવ્યા તે બાબતની મેં જાતે તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ જે સર્વેલન્સ પોલીસ સ્ટાફના માણસો લઈને આવેલ તેઓના કોઈ નીવેદન પણ મેં લીધેલ નથી. આ ચારેય આરોપીઓને લઈને આવ્યા ત્યારે તેમની પાસે કોઈ હથીયાર હતા નહીં. આંક–૩૪ ના પંચનામા મુજબ આરોપીઓએ બનાવ વખતે પહેરેલા કપડાં રજુ કરેલ છે તેવું દર્શાવેલ છે જેથી આ કપડાં બીજા સાથે મંગાવેલા હતા કે સાથે લઈને આવેલા હતા તેવું હું હાલ ચોકકસ કહી શકું નહીં. આરોપીઓને સર્વેલન્સ વાળાએ રજુ કર્યા ત્યારે તેમણે જે કપડાં પહેરેલ તેના પર કોઈ લોહીના ડાઘ હતા નહીં. એ

વાત ખરી છે કે, આંક–૩૪ ના પંચનામાની વિગતે સર્વેલન્સ પોલીસ સ્ટાફના માણસોને આરોપી રવુભા કયાંથી મળી આવેલા તે હકીકત જણાવેલ નથી. રવુભાને સર્વેલન્સ પોલીસ સ્ટાફના માણસોએ અન્ય ત્રણ આરોપીઓ સાથે રજુ કરેલા પરંતુ આ ત્રણ આરોપીઓની સાથે જ રવુભા મળી આવેલા કે એકલા મળી આવેલા તેની મને ખબર નથી. મે રવુભાની અટક કર્યા તે દરમ્યાન પુછપરછ કરેલી ચોકકસ કેટલા વાગ્યે પુછપરછ કરેલી તે હું કહી શકું નહીં. આરોપીઓને અટક કર્યા બાદ બધાની અલગ અલગ પુછપરછ કરેલી. બધાને રુમમાં ડીસટન્સથી બેસાડેલા અને વારાફરતી પુછપરછ કરેલી. આ પુછપરછ કેટલો સમય થયેલ તે હું ચોકકસ હાલ કહી શકું નહીં. આ પુછપરછ દરમ્યાન રવુભાએ હથીયાર સંબંધેની વાત કરેલી. રવુભાએ હથીયાર સંબંધે જણાવેલ કે, બનાવમાં ઉપયોગમાં લીધેલ છરી મે છુપાવેલ છે અને સ્વખુશીથી રજુ કરવા બતાવવા માંગે છે તેમ જણાવેલ. એ વાત ખરી છે કે ડીસ્કવરીના પ્રાથમીક પંચનામામાં છરીનો ઉલ્લેખ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, વાપરેલ હથીયારનો ઉલ્લેખ કરેલ છે. આ પુછપરછ દરમ્યાન હથીયાર કયાં છુપાવેલ તે જણાવેલ. રવુભાએ જણાવેલ કે, હું કહું છું ત્યાં લઈ લો મેં જે ઘરે છુપાવેલ તે ઘર બતાવું તેમ જણાવેલ. આ મકાન આરોપીએ પોતાનું હોવાનું જણાવેલ. એ વાત ખરી છે કે, આરોપીએ જણાવ્યા બાદ આરોપીને લઈને હથીયારથી ડીસ્કવરી માટે નીકળેલા. એ વાત ખરી છે કે, આ હથીયાર જે મકાનમાંથી ડીસ્કવર કરવામાં આવી તે મકાન આરોપીની માલીકીનું છે તે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલ નથી. એ વાત ખરી છે કે, જે મકાનમાં ડીસ્કવરી કરવામાં આવેલી તે મકાનની આજુબાજુ ઘણા બધા રહેણાંકના મકાનો આવેલા છે. અમો જે મકાનમાં પહોંચ્યા તે ખુલ્લું હતું કે બંધ હતું તે હાલ હું કહી શકું નહીં. મકાનમાં કોઈ હાજર હતા નહીં. એ વાત ખરી છે કે, જે જગ્યાએથી હથીયારની રીકવરી કરેલ તે ઓસરી હતી. એ વાત ખરી છે કે, ઓસરી ખુલ્લી હતી. ઓસરીમાં નીચેથી જે છરી મળી આવેલ તેના પર ડાઘા હતા કે

કેમ તે હાલ હું કહી શકું નહીં.એ વાત ખરી છે કે, ઓશીકું કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે, બનાવ રાત્રીના અંધારામાં બનેલ હોવાથી ફરીયાદમાં આરોપીઓના નામ અધુરા બતાવેલા છે. એ વાત ખરી છે કે, આરોપીઓની ઓળખપરેડ કરાવેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપીઓને કયાંથી અટક કરવામાં આવેલ તે સંબંધેની હકીકત અમો જાણતા હોવા છતાં નહી જાણતાં હોવાનું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે, હાલના ગુનાના કામે આરોપીઓને ખોટી રીતે અટક કરેલ છે. એ વાત ખરી નથી કે, આ કામના આરોપીઓ પાસેથી કોઈ હથીયારની રીકવરી કે ડીસ્કવરી થયેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓને શરીર પરના કપડાં બનાવના કામે જે પહેરેલા હતા તે તે જ કપડાં કબજે કર્યાનું હું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે, આ કામના અરોપીઓને હાલના ગુન્હાના કામે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ચાર્જશીટ કરેલ છે અને તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપું છું.''સદર સાહેદની બચાવપક્ષના આરોપી નં.પ ના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, ઉલટતપાસમાં જણાવ્યા મુજબ ''એ વાત ખરી છે કે, ફરીયાદમાં આરોપી નં.પ માં માત્ર લખન જામ તેટલું જ નામ લખેલ છે. એ વાત ખરી છે કે, હાલના ચાર્જશીટમાં આરોપી નં.પ તરીકે લખન ગગજીભા જામ દર્શાવેલ છે. એ વાત ખરી છે કે, આરોપી અને ફરીયાદી બંને હિન્દુ વાઘેર જ્ઞાતીના છે. મેં મીઠાપુર પો. સ્ટે. માં આશરે પોણા બે-બે વર્ષ નોકરી કરેલી. એ વાત ખરી છે કે, કાંકરી ગેઈટ આગળ બનેલ બનાવમાં આરોપી નં.પ નું નામ કયાંય હતું નહીં. એ વાત ખરી છે કે, બનાવ અગાઉ હાલના ફરીયાદી કે ઈજા પામનાર સાથે આરોપી નં.પ ને કોઈ માથાકૂટ થયેલ હોય તેવું ખુલેલ નથી. એ વાત ખરી છે કે, હાલના આરોપી પાસેથી કોઈ પણ જાતના હથીયાર કબજે થયેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી નં.પ નાએ કોઈ હથીયાર વડે કોઈ ઈજા કરેલ હોય તેવું તપાસમાં ખુલેલ નથી. એ વાત ખરી છે કે, પંચનામામાં ત્રાહીત પંચોને રાખવા પડે, સંબંધીને રાખી શકાય નહીં તેનાથી હું વાકેફ છું. એ વાત ખરી

છે કે, ફરીયાદમાં કે સાહેદોના નીવેદનોમાં કયા શબ્દો આરોપીઓ બોલ્યા કે કઈ ગાળો બોલ્યા તેનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી નં.પ ની એકઝી. મેજી.શ્રી રુબરુ કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, ચાર્જશીટમાં આરોપી નં.પ નું જે આખું નામ દર્શાવેલ છે તે મુજબનો સુધારા રીપોર્ટ કોર્ટમાં કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી નં.પ નો અગાઉ કોઈ ગુનાહિત ઈતિહાસ હોય તેવું મળેલ નથી. બનાવવાળું સ્થળ પો. સ્ટે. થી ૦.૫૦ એટલે કે નજીક થાય. એ વાત ખરી છે કે,ફરીયાદી તથા સાહેદો ત્રણ સવારી આવેલા તેવી હકીકત ફરીયાદમાં ખુલેલ તે બાબત તેમની સામે કોઈ એન. સી. કરેલ નથી. એ વાત ખરીછે કે, હું મીઠાપુર તથા સુરજકરાડી વાળા રસ્તાઓથી જાણકાર છું. એ વાત ખરી છે કે, કાંકરી ગેઈટથી દેવપરા જવા માટે બનાવવાળા રસ્તા સિવાય બીજા રસ્તા આવેલા છે. એ વાત ખરી છે કે, આંખની હોસ્પીટલ આગળથી થોડે દુર આરોપી નં.૩ નું મકાન આવેલ છે. એ વાત ખરી છે કે, આરોપી નં.પ નાએ ઢીકાપાટુનો માર મારેલ હોય તેવું તપાસમાં ખુલેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી, સાહેદો તથા ફરીયાદીના તપાસના કામે મોબાઈલ નંબર મેળવેલા. એ વાત ખરી છે કે, મોબાઈલ નંબરના આધારે આરોપીઓનું, સાહેદોનું, તથા ફરીયાદીનું લોકેશન કયા હતું તે બાબતની માહીતી મેળવેલ નથી. એ વાત ખરી છે કે, મેડીકલ સર્ટીફીકેટમાં છ પુરુષ વ્યકિતને હુમલો કરનાર તરીકે દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી નં.પ કહેવાતા બનાવ સમયે હાજર ન હોવા છતાં તેમના વિરુઘ્ધ કોઈ અગમ્ય કારણોસર ફરીયાદીએ ખોટા આક્ષેપોવાળી ફરીયાદ લખાવેલ છે અને તે આધારે ખોટી તપાસ કરી આરોપી નં.પ ને પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી રીતે સંડોવી દીધેલ છે અને આરોપી નં.પ વિરુઘ્ધ ખોટું ચાર્જશીટ કરી સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. ''

(૨૯.૨) આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેઓએ તપાસ દરમ્યાન જે જે કાર્યવાહી કરેલ છે તે તમામ હકીકતો તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. વધુમાં સદર સાહેદે ત. ક. અ. શ્રી તરીકે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલ હોવાનું તેમજ સ્થાનીક જગ્યાએથી લોહી વાળી માટી તથા કન્ટ્રોલ સેમ્પલ તથા હથિયારો જેવા કે લાકડાનો ધોકો, ધોકાનો તુટેલ કટકો, મ્યાન વગરની તલવાર પંચનામાની વિગતે કબજે લીધેલ હોવાનું તેમજ ઈન્કવેસ્ટ પંચનામું પંચો રૂબરૂ કરેલ હોવાનુ તેમજ આરોપી રવુભા અરજણભા માણેકનાઓએ ગુનામાં વાપરેલ હથિયાર કાઢી આપવા માંગતા હોય તે અંગે ડીસ્કવરી પંચનામું કરેલ હોવાનું તેમજ આરોપીએ જણાવેલ જગ્યાએ જઈ અને આરોપીના રહેણાંકના મકાને જતા આરોપીએ છરી કાઢી આપેલ હોવાનું તથા આરોપીઓએ બનાવમા પહેરેલ કપડા રજુ કરવા માંગતા પંચનામાની વિગતે કબજે કરેલ હોવાનું સોગંદ પર જણાવેલ છે. વધુમાં તેઓની તપાસ દરમ્યાન જે જે કાર્યવાહી કરેલ છે તે કાર્યવાહી દરમ્યાન કરેલ યાદીઓ, રવાનગી નોંધ તથા અન્ય દસ્તાવેજો આંક-૧૩૦ થી ૧૪૪ સુધી તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં રજુ કરેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો એ પ્રક્રિયાત્મક સ્વરૂપનો પુરાવો છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ ઉલટ તપાસમાં બન્ને પક્ષકારો વચ્ચે સામસામી મારામારી થયેલી હોવાના જવાબમાં તેઓની તપાસમાં ગગાભાએ એક આરોપી ભરતભાને મારેલ છે અને આ કામના આરોપીઓએ મરણ જનાર તથા ગગાભાને અને અન્ય સાહેદોને માર મારેલ છે તેમ જણાવેલ છે. કાકરી ગેઈટ વાળો બનાવ અગાઉ શનીભા સાથે માથાકુટ થયેલી તે કારણે બનેલો અને તે વખતે શનીભા હાજર ન હતો અને આ કામના આરોપીઓ પૈકી ભરત પોલા અને ભરત કારુ તથા ફરીયાદી ગગાભા તથા મરણ જનાર રાજેશ હાજર હોવાનું સ્વીકારેલ છે. પો.સ્ટે. માં જાણ કરી જે જગ્યાએ બનાવ બન્યો હોય ત્યાં કોઈ જગ્યાને ડીસ્ટર્બ ના કરે ત્યાં સ્ટાફના માણસો બંદોબસ્તમા રખાવી દેવા જણાવેલ, બનાવવાળા સ્થળે લાઈટ હતી કે કેત તે ચોકકસ ખબર નથી પરંતુ

આજુબાજુમાં સ્ટ્રીટ લાઈટ હતી તેની જાણ છે. ફરીયાદીએ કે સાહેદોએ બનાવ સ્ટ્રીટ લાઈટના અંજવાળામાં બનેલ તેવુ જણાવેલ નથી, બનાવવાળી જગ્યાએ આજુબાજુ દુકાનો તથા એક બાજુ રહેણાંકના મકાન આવેલ હતા, આ રસ્તો માણસોની અવર – જવર વાળો હતો તે હકીકતનો સ્વીકાર કરેલ છે. આ બનાવવાળી જગ્યાએ બે સાઈડે બાઈક મુકી દીધેલા અને પથ્થરો મુકીને ત્યાં પોલીસવાળા બેઠેલ હતા તે રીતે કોર્ડન કરેલ હતી. પોલીસવાળાને કોર્ડન કરવા માટે સુચના આપેલ હોય અને તેઓ બેઠા હોય તે બાબતની નોંધ પો.સ્ટે. માં કયાય કરવામાં આવેલ નથી, સ્થાનીક જગ્યાના પંચનામામાં પણ બનાવવાળી જગ્યા કોર્ડન કરવામાં આવેલી તેવી કોઈ નોંધ કરેલ નથી, એક જ જગ્યાએ બનાવ બનેલ નથી પરંતુ તે જ જગ્યાએ થોડા થોડા અંતરે અલગ–અલગ જગ્યાએ બ્લડ અને હથિયારો મળી આવેલ છે તે હકીકતનો સ્વીકાર કરેલ છે. બનાવ સ્થળેથી મળી આવેલ તલવારનો ઉપયોગ બનાવમાં થયેલાનો ફરીયાદી તથા સાહેદ સુરેન્દ્રના નિવેદનમાંથી બહાર આવેલ છે. તલવાર હેન્ડલ પાસેથી તથા અધવચ્ચેથી વળી ગયેલ હતી, બનાવવાળી જગ્યાની આજુબાજુમાં કોઈ મકાનો આવેલા હોય તેવા મકાન માલીકોના કોઈ નિવેદનો લીધેલ નથી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બધા મકાનો દુર આવેલ છે અને રાત્રીના સમયે બનાવ બનેલ હતો. આરોપીને જે દિવસે ફરીયાદ લીધી અને સ્થાનીક જગ્યાનું પંચનામુ કર્યુ તે જ દિવસે અટક કરેલ છે. ચાર આરોપીઓને સરેરાશ પો.સ્ટાફના માણસો ખાનગી બાતમી આધારે મળી આવતા પો.સ્ટે. માં રજુ કરેલ અને એક આરોપીને જામનગર જી.જી.હોસ્પીટલમાંથી સારવાર કરાવી ડીસ્ચાર્જ કરતા પો.સ્ટે. માં રજુ કરેલ અને તે મુજબ પાંચેય આરોપીઓને અટક કરેલ. ચાર આરોપીઓ આંક–૩૪ ના પંચનામા મુજબ કયાંથી મળી આવેલા તેવુ બહાર આવેલ નથી. તે હકીકતનો સ્વીકાર કરેલ છે. તેમજ સરેરાશ પોલીસ સ્ટાફ ના માણસો લઈને આવેલા તેઓના કોઈ નિવેદન લીધેલ નથી.  તે હકીકતનો સ્વીકાર કરેલ છે. આંક–૩૪ ના

પંચનામા મુજબ આરોપીઓએ બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરેલ છે. તેવુ દર્શાવેલ છે. જેથી આ કપડા બીજા સાથે મંગાવેલા હતા કે સાથે લઈને આવેલ હતા તેવુ હુ હાલ ચોકકસ કહી શકુ નહિ. આરોપીઓને સર્વેલન્સ વાળાએ રજુ કર્યા ત્યારે તેમણે જે કપડા પહેરેલ તેના પર કોઈ લોહીના ડાઘ હતા નહિ. એ વાત ખરી છે કે, ડીસ્કવરીના પ્રાથમિક પંચનામામાં છરીનો ઉલ્લેખ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે, વાપરેલ હથિયારનો ઉલ્લેખ કરેલ છે. આ પુછપરછ દરમ્યાન હથિયાર કયા છુપાવેલ છે તે જણાવેલ રવુભાએ જણાવેલ કે, હુ કહુ છુ ત્યાં લઈ જાવ મે જે ઘરે છુપાવેલ તે બતાવુ તેમ જણાવેલ આ આરોપીએ પોતાનુ મકાન હોવાનુ જણાવેલ. એ વાત ખરી છે કે, આરોપીએ જણાવ્યા બાદ આરોપીને લઈ ને હથિયારની ડીસ્કવરી માટે નીકળેલા. એ વાત ખરી છે કે, આ હથિયાર જે મકાનમાંથી ડીસ્કવર કરવામાં આવેલ તે મકાન આરોપીની માલીકીનુ છે તે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી નં.૫ ની એકઝી.મેજી. શ્રી રૂબરૂ કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે અને તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૩૦) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓનું તલસ્પર્શી રીતે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ હાલનો બનાવ બન્યો તે પહેલા આરોપી નં.૧ ભરત કારુ તથા આરોપી નં.૩ ભરત પોલા ને સાહેદ શનીભા સાથે બોલાચાલી થયેલ જેના કારણે સદર બન્ને આરોપીઓ ફરીયાદીની હાજરીમાં ફરીયાદીના આખા ગામને જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢતા હોય તેમજ ફરીયાદી તથા મરણ જનાર રાજેશભા મુરૂભા સુમણીયા નાઓને જોતા સદર બન્ને આરોપીઓ દેવપરા ગામ વાળાઓને ફરીથી ભુંડી ગાળો દેવા લાગતા ફરીયાદીએ આરોપીઓને સમજાવતા કે પોતાને સાહેદ શનીભા સાથે વાંધો હોય, તો આખા ગામને ગાળો આપોમાં આમ

ફરીયાદીએ સદર બન્ને આરોપીઓને કહેતા સદર આરોપી નં.૧ તથા ૩ નાએ સારૂ નહી લાગતા આરોપી નં.૩ નાએ ચાની રકાબી (ડીશ) ફરીયાદીને મારેલ અને ત્યાં માણસો ભેગા થતાં આ આરોપી નં.૧ તથા ૩ નાઓ બંને જતા રહેલ અને બાદ ફરીયાદી તેમજ મરણ જનાર ટાટા હોસ્પીટલમાં સારવારમાં ગયેલ અને ત્યાંથી સારવાર કરાવી સાહેદ સુરેન્દ્રભા લુણાભા માણેકને તેડી જવા માટે બોલાવી તેની મોટર સાયકલ પર મરણ જનાર રાજેશભાને ઘરે મુકવા જતા હોય, ત્યાં રસ્તામાં આ કામના તમામ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદી તથા સાહેદોને રસ્તામાં રોકી આરોપી નં.૧ એ તલવાર વડે તથા આરોપી નં.૨ નાએ છરી વડે રાજેશભા મુરુભાના શરીરે જીવલેણ ઘા (ઈજા)ઓ કરી મોત નીપજાવી તથા આરોપી નં.૨ નાએ સાહેદ સુરેન્દ્રભા લુણાભા માણેક ને વાસાના ભાગે છરી વતી જીવલેણ ઈજા કરી મોત નીપજાવવાની કોશીશ કરી તથા આરોપી નં.૩ તથા ૪, ૫ નાઓએ ફરીયાદી તથા સાહેદને આડેધડ ઢીકાપાટુનો માર મારી ગુનામાં એકબીજાને મદદગારી કરી સ્વેચ્છાપૂર્વક મહાવ્યથાની ઈજાઓ કરી મોત નીપજાવી ખુન કરી સાપરાધ મનુષ્યવધ ખુન કહી શકાય તેવું ગુનાહિત કૃત્ય કરી ગુનો કર્યાનો આક્ષેપ મુકવામા આવેલ છે. આ કામે મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ મરણ જનાર રાજેશભા નુ મૃત્યુ તેના શરીરે થયેલ ગંભીર ઈજાઓના કારણે અકુદરતી મૃત્યુ થયેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો જોતા બનાવ રાત્રીના સમયે બનેલ છે અને તે સમયે આ કામના ફરીયાદી તથા સાહેદ સુરેન્દ્રભાઈ તેમજ મરણ જનાર રાજેશભા મોટર સાયકલ પર જતા હતા તે સમયે આંખની હોસ્પીટલ આગળ બનાવ બનેલ છે. આંક–૭૮ થી ફરીયાદી ગગાભા નુંઘાભા માણેક ને તપાસવામાં આવેલ છે. ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો, બનાવ તા.૧૭/૦૨/૨૦૧૯ ના રોજ બનેલ છે. સદર બનાવ બન્યો તે અગાઉ અઠવાડીયા પહેલા શનીભા માણસીભા સાથે ભરત પોલા તથા કાલા સાથે માથાકુટ થયેલી અને ત્યારબાદ તેઓ અવાર – નવાર દેવપરા ગામે ગાળો દેતા

હતા, ત્યારબાદ બનાવના દિવસે રાત્રીના ફરીયાદી તથા રાજેશભા ટાટા કંપનીનાં કાકરી ગેટ પાસે ચા પીતા હતા ત્યારે સદર આરોપી ભરત પોલા તથા કાલો ત્યાં આવેલા અને તે સમયે દેવપરા ગામને ગાળો બોલતા ફરીયાદીએ કાલા ને કહેલ કે તમારે એમની સાથે વાંધો હોય એમા આખા ગામને ગાળો શુ કામ કાઢો છો તેમ કહેતા કાલા એ ફરીયાદીને ધકકો મારેલ અને તે વખતે રાજેશભા વચ્ચે પડતા ઝપાઝપી થયેલ તેવામાં ભરત પોલાના હાથમાં રકાબી હતી જેની ફરીયાદીના માથાના કપાળના ભાગે ઘા મારેલો અને ત્યારબાદ તેઓ ટાટા હોસ્પીટલે ગયેલ અને ફરીયાદીના માથાના કપાળના ભાગ માંથી લોહી નીકળતુ હોય ફરીયાદી તથા રાજેશભા ચાલીને ટાટા હોસ્પીટલ ગયેલ અને ત્યાં પાટો બાંધેલ ત્યારબાદ સાહેદ સુરેન્દ્રભા લુણાભા માણેક ને ફોન કરી તેડી જવા માટે બોલાવેલ અને તેઓ ત્રણેય મોટર સાયકલ પર હોસ્પીટલેથી નીકળેલ આ મોટર સાયકલ ફરીયાદી જાતે ચલાવતા હતા વચ્ચે રાજેશભા બેઠો હતો તેની પાછળ સુરેન્દ્રભા બેઠો હતો તેઓ પહેલા રાજેશભા ને ઘરે મુકવા જતા હતા તે વખતે રાત્રીના દોઢેક વાગ્યાનો સમય થયેલ હશે તે સમયે આરંભડા આંખની હોસ્પીટલ આગળ માતાજીના મંદીર પાસે પહોંચતા ત્યાં ભરત પોલા ના હાથમાં લાકડાનો ધોકો, કાલા ના હાથમાં તલવાર, રવુભા ના હાથમાં છરી તથા લખન તથા સુનીલ એ રીતે પાંચ જણા ઉભા હતા અને કાલા એ હોન્ડા રોકી ફરીયાદીનો કાઠલો પકડી ગાળો કાઢવા લાગેલ તેવામાં રવુભા એ તેની પાસેની છરીનો ઘા સુરેન્દ્રને વાસાના ભાગે કરેલ જેથી સુરેન્દ્ર નીચે પડી ગયેલ ત્યારબાદ રાજેશભા ને કાલા અને રવુભા છરી તથા તલવારથી ઘા મારવા લાગેલ અને લખને ફરીયાદીને પાડી દઈ ધોકાથી મારતા હતા અને ભરત પોલાએ ફરીયાદી તથા સુરેન્દ્રને ધોકા થી માર મારેલ તેમ જણાવેલ છે. ત્યારબાદ રાડારાડી કરતા આ લોકો ભાગી ગયેલ અને ભરત પોલા તેને લાકડાના ધોકાથી મારેલ તે ધોકો તેણેલઈ લીધેલ અને તે ધોકાથી તેને મારેલ અને ભરત પોલા ત્યાંથી ભાગી ગયેલ. ત્યારબાદ રાજેશભા ત્યાં પડેલ હોય જેથી ફરીયાદી તથા સુરેન્દ્ર તેને મોટર

સાયકલમાં વચ્ચે બેસાડી મીઠાપુર ટાટા હોસ્પીટલે લઈ ગયેલ જયાં ડોકટર સાહેબે રાજેશભા ને તપાસી મરણ ગયેલાનુ જાહેર કરેલ. જે અંગેની ફરીયાદ આંક–૭૯ થી સદર ફરીયાદી સાહેદની જુબાનીમાં રજુ થયેલ છે. આમ, ફરીયાદી તરફે આંક–૭૯ ની ફરીયાદને સમર્થનરૂપ હકીકત તેઓની સોગંદપરની જુબાનીમાં જણાવે છે અને તે જે મુજબનો બનાવ બનેલ છે તે તમામ હકીકતો સોગંદપર જણાવેલ છે. વધુમાં જે જે આરોપીઓ પાસે જે હથિયાર હતા તે હથિયારો પણ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તેમજ આરોપીઓને પણ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. પરંતુ ઉલટ તપાસ દરમ્યાન બનાવની હકીકત બાબત શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. આમ, આંક–૭૮ થી તપાસવામાં આવેલ ફરીયાદીનો પુરાવો જોતા સદર સાહેદની જુબાનીમાં આંક–૭૯ થી રજુ થયેલ ફરીયાદની હકીકત પુરવાર થાય છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૮૫ થી તપાસવામાં આવેલ સાહેદ સુરેન્દ્ર લુણાભા માણેક નો પુરાવો જોતા તેઓ પણ ફરીયાદને સમર્થનરૂપ હકીકત તેઓની સોગંદપરની જુબાનીમાં જણાવે છે. તા.૧૭/૦૨/૨૦૧૯ ના રોજ બનાવ બનેલ અને રાત્રીના આશરે દોઢેક વાગ્યે ફરીયાદીનો ફોન આવેલ અને અગાઉ બનેલ બનાવની હકીકતની જાણ કરેલ. ત્યારબાદ તેઓ ટાટા હોસ્પીટલમાં સારવારમાં ગયેલ હોય તેઓને તેડી જવા જણાવેલ, જે આધારે સદર સાહેદ બાઈક લઈને ટાટા હોસ્પીટલે તેડવા ગયેલ અને આ બાઈક ચલાવવા માટે ફરીયાદી ગગાભા એ લઈ લીધેલ અને રાજેશભા વચમા બેઠેલ અને તે પાછળ બેઠેલ હતો અને ત્યાંથી પહેલા રાજેશભા ને ઘરે મુકવા જતા હતા જેથી ટાટા હોસ્પીટલેથી નીકળી આરંભડા આંખની હોસ્પીટલ પાસે આશાપુરા ડેરીની પાસે પહોંચેલ ત્યાં ભરત પોલા, કાલો, રવુ, સુનીલ, લખન પાંચેય જણા બાઈક ની સામે અચાનક આવી ગયેલ અને કાલાએ ગગાભા નો કાઠલો પકડેલ અને કાલાના હાથમાં તલવાર હતી, રવુભાના હાથમાં છરી હતી, ભરત પોલાના હાથમાં લાકડાનો ધોકો

હતો અને સુનીલ  અને લખન બન્ને હાજર હતા અને કાલા એ ગગાભાનો કાઠલો પકડી ગાળો બોલતો હતો અને રવુ એ  તેની પાછળના ભાગે છરીનો ઘા મારેલ જેથી તે નીચે પડી ગયેલ અને કાલા તથા રવુ એ રાજેશનો કાઠલો પકડી નીચે ઉતારી દીધેલ અને છરી અને તલવાર વડે રાજેશ ને આડેધડ શરીરે ઘા મારેલ અને સુરેન્દ્ર અને લખન એ ગગાભા ને આડેધડ મારતા હતા અને ભરત પોલાએ લાકડાના ધોકા વડે તેને તથા ગગાભાને આડેધડ મારતા હતા જેથી તેઓ રાડારાડ કરતા પાંચ માંથી ચાર જણા ભાગી ગયેલ અને ભરત પોલા લાકડાના ધોકા વડે તેને તથા ગગાભા ને ઘા કરતા હતા ત્યારે ગગાભા એ ભરત પોલાના હાથમાંથી લાકડાના ધોકો ઝુટવી લીધેલ અને ભરત પોલાને લાકડાના ધોકા વડે બે ત્રણ ઘા કરેલ જેથી ભરત પોલા ત્યાંથી ભાગી ગયેલ અને રાજેશભા પાસે ગયેલ તો કાંઈ બોલતો ન હતો જેને છરી અને તલવારના ઘા લાગેલ હતા જેથી તેને તથા ગગાભા એ રાજેશભા ને ઉપાડી મોટર સાયકલમાં વચ્ચે બેસાડી ટાટા હોસ્પીટલ મીઠાપુર મુકામે લઈ ગયેલ અને ત્યાં પહોંચતા તેઓ ત્રણેય પડી ગયેલ અને ત્યાં હાજર માણસોએ તેઓને ઉપાડી ટાટા હોસ્પીટલ અંદર લઈ ગયેલ ત્યારે ત્યાં ફરજ પરના ડોકટરશ્રીએ રાજેશભા ને તપાસી અવસાન પામેલાનુ જણાવેલ છે. વધુમાં સદર સાહેદ જે આરોપીઓના હાથમાં હથિયાર હતા તે પણ ઓળખી બતાવેલ છે તેમજ આરોપીઓને પણ ઓળખી બતાવેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો જોતા ફરીયાદીએ ફરીયાદમાં જે હકીકત જણાવેલ છે, સોગંદ પર જે હકીકત જણાવેલ છે. તે મુજબ જ સદર સાહેદે સોગંદપરની જુબાનીમાં હકીકત જણાવે છે. ફરીયાદી તથા સદર સાહેદની જુબાની જોતા કોઈ મહત્વની બાબતો અંગે વિરોધાભાષી હકીકત મળી આવતી નથી. આમ, સદર સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષને સમર્થનરૂપ હકીકત મળી આવે છે. સદર સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસ દરમ્યાન સદરહુ સાહેદની જુબાનીમાં જણાવેલ હકીકત બાબત શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. આમ, ફરીયાદી તથા

સદર સાહેદનો પુરાવો જોતા આ કામનાં આરોપી નં.૧ ભરત ઉર્ફે કાલો કારુભા તથા આરોપી નં.૨ રવુભા અરજણભા નાઓએ મરણ જનાર રાજેશ ને છરી તથા તલવાર વડે આડેધડ ઘા કરી મોત નીપજાવેલાની હકીકત ફલીત થાય છે.

(૩૦.૧) ફરીયાદપક્ષ તરફે આંક–૪૧ થી પંચ સાહેદ હરીભા ખીમાભા સુમણીયા ને તપાસેલ છે કે સદર પંચ સાહેદની હાજરીમાં ડીસ્કવરી પંચનામું કરવામાં આવેલ છે. સદર પંચ સાહેદનો પુરાવો જોતા તેઓને પોલીસે પંચ તરીકે મીઠાપુર પો.સ્ટે. માં બોલાવેલ જયા આરોપી રવુભા અરજણભા હાજર હતા અને ત્યાંથી તેના ઘરે પંચનામું કરવાનુ કહેતા એક બોલેરો ગાડીમાં તેઓ તથા આરોપી રવુભા તથા પોલીસ સ્ટાફના માણસો તથા બીજા એક ભાઈ પંચમા હતા તે બધા પોલીસ સ્ટેશને બેસી ધ્વારકા તરફ જવા રવાના થયેલ અને જયાં રવુભાનુ મકાન હતુ ત્યાં પહોંચેલ અને તે મકાનની અંદર દરવાજો ખોલી ગયેલા તે દરવાજો લાકડાનો હતો ત્યાં અંદરના રૂમમાં એક લાકડાનો પલંગ હતો ત્યાં પલંગ પર ઓશીકા નીચેથી આરોપી રવુભા અરજણભા માણેકે એક છરી કાઢી આપેલ હતી તે છરી ઉપર લોહીના સુકાયેલા ડાઘ હતા તે છરી બતાવવામાં આવે તો સદર સાહેદ ઓળખી શકે અને તે છરી આશરે ૭–ફુટ જેટલી લાંબી હતી અને ૫–ફુટ જેટલો હાથો હતો અને તે છરીમાં બે રીવેટ ફીટ કરેલ હતી. જે છરી કોર્ટ રૂબરૂ સાહેદને બતાવતા ઓળખી બતાવે છે. અને સદર પંચ સાહેદની જુબાનીમાં આંક–૪૩ થી પંચનામું રજુ થયેલ છે. આમ, સદર પંચ સાહેદનો પુરાવો જોતા તેઓની હાજરીમાં આરોપી રવુભા એ તેના ઘરમાંથી બનાવ સમયે ઉપયોગમાં લીધેલ છરી કાઢી બતાવેલાની હકીકત ફલીત થાય છે. સદર પંચ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ઉલટ તપાસ દરમ્યાન સદર પંચ સાહેદ ફરીયાદી કે સાહેદના સંબંધી હોય કે રસ ધરાવનાર સાહેદ હોય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. બચાવપક્ષ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, કહેવાતો મુદ્દામાલ છરી ઓશીકા નીચેથી મળેલ

હોવાનું જણાવેલ છે અને તે છરી ઉપર લોહીના સુકાયેલ ડાઘ હોવાનું જણાવેલ છે. તેમ છતા ઓશીકા નીચેથી છરી કાઢેલ હોય ઓશીકાના કવર પર લોહીના ડાઘ આવે કે કેમ ? તે બાબત પંચ સાહેદ કાંઈ જણાવતા નથી કે ત.ક.અ. તરફે કોઈ ખુલાસો કરેલ નથી. ત્યારે સદરહુ છરી આરોપી રવુભા એ કાઢી બતાવ્યા બાબત શંકા ઉપસ્થિત થાય છે. પરંતુ માત્ર ઓશીકુ કબજે લીધેલ ન હોય તેટલા કારણોસર તે બાબત શંકા ઉપસ્થિત કરી શકાય નહિ. વધુમાં બચાવપક્ષ તરફે એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે, જે રૂમમાંથી છરી મળી આવેલ જેમાં પ્રવેશ કરેલ નથી પણ પંચ સાહેદ ઓશરીમાં ઉભા હતા તેવુ કબુલ કરેલ છે તેમજ ત.ક.અ.શ્રીનો પુરાવો જોતા આરોપીની પુછપરછ દરમ્યાન રવુભા એ હથિયાર સંબંધેની વાત કરેલી અને બનાવમાં ઉપયોગમાં લીધેલ છરી તેઓએ છુપાવેલ છે. જે હકીકત જોતા આરોપી જાણતા હોય અને બતાવવા માંગતા હોય તે હકીકત પ્રથમ થી જ પંચ– વીટનેશ તેમજ ત.ક.અ.શ્રીના નોલેજમાં આવી ગયેલ હોય, આંક–૪૩ નુ ડીસ્કવરી પંચનામું એવીડન્સ એકટની કલમ–૨૭ મુજબ શંકા રહીત પુરવાર થયેલાનુ માની શકાય નહિ જે અનુસંધાને બચાવપક્ષ તરફે **૨૦૧૯ (૪) જી.એલ.આર. પેજ નં.૩૦૦૩, રમેશભાઈ બાબુભાઈ ઠાકોર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** નામદાર વડી અદાલતનો ચુકાદો ટાંકેલ છે. પરંતુ સદરહુ ચુકાદો ઘ્યાને લેવામાં આવે તો, સદર કેસ સાંયોગીક પુરાવા પર આઘારીત કેસ હતો અને સદર કેસમાં નજરે જોનાર સાહેદો કોઈ હતા નહિ ત્યારે ડીસ્કવરી પંચનામાનુ મહત્વ ઘણુ વધી જાય છે, ત્યારે ડીસ્કવરી પંચનામા સમયે આરોપીએ જે હકીકત જણાવેલ હોય તે હકીકત રેકર્ડ પર આવવી જરૂરી હોય છે. વઘુમાં સદરહુ કેસમાં તપાસ કરનાર અમલદારશ્રી તરફે હથિયાર જે સ્થળેથી રીકવર કરવામાં આવેલુ તે સ્થળની અગાઉ એક દિવસ પહેલા મુલાકાત લેવામાં આવેલ જે આઘારે નામદાર વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ કે, તે ડીસ્કવરી પંચનામાની કોઈ વેલ્યુ રહેતી નથી. પરંતુ આ કામે તપાસ કરનાર અમલદારશ્રી તરફે ડીસ્કવરી પંચનામાના આઘારે જે સ્થળેથી છરી

કબજે લેવામાં આવેલી તે સ્થળની અગાઉ મુલાકાત લેવામાં આવેલ નથી. જે દિવસે બનાવ બન્યો તે દિવસના રાત્રીના સમયે સર્વેલન્સ સ્ટાફના માણસોને તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓની શોધખોળ કરવા માટે જાણ કરેલ અને તે આધારે આ કામના આરોપી રવુભા તેના ઘરેથી મળી આવતા તેને હસ્તગત કરી તપાસ કરનાર અમલદારશ્રીને સોંપેલ છે. આમ, આ કામના આરોપી રવુભા ને તેના ઘરેથી સર્વેલન્સ સ્ટાફના માણસોએ માત્ર હસ્તગત કરી લાવેલ હોય તેટલા કારણસર તે સ્થળની અગાઉ મુલાકાત લીધેલાનુ કહી શકાય નહિ. વધુમાં આ કામે નજરે જોનાર સાહેદો તરફે આરોપી રવુભાના હાથમાં છરી હોવાનું અને તે છરીથી ઘા કરેલાનુ જણાવેલ છે તે છરી ફરીયાદી તેમજ સાહેદોએ પણ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે, તેમજ પંચ સાહેદે પણ રવુભાના ઘરે ગયેલ હોવાનું અને ત્યાંથી રવુભા એ છરી કાઢી બતાવેલ હોવાનું સ્પષ્ટ તેઓની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે. ત્યારે બચાવપક્ષ તરફે રજુ થયેલ ચુકાદાની હકીકત જોતા બચાવપક્ષના કેસને મદદરૂપ થઈ શકે તેમ નથી. આમ, સદર પંચ સાહેદની જુબાનીના આધારે આરોપી રવુભા એ ગુનામાં ઉપયોગમાં લીધેલ છરી કાઢી આપેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

**(૩૦.૨)** ફરીયાદપક્ષ તરફે આંક-૨૪ થી પંચ સાહેદ નાથાભા ગુમાનભા માણેક ને તપાસેલ છે. સદર પંચ સાહેદની જુબાનીમાં આંક-૨૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. સદર પંચ સાહેદનો પુરાવો જોતા તેઓને પંચ તરીકે આરંભડા આંખની હોસ્પીટલ પાસે આશાપુરા મંદીર પાસે બોલાવેલ ત્યાં ગગાભા હાજર હતા, ગગાભા તેઓને ત્યાં લોહીના ડાઘા બતાવતા હતા ત્યાં જોતા બે જગ્યાએ લોહીના ડાઘા હતા, આ સેમ્પલો પ્લાસ્ટીકની કોથળીમાં લીધેલ, ત્યાં આગળ જતા લાકડાનો ચોરસ ધોકો હતો તે લાકડાનો ધોકો પોલીસે કબજે કરેલ અને તે લાકડાના ધોકાનો બીજો કટકો ત્યાં પડેલ હતો તે પણ પોલીસે કબજે કરેલ અને ત્યાં એક મ્યાન

વગરની તલવાર પડેલ હતી તે તલવાર પણ પોલીસે તપાસના કામે કબજે કરેલ હતી. જે લાકડાનો ધોકો તેનો કટકો તથા તલવાર સદર સાહેદ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. આમ, સદર પંચ સાહેદનો પુરાવો જોતા સ્થાનીક જગ્યાનું પંચનામું સદર પંચ સાહેદની હાજરીમાં કરેલ હોવાનુ અને સદર પંચ સાહેદની હાજરીમાં મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકત ફલીત થાય છે. સદર પંચ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ઉલટ તપાસ દરમ્યાન સદર પંચ સાહેદ ફરીયાદી કે સાહેદના સંબંધી થતા હોવાનું ફલીત થતુ નથી પરંતુ જ્ઞાતિના હોવાનું જણાવેલ છે અને તેઓને પંચ તરીકે તેઓ ત્યાંથી નીકળેલા ત્યારે પોલીસે બોલાવેલ તેમ જણાવેલ છે. આમ, સદર પંચ સાહેદ સ્વતંત્ર સાહેદ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં ઉલટ તપાસમાં જે જગ્યાએ ધોકો અને તલવાર રાખેલ હતી ત્યાં ગોળ પથ્થર રાખેલ હતા તેમ પણ જણાવેલ છે. આમ, સદર પંચ સાહેદની જુબાનીના આધારે આંક–૨૫ થી રજુ થયેલ સ્થાનીક જગ્યાનું પંચનામું પુરવાર થાય છે. બચાવપક્ષ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, સ્થળ પરથી મળી આવેલ લાકડાના ધોકા તથા તલવાર પર કોઈ લોહીના ડાઘ હોવાનું પંચ સાહેદ જણાવતા નથી. ત્યારે બનાવમાં ઉપયોગમાં લીધેલ હોવાનું માની શકાય નહિ. પરંતુ જે જગ્યાએ બનાવ બનેલ છે તે સ્થળે થી જ સદરહુ બન્ને હથિયાર મળી આવેલ છે. બચાવપક્ષ તરફે એવી કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે સદરહુ બન્ને હથિયારો પાછળથી ત્યાં મુકી દેવામાં આવેલ હોય, તેમજ કબજે લીધેલ લાકડાના ધોકા વડે ફરીયાદી તેમજ સાહેદને માર મારેલાનો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવેલ છે ત્યારે જેના પર લોહી ડાઘ આવવાનો પ્રશ્ન રહેતો નથી. કારણ કે સદર ધોકા વડે કરેલ ઈજાથી ફરીયાદી તથા સાહેદને કોઈ લોહી નીકળેલ નથી. જયારે આ કામે આંક–૧૪૨ થી એફ.એસ.એલ. રાજકોટ નો પૃથ્થકરણ અહેવાલ રજુ થયેલ છે. જેમાં કબજે લીધેલ તલવારને નમુના –ડી તરીકે દર્શાવેલ છે. જેમાં ડાઘાના વર્ણનમાં થોડા ભુખરા રંગનો ઉલ્લેખ કરેલ છે. તેમજ પૃથ્થકરણ ના

પરીણામમાં રૂધીરની હાજરી મળેલ હોવાનુ દર્શાવેલ છે. જયારે સીરોલોજી વિભાગના પરીક્ષણ અહેવાલમાં અપુરતુ રૂધીર હોવાના કારણે રૂધીર જુથ કયુ હતુ તે હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, તલવાર પર પણ એફ.એસ.એલ. ના રિપોર્ટ મુજબ રૂધીર ની હાજરી મળી આવેલાની હકીકત ફલીત થાય છે. ત્યારે બચાવપક્ષ તરફે તલવારનો બનાવમાં કયાય ઉપયોગ થયેલ ન હોવાની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૩૦.૩) બચાવપક્ષ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આંક–૧૧૪ થી તપાસવામાં આવેલ લાશનુ પી.એમ. કરનાર ડોકટર દિપેન મુળજીભાઈ ડાભી નો પુરાવો જોતા તેમજ તેઓની જુબાનીમાં આંક–૧૧૫ થી રજુ થયેલ પી.એમ. રિપોર્ટ વંચાણે લેતાં, પી.એમ.રિપોર્ટમાં કોલમ નં.૧૭ માં બાહય ઈજાઓ દર્શાવેલ છે. તે મુજબ મરણ જનારના શરીર પર ઈજા નં.૧ થી ૫ જે દર્શાવેલ છે. તે તમામ ઈજાઓનો માપ જોતા ૪ × ૨ સેમી. ના માપની ઈજા છે. તે જોતા એક જ હથિયારથી સદર ઈજાઓ થયેલાનુ માની શકાય. આ કામે તલવાર પર કોઈ રૂધીરની હાજરી મળી આવેલ ન હોય, મરણ જનારને તલવારથી ઈજા થયેલ કે કેમ? તે બાબત શંકા ઉપસ્થિત થાય તેમ છે અને તે અંગે ડોકટરશ્રીએ કોઈ સ્પષ્ટ ખુલાસો તેઓની જુબાનીમાં કરેલ નથી. પરંતુ આ કામે ડોકટરશ્રીનો પુરાવો વંચાણે લેતાં સરતપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે, મને મુદ્દામાલ છરી તથા તલવાર બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, કોલમ નં.૧૭ માં જે ઈજાઓ દર્શાવેલ છે તે આ પ્રકારના હથિયારથી સંભવી શકે. વધુમાં ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ કોલમ નં.૧૭ માં જે ઈજાઓ દર્શાવેલ છે તે તમામ ઈજાઓ છરીથી પણ થઈ શકે અને તલવારથી પણ થઈ શકે તેવી ઈજાઓ છે. તેમજ સ્ટેબવુન્ડની ઈજાઓ તલવાર વડે થઈ શકે નહિ. તે હકીકતનો ઈન્કાર કરેલ છે. આમ, જયારે ડોકટરશ્રીએ છરી તથા તલવાર બન્ને હથિયાર વડે આ ઈજાઓ થઈ શકે તેવુ સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે ત્યારે માત્ર એક

જ હથિયારથી આ ઈજાઓ થયેલાની બચાવપક્ષની દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

(૩૦.૪) બચાવપક્ષ તરફે એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે, જે કારણોસર બનાવ બનેલાનું ફરીયાદપક્ષ જણાવેલ છે. તે મુજબ અગાઉ શનીભા ને તકરાર થયેલ અને તે કારણે બનાવ બનેલાનું ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવેલ છે પરંતુ આંક-૧૦૧ થી તપાસવામાં આવેલ શનીભા નો પુરાવો જોતા બનાવ એટલે કે તા.૧૭/૦૯/૨૦૧૯ ના અઠવાડીયા પહેલાની હકીકત અન્વયે તે જ દિવસે શનીભા જોડે સમાધાન થયાનું જણાવે છે ત્યારે જે બનાવનુ કારણ લઈને ફરીયાદપક્ષ આવેલ છે. તે બનાવનુ કારણ જ જયારે રહેતુ નથી ત્યારે તેમજ કાકરી ગેઈટ પાસે જે માથાકુટ થઈ અને રકાબી માર્યાની હકીકત તથા સારવાર લીધાની હકીકત ફરીયાદી જણાવે છે પરંતુ આ બાબતની જે તે સમયે કોઈ ફરીયાદ આપવામાં આવેલ નથી તથા ટાટા હોસ્પીટલમાં સારવાર કરાવતી વખતે પણ ડોકટરશ્રીને બનાવની કોઈ જાણ કરવામાં આવતી ન હોય, ત્યારે આરોપીઓ ધ્વારા ફરીયાદી તેમજ સાહેદને રસ્તામાં રોકી માર મારી ઈજા કર્યાની તથા મરણ જનાર રાજેશભા ને માર મારી મૃત્યુ નિપજાવેલ હોવાની હકીકત પ્રોસીકયુશન ધ્વારા ઉભી કરવામાં આવેલ છે. પરંતુ આ કામે ફરીયાદી ગગાભા તથા સાહેદ સુરેન્દ્ર લુણાભા માણેક નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. વધુમાં આ બનાવમાં આરોપીઓને ખોટી રીતે સંડોવવાનુ શુ કારણ હોય શકે અને બનાવ ઉભો કરવાનું શુ કારણ હોય શકે તે બાબત બચાવપક્ષ બતાવી શકેલ નથી. સાહેદ શનીભાએ પણ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, રાજેશભા નુ ખુન થઈ ગયેલ છે તે હકીકત તેને વાતો વાતો થી જાણવા મળેલ અને રાજેશભા નુ ખુન કરેલુ પણ કોણે કરેલુ તે ખબર નથી પરંતુ ભરત પોલા તથા બીજા ઈસમોએ માથાકુટ કરેલી તેવી વાત સાંભળેલી.

આમ, ભરત પોલા તથા બીજા ઈસમો સાથે માથાકુટ થયેલ હોવાની અને તે માથાકુટમાં રાજેશભા નુ ખુન થયેલ હોવાનુ સદર સાહેદે વાતોવાત થી જાણેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે. વધુમાં બેક વર્ષ પહેલા મીઠાપુરના કાકરી ગેઈટ પાસે ભરત પોલા સાથે બોલાચાલી થયેલ હોવાનું અને તે બોલાચાલી બાદ તેણી સાથે સમાધાન થઈ ગયેલાની હકીકત પણ રેકર્ડ પર આવે છે. ત્યારે ફરીયાદી અને સાહેદે ભેગા મળીને હાલનો બનાવ ઉભો કરેલાનું માની શકાય નહિ. એ હકીકત સ્પષ્ટ છે કે, ફરીયાદી અને સાહેદ સુરેન્દ્ર લુણાભા રસ ધરાવનાર સાહેદ છે. અન્ય કોઈ ત્રાહીત નજરે જોનાર સાહેદો નથી. બનાવ રાત્રીના સમયે બનેલ છે તે સંજોગોમાં સદર બન્ને સાહેદનો પુરાવો મહત્વનો બને છે. સદર બન્ને સાહેદોનો પુરાવો જોતા વિશ્વસનીય પુરાવો છે. સદર બન્ને સાહેદો તરફે આરોપીઓને ખોટી રીતે સંડોવવા માટે પ્રયત્ન કરેલ હોય અને બનાવ ઉભો કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડપરથી ફલીત થતી નથી. ત્યારે બચાવપક્ષ તરફે બનાવ બાબતે જે શંકા ઉપસ્થિત કરેલ છે. તે શંકાને કોઈ સમર્થન મળતુ નથી.

(૩૦.૫) બચાવપક્ષ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે. મરણ જનાર રાજેશભા મુળુભા નુ બ્લડ ગૃપ રેકર્ડ પર આવેલ નથી. પરંતુ મરણ જનાર રાજેશભા ના પી.એમ. દરમ્યાન ડોકટરશ્રીએ લીધેલ કપડા જેમાં એસ/૧ ટ્રેક પેન્ટ તથા એસ/૨ ટીશર્ટ પર રૂધીરનુ જુથ –ઓ આવે છે.તે જ રીતે ફરીયાદી ના કબજે લીધેલ કપડા શર્ટ કયુ/૧ તથા પેન્ટ કયુ/૨ પર રૂધીરનુ જુન–ઓ આવે છે. જયારે ફરીયાદીનુ બ્લડ ગૃપ–બી છે. તે જોતા ફરીયાદીના કપડા પર ફરીયાદીનુ લોહી નથી. તેવુ માનવાને સ્પષ્ટ કારણ રહે ત્યારે , આ સંબંધે ફરીયાદપક્ષ તરફે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. આ કામે ફરીયાદીનો પુરાવો વંચાણેં લેવામાં આવે તો ફરીયાદીને જે ઈજાઓ થયેલ છે. તે લાકડાના ધોકા વડે મારમારવામાં આવે તેનાથી તેમજ કપાળના ભાગે બનાવ અગાઉ ફરીયાદીને મારેલ રકાબીથી ઈજા થયેલ છે. જેમાં રકાબીની થયેલ

ઈજાની સારવાર લેવામાં આવેલ છે. ફરીયાદીને છરી કે તલવારથી કોઈ ઈજાઓ થયેલ નથી. તેમજ ડોકટરશ્રીનો પુરાવો જોતા માત્ર કપાળના ભાગે અને છોલાયેલ ઘા હોવાનું જણાવવામાં આવેલ છે. તે સિવાય બીજી કોઈ ઈજા હોવાનું જણાવેલ નથી. ત્યારે ફરીયાદીના પોતાનું રૂધીર પોતાના કપડા પર હોવાનો પ્રશ્ન રહેતો નથી. વધુમાં ફરીયાદીનો પુરાવો જોતા ફરીયાદીએ સ્પષ્ટ જણાવેલ છે કે, ''રાજેશભા ત્યા પડેલ હોય જેથી હુ તથા સુરેન્દ્ર તેને મોટરસાયકલમાં વચ્ચે બેસાડી મીઠાપુર ટાટા હોસ્પીટલ લઈ ગયેલ અને ત્યા ડોકટર સાહેબે રાજેશભાને તપાસી મરણ ગયેલાનું જાહેર કરેલ'' આમ, બનાવ બાદ મરણ જનાર રાજેશભા ને મોટર સાયકલ પર વચ્ચે બેસાડીને લઈ જવામાં આવે છે ત્યારે ફરીયાદીના કપડા પર મરણ જનાર રાજેશભા નુ લોહી હોવાનું માનવાને સ્પષ્ટ કારણ રહે છે. ત્યારે તે બાબત ફરીયાદપક્ષ તરફે કોઈ ખુલાસો કરવામાં આવેલ ન હોય માત્ર તેટલા કારણોસર ફરીયાદપક્ષના કેસ અંગે શંકા ઉપસ્થિત થઈ શકે નહિ. વધુમાં જયારે બચાવપક્ષ તરફે મરણ જનાર રાજેશભા નું રૂધીર જુથ –ઓ હોવાનું સ્વીકારેલ છે ત્યારે આ કામે કબજે લીધેલ છરી ઉપર પણ રૂધીરનુ જુથ–ઓ આવેલ છે. અગાઉ ચર્ચા કર્યા મુજબ તલવાર પર રૂધીરની હાજરી મળી આવેલ છે પરંતુ અપુરતુ રૂધીર હોય, રૂધીરનુ જુથ કયુ છે તે રેકર્ડ પર આવેલ નથી. આમ, રજુ થયેલ બાયોલોજી તથા સીરોલોજીનો પરીક્ષણ અહેવાલ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો મળી આવેલ છે.

(૩૦.૬) આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામના આરોપી ભરત ઉર્ફે કાલો કારુભા જડીયા નાઓએ તલવાર વડે તથા આરોપી રવુભા અરજણભા નાઓએ છરી વડે મરણ જનાર રાજેશભા ના શરીરે જીવલેણ ઈજાઓ કરી મોત નીપજાવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે.

(૩૦.૭) ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના તમામ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી મરણ જનાર રાજેશભા તથા ફરીયાદી અને સાહેદ સુરેન્દ્રભા પર હુમલો કરેલ છે. આઈ.પી.સી. કલમ-૧૪૧ માં ગેરકાયદેસર મંડળીની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે મુજબ ''પાંચ અથવા વધુ વ્યકિતની મંડળીને કાયદા વિરૂધ્ધની મંડળી કહેવામાં આવે જો તે વ્યકિતઓની જે હેતુથી મંડળી એકત્ર થઈ હોય તેમનો ઉદ્દેશ સમાન કોઈ ગુનો કરવાનો હોય તો કાયદા વિરૂધ્ધની મંડળી કહેવામાં આવે છે. '' આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો જોતા પ્રથમ બનાવ કાકરી ગેઈટ પાસે બનેલ છે, તે સમયે આરોપી ભરત પોલા તથા આરોપી ભરત ઉર્ફે કાલો કારુભા સાથે બનાવ બનેલ છે અને ત્યારબાદ હાલનો બનાવ બનવા પામેલ છે જેમાં કુલ-૫ આરોપીઓ દર્શાવેલ છે. પરંતુ ફરીયાદ મુજબ આરોપી સુનીલ કારુભા તથા લખન ગગજીભા પાસે કોઈ હથિયાર હોવાનું જણાવેલ નથી. ફરીયાદીએ પણ તેઓની જુબાનીમાં સદર બન્ને આરોપીઓ પાસે કોઈ હથિયાર ન હોવાનુ જણાવે છે. તેમ છતા સુનીલ અને લખને તેને પાડી દઈ ધોકાથી મારતા હતા તેમજ ભરત પોલા એ ફરીયાદીને તથા સુરેન્દ્રને ધોકાથી માર મારેલ તેમ જણાવેલ છે. ફરીયાદ મુજબ ભરત પોલા ના હાથમાં લાકડાનો ધોકો હોવાનું દર્શાવેલ છે. આમ જયારે ભરત પોલાના હાથમા ધોકો હોય ત્યારે આ બન્ને આરોપીઓ કયાંથી ધોકો લાવીને મારેલ તે બાબતની કોઈ હકીકત સ્પષ્ટ થતી નથી. વધુમાં સાહેદ સુરેન્દ્ર લુણાભા નો પુરાવો જોતા આરોપી સુનીલ અને લખન ગગાભા ને આડેધડ મારતા હતા અને ભરત પોલા એ લાકડાના ધોકા વડે સદર સાહેદ સુરેન્દ્ર તથા ગગાભા ને આડેધડ માર મારતા હતા તેમ જણાવેલ છે. આમ, ફરીયાદી જે હકીકત આરોપી સુનીલ અને લખન ના માર મારવા બાબતનાં જણાવેલ છે, તેનાથી વિરોધાભાષી હકીકત સાહેદ સુરેન્દ્ર લુણાભા જણાવે છે. વધુમાં આ કામે જી.જી.હોસ્પીટલનાં મેડીકલ ઓફીસરશ્રી ડો.સમા ને આંક-૬૧ થી તપાસવામાં આવેલ છે. સદર ડોકટરશ્રીનો પુરાવો જોતા ફરીયાદીને કપાળના ભાગે છોલાયેલા ઘા ની ઈજા દર્શાવેલ છે. તે

સિવાય બીજી કોઈ ઈજા દર્શાવેલ નથી જયારે સાહેદ સુરેન્દ્ર લુણાભા ને ડાબા ખંભાની નીચે સ્કેપ્યુલર રીજનમાં ૪–સેમી. નો ઘા હોવાનું જણાવેલ છે તે સિવાય કોઈ ઈજા હોવાનું દર્શાવેલ છે. તે જોતા આરોપી સુનીલ અને લખનભા એ ફરીયાદી અને સાહેદને ધોકા વડે કે ઢીકાપાટુનો માર મારેલ હોય તેવી હકીકત ફલીત થતી નથી. વધુમાં સદર બન્ને આરોપીઓએ તે સિવાય સદરહુ ગુનામાં શુ રોલ ભજવેલ છે તેવી હકીકત પણ રેકર્ડ પર આવેલ નથી તેમજ અગાઉ થયેલ તકરારોમાં પણ સદર બન્ને આરોપીની હાજરી મળી આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો જોતા તમામ આરોપીઓએ ભેગા મળી ગેરકાયદેસર મંડળી રચેલ હોય અને બનાવ સંબંધે અગાઉ કયાય મળેલ હોય કે મીટીંગ કરેલ હોય કે સાથે મળીને હુમલો કરવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ ન હોય આઈ.પી.સી. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો ગુનો બનતો હોવાનું માની શકાય નહિ. જેથી સદરહુ ગુનામાં ગેરકાયદેસર મંડળી રચેલ હોવાનુ પુરવાર થતુ ન હોય દરેક આરોપીએ પોતે કરેલ કૃત્ય માટે અલગ–અલગ રીતે જવાબદાર ગણી શકાય.

(૩૦.૮) ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ–૩૦૭ મુજબનુ ત્હોમત ફરમાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપી રવુભા અરજણભા માણેકનાઓએ સાહેદ નં.૧૬ સુરેન્દ્રભા લુણાભા ને વાસાના ભાગે છરી વતી જીવલેણ ઈજા કરી મોત નીપજાવવાની કોશીષ કરી ગુનો કર્યાનો આક્ષેપ છે. આંક–૬૧ થી તપાસવામાં આવેલ ડો.મહમદ સીદીક ઈબ્રાહીમ સમા નો પુરાવો જોતા સાહેદ સુરેન્દ્રભા લુણાભા ને ડાબા ખભાની નીચે સ્કેપ્યુલર રીજનમાં ૪–સેમી. ઘા હતો અને ત્યાં ૪–ટાંકા લીધેલ હતા પ્રાથમિક તપાસમાં હાડકાની ભાંગતુટ જોવા મળેલ નહિ. જે દર્દીને સારવાર આપી દાખલ કર્યા વિના રજા આપી દીધેલ આ કામના દર્દી સુરેન્દ્રભા ને જે ઈજા પહોંચેલ તે સામાન્ય પ્રકારની કહી

શકાય નહિ કારણ કે તેમને ટ્રીટમેન્ટ મળે નહિ તો તેમને પહોંચેલ ઈજા ગંભીર થઈ શકે. ઉલટતપાસમાં ડોકટરશ્રીના જણાવ્યા મુજબ આ દર્દીએ સારવાર લીધેલ હોય તે રીતે જોતા સામાન્ય ગણી શકાય. આમ, ડોકટરશ્રીના પુરાવા મુજબ તેમજ સદર સાહેદની કરેલ સારવાર મુજબ સામાન્ય ઈજા થયેલાનું ફલીત થાય છે. પરંતુ જે ઈજા પહોંચેલ છે તે તીક્ષ્ણ હથિયાર થી એટલે કે છરી વડે ઈજા થયેલ છે. જેથી ઈ.પી.કો. કલમ-૩૦૭ મુજબ નહિ પરંતુ ઈ.પી.કો. કલમ-૩૨૪ મુજબનો ગુનો બની શકે તેવુ અત્રેની અદાલતનું માનવુ છે.

(૩૦.૯) ફરીયાદપક્ષ તરફે આઈ.પી.સી. કલમ-૫૦૪ તથા બોમ્બે પોલીસ એકટની કલમ-૧૩૫(૧) મુજબનુ ત્હોમત ફરમાવવામાં આવેલ છે. પરંતુ ફરીયાદી તથા સાહેદ સુરેન્દ્ર લુણાભા નો પુરાવો જોતા બનાવ સમયે આરોપીઓ ભુંડી ગાળો બોલેલા હોય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી વધુમાં ફરીયાદપક્ષ તરફે આંક-૧૦૪ થી જાહેરનામા અનુસંધાને સાહેદ પાયલ બાબુભાઈ કટારા ને તપાસેલ છે અને સદર સાહેદની જુબાનીમાં આંક-૧૦૫ થી જાહેરનામુ રજુ થયેલ છે. પરંતુ આ જાહેરનામું દરેક કચેરીઓમાં તથા વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ હોય તે બાબતનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી અને તેઓને આ પ્રસિધ્ધી બાબતે કોઈ જાત માહિતી નથી. પરંતુ રેકર્ડના આધારે જુબાની આપે છે તે જોતા બનાવ સમયે જાહેરનામું અમલમાં હોય તેવી હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષ તરફે આઈ.પી.સી. કલમ-૫૦૪ તથા બોમ્બે પોલીસ એકટની કલમ-૧૩૫(૧) મુજબનુ ત્હોમત આરોપી વિરૂધ્ધ પુરવાર કરી શકેલ નથી.

(૩૦.૧૦)આ કામે ફરીયાદપક્ષ તરફે આઈ.પી.સી. કલમ-૩૨૩ મુજબનુ ત્હોમત ફરમાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપી ભરતભા પોલાભાના ઓએ કાકરી ગેઈટ આગળ બનેલ બનાવમાં ચા ની રકાબી વડે

ફરીયાદીને માર મારેલાનું અને ત્યારબાદ બનાવ સમયે ફરીયાદી તથા સાહેદ સુરેન્દ્ર લુણાભા ને લાકડાના ધોકા વડે માર મારેલાનો આક્ષેપ છે. ફરીયાદી તથા સાહેદ સુરેન્દ્ર લુણાભાનો પુરાવો જોતા આરોપી ભરતભા પોલાભા એ ફરીયાદી તેમજ સાહેદ ને લાકડાના ધોકા વડે માર મારેલ હોવાની હકીકત તેમજ કાકરી ગેઈટ આગળ બનેલ બનાવમાં ફરીયાદીને રકાબીથી કપાળના ભાગે ઈજા કરેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં આંક–૬૧ થી તપાસવામાં આવેલ ડો.સમા સાહેબનો પુરાવો જોતા ફરીયાદીને ડાબી સાઈડના કપાળના ભાગે ૧ × ૦.૫ સેમી. છોલાયેલો ઘા હોવાનું જણાવેલ છે. આમ, ડો.શ્રીની જુબાની આધારે પણ ફરીયાદીને ઈજા થયેલ હોવાની હકીકત ફલીત થાય છે ત્યારે આ કામના આરોપી ભરતભા પોલાભા વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ–૩૨૩ મુજબનુ ત્હોમત પુરવાર થાય છે.

**(૩૦.૧૧)** આ કામે તમામ આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ–૩૦૨ મુજબનુ ત્હોમત મુકવામાં આવેલ છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા, આ કામના આરોપી ભરત ઉર્ફે કાલો કારુભા જડીયા નાઓએ તલવાર વડે તથા આરોપી રવુભા અરજણભા નાઓએ છરી વડે મરણ જનાર રાજેશભા ના શરીરે જીવલેણ ઈજાઓ કરી મોત નીપજાવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે. તેમજ આ કામના આરોપી રવુભા અરજણભાનાઓએ છરી વડે સાહેદ સુરેન્દ્રભા લુણાભા ને ડાબા ખંભાના વાસાના ભાગે છરી વડે ઈજા કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબ તમામ આરોપીઓએ ગુન્હાહીત કૃત્ય કરવાના હેતુથી ગેરકાયદેસર મંડળી રચી હુમલો કરેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી ત્યારે દરેક આરોપીઓએ પોતે જે કૃત્ય કરેલ હોય તે દરેક કૃત્ય માટે પોતે અંગત રીતે જવાબદાર હોવાનું માની શકાય. જેથી આ કામના આરોપી નં.૧ ભરત ઉર્ફે કાલો કારુભા

જડીયા વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ–૩૦૨ મુજબ તથા આરોપી નં.૨ રવુભા અરજણભા માણેક વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ–૩૦૨ તથા આઈ.પી.સી. કલમ–૩૨૪ મુજબનુ ત્હોમત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે. જયારે આ કામના આરોપી નં.૩ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ–૩૨૩ મુજબનુ ત્હોમત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે. જયારે આ કામના આરોપી નં.૪, ૫ નાઓએ બનાવ સમયે કોઈ ભાગ ભજવેલ હોય કે કોઈને ઈજા કરેલ હોય તેવી હકીકત રજુ થયેલ પુરાવા પરથી ફલીત થતી નથી. આમ, આ કામના આરોપી નં.૪, ૫ ની સંડોવણી હોવાનું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેથી તેઓને શંકાનો લાભ આપવો ઉચીત જણાય છે. જેથી મુદ્દા નં.૨ નો નિર્ણય અંશત: હકાર માં આપી તથા મુદ્દા નં.૩ નો નિર્ણય નકારમાં આપી તથા મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

## –:: હુકમ :: –

(૧) આરોપી નં. **(૧) ભરત ઉર્ફે કાલો કારૂભા જડીયા,** ઉ.વ.૨૧, ધંધો:મજુરી, રે.આંખની હોસ્પીટલ પાછળ, ગાયત્રી નગર, આરંભડા સીમ નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ –૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ અન્વયે જી. પી. એકટ કલમ–૧૩૫(૧) તથા **(૨) રવુભા અરજણભા માણેક,** ઉ.વ.૨૧, ધંધો:લોડીંગનો, રે.ગણેશપરા હનુમાન ચોક પાસે, આરંભડા સીમ નાઓનેક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ –૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ અન્વયે જી. પી. એકટ કલમ–૧૩૫(૧) તથા **(૩) ભરતભા પોલાભા સુમણીયા,** ઉ.વ.૨૪, ધંધો:મજુરી, રે.આંખની હોસ્પીટલ પાછળ, ગાયત્રી નગર, આરંભડા સીમ

નાઓનેક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૨, ૩૨૪, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ અન્વયે જી. પી. એકટ કલમ–૧૩૫(૧) તથા **(૪) સુનીલ કારૂભા જડીયા,** ઉ.વ.૨૦, ધંધો:મજુરી, રે.ગાયત્રી નગર, આરંભડા સીમ **(૫) લખન ગગજીભા જામ,** ઉ.વ.૨૪, ધંધો:મજુરી, રે.રામદેવપીરના મંદીરની પાસે, ગણેશપરા, તા.ધ્વારકા, જિ.દેવભૂમિ ધ્વારકા નાઓનેક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૨, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ અન્વયે જી. પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં. **(૧) ભરત ઉર્ફે કાલો કારૂભા જડીયા,** ઉ.વ.૨૧, ધંધો:મજુરી, રે.આંખની હોસ્પીટલ પાછળ, ગાયત્રી નગર, આરંભડા સીમ વાળાને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ –૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ તથા આરોપી નં. **(૨) રવુભા અરજણભા માણેક,** ઉ.વ.૨૧, ધંધો:લોડીંગનો, રે.ગણેશપરા હનુમાન ચોક પાસે, આરંભડા સીમ વાળાને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ –૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૨૪ તથા આરોપી નં. **(૩) ભરતભા પોલાભા સુમણીયા,** ઉ.વ.૨૪, ધંધો:મજુરી, રે.આંખની હોસ્પીટલ પાછળ, ગાયત્રી નગર, આરંભડા સીમ વાળાને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ –૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવવામા આવે છે.

(૩) આરોપી નં. **(૧) ભરત ઉર્ફે કાલો કારૂભા , (૨) રવુભા અરજણભા માણેક,**

**(૩) ભરતભા પોલાભા સુમણીયા** નાઓને સજા બાબતે સાંભળવા માટે સદર કેસની ન્યાયિક કાર્યવાહી મુલતવી રાખવામાં આવે છે.

તા.૨૭/૦૨/૨૦૨૩
દ્વારકા.

**(પ્રશાંતકુમાર હસમુખલાલ શેઠ)**
એડીશ્નલ સેશન્સ જજ,
દ્વારકા
**(કોડ નં.જીજે ૦૫૨૪)**

(૭૨) આરોપીને સજા અંગે પુછતાં આરોપી તરફે વિ. વ. શ્રી સી.આર.પરમાર રજુઆત કરતા જણાવે છે કે, તમામ આરોપી યુવાન વયના છે, તેઓનો કોઈ ગુન્હાહીત ઈતીહાનસ નથી, કુટુંબ કબીલા વાળા ઈસમો છે અને આરોપી મજુરી કામ કરી તેઓના કુટુંબનું ભરણ ભોષણ કરે છે. જેથી આરોપી ઉપર દયા રાખી ઓછામાં ઓછી સજા કરવા તેમજ જેટલો સમય જેલ કસ્ટડીમાં રહેલ છે તે મજરે આપવા રજુઆત કરવામાં આવેલ છે. તેમજ આરોપી ભરતભા પોલાભા સુમણીયા ને પ્રોબેશનનો લાભ આપવા રજુઆત કરવામાં આવેલ છે.

(૭૩) શ્રી સરકાર તરફે વિ. સરકારી વકિલ શ્રી એ.એચ.વ્યાસ રજુઆત કરતા જણાવે છે કે, આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે અને મરણ જનારને તીક્ષ્ણ હથિયાર વડે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવેલ છે. જેથી આવા પ્રકારના ગુનામાં ઓછી સજા કરવામાં આવે તો તેની સમાજ ઉપર વિપરીત અસર પડે તેમ છે. જેથી મહતમ માં મહતમ સજા કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૭૪) બન્ને પક્ષકારોની રજુઆતો ઘ્યાને લીધી, આરોપીઓની કૌટુંબીક પરિસ્થિતી ઘ્યાને લીધી તેમજ આરોપી નં.૧, ૨ ઉપર જે ગુનાનો આક્ષેપ છે તે જોતા ઈ.પી.કો.કલમ–૩૦૨ મુજબના ગુનાનો ગંભીર આક્ષેપ છે. વધુમાં બચાવપક્ષ તરફે આરોપી નં.૩ ભરતભા પોલાભા સુમણીયા કે જેઓને આઈ.પી.સી. કલમ–૩૨૩ ના ગુનામા તકસીરવાન ઠરાવેલ છે તેઓને પ્રોબેશનનો લાભ આપવા રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ સમગ્ર બનાવની હકીકત જોતા મુળ બનાવની શરુઆત આરોપી ભરતભા પોલાભા સુમણીયા તથા ભરત ઉર્ફે કાલો કારુભા તરફે જે ઝઘડો કરેલ તેના અનુસંઘાને હાલનો બનાવ બનેલ છે. આમ આરોપી ભરતભા પોલાભા સુમણીયા પ્રથમથી જ આ ગુનામાં સંડોવાયેલ છે. વધુમાં હાલનો જે બનાવ બનેલ છે તે સમયે પણ તેઓ ત્યાં હાજર રહેલ છે. આમ ગંભીર ગુનાની સાથે ભરતભા પોલાભા એ આઈ.પી.સી. કલમ–૩૨૩ મુજબનો

ગુનો કરેલ છે ત્યારે તેને પ્રોબેશનનો લાભ આપી શકાય નહિ. પરંતુ કેસના સંજોગો ઘ્યાને લેતા તેમજ આરોપીઓની કૌટુંબીક પરિસ્થિતી ઘ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આરોપી નં.૧ **ભરત ઉર્ફે કાલો કારૂભા જડીયા,**ઉ.વ.૨૧, ધંધો:મજુરી,રે.આંખની હોસ્પીટલ પાછળ, ગાયત્રી નગર, આરંભડા સીમ વાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે આજીવન કેદની સજા અને રૂા. ૨૦,૦૦૦ /– (અંકે રૂપીયા વીસ હજાર પુરા ) ના દંડની સજા કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૬ (છ) માસની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં.૨ **રવુભા અરજણભા માણેક,**ઉ.વ.૨૧, ધંધો:લોડીંગનો, રે.ગણેશપરા હનુમાન ચોક પાસે, આરંભડા સીમ વાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે આજીવન કેદની સજા અને રૂા.૨૦,૦૦૦ /– (અંકે રૂપીયા વીસ હજાર પુરા ) ના દંડની સજા કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૬ (છ) માસની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી નં.૨ **રવુભા અરજણભા માણેક,**ઉ.વ.૨૧, ધંધો:લોડીંગનો, રે.ગણેશપરા હનુમાન ચોક પાસે, આરંભડા સીમ વાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે ૨ (બે) વર્ષની સખત કેદની સજા અને રૂા.

૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા ) ના દંડની સજા કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી નં.૩ **ભરતભા પોલાભા સુમણીયા,** ઉ.વ.૨૪, ધંધોઃમજુરી, રે.આંખની હોસ્પીટલ પાછળ, ગાયત્રી નગર, આરંભડા સીમ વાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે ૬ (છ) માસની સાદી કેદની સજા અને રૂા. ૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા ) ના દંડની સજા કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૫) **આરોપી નં.૪– સુનીલ કારૂભા જડીયા,** ઉ.વ.૨૦, ધંધોઃમજુરી, રે.ગાયત્રી નગર, આરંભડા સીમ, આરોપી નં.**૫– લખન ગગજીભા જામ,** ઉ.વ.૨૪, ધંધોઃમજુરી, રે.રામદેવપીરના મંદીરની પાસે, ગણેશપરા, તા.ધ્વારકા, જિ.દેવભૂમિ ધ્વારકા નાઓને વાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયેભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ અન્વયે જી. પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપી નં.૧ **ભરત ઉર્ફે કાલો કારૂભા જડીયા,** આરોપી નં.૨ **રવુભા અરજણભા માણેક,** આરોપી નં.૩ **ભરતભા પોલાભા સુમણીયા** એ કાચા કામના કેદી તરીકે ભોગવેલ કેદના દિવસો તેઓને ફરમાવવામાં આવેલી સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩ મુજબ આ ચુકાદાની નકલ સજા પામેલ આરોપીને વિના મુલ્યે તાત્કાલીક પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૫ મુજબ આ ચુકાદાની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દેવભુમિ ધ્વારકાને મોકલી આપવી.

(૯) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૨ મુજબ આ કામમાં મુદ્દામાલ પાવતી નં. ૦૧/૨૦૧૯ ના કામે કબજે કરેલ કન્ટ્રોલ સેમ્પલ, લાકડાનો ધોકો, લાકડાનો તુટેલ ટુકડો, મ્યાન વગરની સ્ટીલની તલવાર વિગેરે, મુદ્દામાલ પાવતી નં.૦૨/૨૦૧૯ ના કામે કબજે કરેલ કપડા વિગેરે, મુદ્દામાલ પાવતી નં.૦૩/૨૦૧૯ ના કામે કબજે કરેલ સ્ટેનલેશ સ્ટીલની લાકડાનો હાથો તથા બે રીવેટ વાળી છરી, મુદ્દામાલ પાવતી નં.૦૪/૨૦૧૯ ના કામે કબજે કરેલ સેમ્પલો, મુદ્દામાલ પાવતી નં.૦૫/૨૦૧૯ ના કામે કબજે કરેલ સેમ્પલો તથા કપડા, મુદ્દામાલ પાવતી નં.૦૬/૨૦૧૯ ના કામે કબજે કરેલ કપડા તથા સેમ્પલ વિગેરેનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજ તારીખ ૨૭–મી માહે ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૦૨/૨૦૨૩
ધ્વારકા.

**(પ્રશાંતકુમાર હસમુખલાલ શેઠ)**
એડીશનલ સેશન્સ જજ,
ધ્વારકા
**(કોડ નં.જીજે ૦૫૨૪)**